
|| હરિઃૐ ||



# પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી

-પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# પ્રેરક વિભૂતિ

# મહાત્મા ગાંધી

પૂજ્ય શ્રીમોટા

: સંપાદક :

ડૉ. રમેશભાઈ ભટ્ટ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૪ | ૨૦૦૦ |
| બીજી | ૨૦10 | 3000 |

❑ પૃષ્ઠ : ૧૪+૧૧૮=૧૩૨

❑ પડતર કિંમત : **રૂ. ૧૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૧૦**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે આદર અને ભક્તિભાવ ધરાવનાર
અને
પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના અભ્યાસી
તેમ જ
પૂજ્ય શ્રીમોટાએ ચીંધેલ કાર્યોમાં રત રહેવાની
મનોવૃત્તિ ધરાવનાર
અને
હરિઃૐ આશ્રમ, સુરતનાં કાર્યોમાં અમારા એક સાથીદાર
તરીકે સેવા આપનાર એવા ભૂતપૂર્વ ટ્રસ્ટી
**શ્રી જયંતીભાઈ મોતીરામ તમાકુવાળા**
તેમ જ
**શ્રીમતી ચંદ્રિકાબહેન જયંતીભાઈ તમાકુવાળા**
અને
એમના પરિવારને
**'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી'**ની આ બીજી આવૃત્તિનું
પ્રકાશન સપ્રેમ સમર્પિત કરતાં અમો આનંદની
લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૧૦ **ટ્રસ્ટીમંડળ,**
મકરસંક્રાંતિ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# મહાત્મા ગાંધી અને મુક્તાત્મા મોટા

## (સંપાદકીય)

શ્રીમોટાનો પૂજ્ય ગાંધીજી સાથે પરિચય અને સમાગમ, સમજવા જેવો છે. શ્રીમોટામાં બાળપણથી એક વિશિષ્ટ ગુણ હતો. કોઈ પણ પરિસ્થિતિમાંથી એમણે હંમેશાં પોતાના જીવનને ઊંચે તારવવાનો જ સંકલ્પ કર્યો છે. કિશોરાવસ્થામાં પિતાને પોલીસનો માર પડતો જોઈને 'આપણે એવા બનવું કે જેથી લોકો આપણને સલામ ભરે.' અને એ માટે ભણવાનો સંકલ્પ જાગ્યો. ભણી ન શકાય એવી કારમી ગરીબી હોવા છતાં એમણે એના ઉપાયો શોધીને અભ્યાસ કર્યો. કર્મમાં નિષ્ઠા અને પ્રામાણિકતા છેક બાળપણથી હતાં. લક્ષ્યને પામવા માટે ખંત-ઉદ્યમ કરતાં તેઓશ્રી પાછા પડ્યા નથી.

જ્યારે શ્રીમોટા કૉલેજમાં દાખલ થયા તે ગાળામાં (૧૯૨૦) ગાંધીજીએ દેશની આઝાદી માટે રાષ્ટ્રીય ચળવળ આરંભી અને યુવાનોને કૉલેજનો અભ્યાસ છોડીને દેશના મુક્તિ સંગ્રામમાં જોડાઈ જવા હાકલ કરી. એકબાજુથી પોતાની અભ્યાસની કારકિર્દી અને બીજી બાજુમાં મા ભારતીની મુક્તિ માટેની ગાંધીજીની હાકલ. શ્રીમોટાએ દેશની આઝાદી માટે કારકિર્દીની આહુતિ આપી. સાથે આંતરિક સંઘર્ષ અને મથામણ અનુભવ્યાં. મહાત્મા ગાંધીના એ અવાજમાં સચ્ચાઈનો રણકો હતો. એમની વાણીએ શ્રીમોટાને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં વાળ્યા અને હરિજન સેવક સંઘમાં જોડાયા. મહાત્મા ગાંધીની આ પ્રેરક શક્તિનો શ્રીમોટાએ અનુભવેલો સૌ પ્રથમ સ્પર્શ. યૌવનનું જોમ, જુસ્સો, આદર્શને હાંસલ કરવાની તમન્ના અને દેશની આઝાદી માટે મરી ફીટવાની તત્પરતા જેવા ખીલેલા ગુણો હરિજનસેવા માટે સક્રિય બન્યા.

પરંતુ દોઢ વર્ષમાં જ શ્રીમોટાનું જીવનવહેણ બદલાયું. ફેફરુંનો રોગ મટાડવા માટે ભગવાનનું નામ 'હરિઃૐ'નો જપ કરવાનું નર્મદા કિનારે આવેલા રણછોડજીના મંદિરના મહંતે સૂચવેલું, પણ એ સાધુના કથનમાં એમને શ્રદ્ધા ન હતી. એથી, ભગવાનના નામથી રોગ પણ મટે ? શ્રીમોટાએ એવો પ્રશ્ન મહાત્મા ગાંધીજીને પુછાવ્યો. ગાંધીજીએ એનો જે જવાબ આપ્યો એની અસર શ્રીમોટા પર પડી, કેમ કે ગાંધીજી નિયમિત રામનામ જપતા હતા અને પ્રાર્થના કરતા હતા. ગાંધીજીની આ ક્રિયા તથા એની પાછળની ભાવનાનું બળ શ્રીમોટાને સ્પર્શી ગયું. અને એમણે આયોજન પ્રમાણે 'હરિઃૐ' જપ કરવાથી એમને ફેફરું આવતું હતું એ મટી ગયું. રોગ તો મટ્યો પણ પ્રભુના નામસ્મરણથી એમનામાં ગુણશક્તિ જાગ્રત થયેલી અનુભવી. આથી, એમણે રોગ મટવા છતાંય ભગવાનનું નામ લેવાનું ચાલુ જ રાખ્યું.

ભગવાનનું નામ લેવા માટે સમર્થન આપનાર મહાત્મા ગાંધીજીનું પ્રેરકકાર્ય અત્યંત મહત્ત્વનું હતું. મહાત્મા ગાંધીજીના સમગ્ર જીવનકાર્યની ભૂમિકામાં સત્યનાં દર્શનનો ધ્યેય, ભાવનાનો વ્યવહારની ચોકસાઈથી ઉપયોગનો આગ્રહ, અને આવા કાર્યની ભૂમિકામાં નિયમિત ઈશ્વરસ્મરણ અને પ્રાર્થના હતી. ગાંધીજીની હયાતી દરમિયાન તથા એમના અવસાન પછી વિશેષ રીતે ગાંધીજીની આ ભૂમિકા તદ્દન વીસરાઈ અને એમણે પ્રેરેલાં અન્ય સાધનોનો વિકૃત રીતે ઉપયોગ કરીને આખી પ્રજા દુઃખના ગર્તમાં પડી. શ્રીમોટાએ ગાંધીજીનાં કાર્યોમાં પ્રગટતી પ્રભુશક્તિનો અપાર મહિમા કર્યો છે અને દિલથી એની ઊંડી કદર કરી છે.

ગાંધીજીના પ્રભાવથી આખા દેશની પ્રજાના પ્રાણ જાગ્રત થયા હતા, અને દેશની મુક્તિ માટેનું ઝનૂન જાગ્યું હતું. શ્રીમોટા એવા ઉગ્ર ઝનૂનથી દેશની સેવામાં જોડાયા હતા. એ જ ગાળામાં (૧૯૨૨)

પૂજ્ય શ્રીબાળયોગીની અદ્‌ભુત મુલાકાત થઈ. એ પૂજ્ય બાળયોગીજી સાંઈખેડાના નગ્ન અવધૂત પૂજ્ય શ્રીકેશવાનંદ દાદાજીના પ્રેરાવ્યા જ શ્રીમોટાને મળેલા એમ જણાવ્યું, અને શ્રીમોટાએ દાદાજીને મળવું- એવો પૂજ્ય શ્રીબાળયોગીજીએ આદેશ આપ્યો. શ્રીમોટા પૂજ્ય શ્રીકેશવાનંદજીને મળ્યા ત્યારે પૂજ્ય શ્રીકેશવાનંદજીએ જીવનમાં કેવળ પ્રભુભક્તિ સિવાય કશું ન કરવાનો આદેશ આપ્યો. શ્રીમોટામાં પ્રગટેલા ગુણોને-દેશભક્તિ માટેનું ઝનૂન, ફનાગીરી, ખંત, ઉદ્યમ, પરાક્રમ, પુરુષાર્થ વગેરેને પૂજ્ય શ્રીકેશવાનંદજીએ પોતાની ગૂઢ શક્તિ વડે પ્રભુભક્તિ પ્રત્યે વાળ્યા. શ્રીમોટાએ દેશની આઝાદી માટેની પોતાની ભાવના પૂજ્ય શ્રીકેશવાનંદજીને જણાવી ત્યારે પૂજ્ય શ્રીકેશવાનંદજી બોલેલા કે (૧૯૨૩) ‘દેશ કી આઝાદી તો આતી હુઈ મૈં દેખ રહા હૂં. દેશ આઝાદ હોગા લેકિન સબકા દાંત ખટ્ટા હો જાયેગા.’ પૂજ્ય કેશવાનંદજીની વાણીનું બળ અપ્રતિમ હતું. એમણે સૂચવેલી સાધના પદ્ધતિથી શ્રીમોટાએ દેશસેવાના ક્ષેત્રમાં રહીને બધાં જ કર્મો કર્યાં. માત્ર એ કર્મો પાછળની સમગ્ર દૃષ્ટિ અને ભાવના પરિવર્તન પામ્યાં. બધું જ કામ પ્રભુનું છે એવી જીવંત અને જાગ્રત દૃષ્ટિ સક્રિય બની.

૧૯૨૩ પછીનું શ્રીમોટાનું જીવન પ્રભુપ્રીત્યર્થે વહ્યું અને આકરી તથા નિરંતર સાધનાના પરિણામે એ જીવન પ્રભુરૂપે પ્રગટ્યું (૧૯૩૯). આવી આંતરિક અને મહાન ઘટનાથી શ્રીમોટાના કાર્યસંગીઓ પણ અજ્ઞાત જ રહ્યા. આ પરથી એમ ફલિત થાય છે કે શ્રીમોટાના સાધનામય જીવનનું પ્રેરક તત્ત્વ પરમ તત્ત્વના અનુભવી અવધૂત શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદામાં તથા એમની જ પ્રેરણાથી બીજા અનેક સંત-અવધૂતોમાં હતું. બીજી રીતે કહેવું હોય તો એમ કહેવાય કે શ્રીમોટાના જીવનનું પ્રેરકબળ ‘હરિબળ’ હતું. શ્રીમોટા ૧૯૩૯માં ‘મુક્તાત્મા’ રૂપે પ્રગટ્યા અને એ પછી સૂક્ષ્મ સાધનાની ઉત્તરોત્તર શ્રેણીઓ વટાવતાં ૧૯૭૬માં દેહ ત્યજ્યો.

પોતાની સાધના દરમિયાન ગાંધીજી પ્રેરિત રાષ્ટ્રીય ચળવળમાં શ્રીમોટા સક્રિય રીતે જોડાયેલા. મીઠાના સત્યાગ્રહમાં ભાગ લઈને લાઠીમાર ખાધેલો, બે વખત જેલવાસ ભોગવેલો, આખો દિવસ હરિજન સેવાનું કામ કરેલું, પરંતુ આ બધું જ શ્રીમોટાએ રાષ્ટ્રની ભક્તિથી પ્રેરાઈને નહિ, પરંતુ સાધના કરતાં કરતાં પોતાનામાં વિકસેલા ગુણોની કસોટી કરવા સ્વીકારેલું. શ્રીમોટાની દેશસેવાનું મૂલ્યાંકન પ્રભુભક્તિની ભૂમિકારૂપે જ થાય તે યથાર્થ ગણાય. ૧૯૪૨માં દેશનેતાઓ જેલમાં હતા ત્યારે હરિજન સેવક સંઘ માટે મુંબઈમાં ફરીને એકલે હાથે ફાળો એકત્ર કરેલો. એ દરમિયાન પણ તેઓશ્રીએ પોલીસનો માર તથા અન્ય દેશભક્તોની અવહેલના અને ટીકાઓ પણ અનુભવેલી. તેઓશ્રીનું આ કાર્ય દેશસેવાથી પ્રેરાયેલું ન હતું, પણ પ્રભુપ્રેરિત હતું. આ હકીકત પણ બહુ જ ઓછા લોકોના ધ્યાન પર આવી છે.

શ્રીમોટાએ ગાંધીજીમાં પ્રભુની વિભૂતિનાં સ્પષ્ટ દર્શન કર્યાં અને એ વિભૂતિ દેશની પ્રજાને જાગ્રત કરવા અને દેશને આઝાદ કરવાના નિમિત્તરૂપે હતી. ગાંધીજી આ રીતે વંદનીયરૂપ છે. ગાંધીજીના વિચારો કે કાર્યોનાં જુદી જુદી રીતે મૂલ્યાંકનો દ્વારા થતી ટીકાઓથી મહાત્મા ગાંધીજીનાં કાર્યની કક્ષા જરાય ઊતરતી નથી, કેમ કે ગાંધીજીએ જે જે કાર્યો પ્રેર્યાં અને આદર્યાં, એ તે તે સમયમાં એમના શુદ્ધ અંતરથી થતાં હતાં. આથી, શ્રીમોટાએ એમના ગાંધીભક્ત મિત્રોને (જે સાધનામાં વળ્યા હતા) વારંવાર મહાત્મા ગાંધીજીમાં રહેલા વિભુત્વને ધ્યાનમાં રાખવા કહ્યું છે. જે જે સમયે ગાંધીજી જે કંઈ કહેતા અને કરતા એમાંથી સતત પોતાના જીવનને ઊંચે લઈ જવા પ્રેરણા લેતા રહેવાનું સૂચવ્યું છે. આ અર્થમાં શ્રીમોટાની નજરે ગાંધીજી પ્રભુની એક પ્રેરક વિભૂતિરૂપે વ્યક્ત થતા રહ્યા છે.

શ્રીમોટાના દિલમાં ગાંધીજી પ્રત્યે ઊંડો આદર અને ભાવ હતા. શ્રીમોટાનું હૃદય જ્યારે પ્રભુરૂપે અનુભવમાં પ્રગટ્યું એ પછી તેઓશ્રીએ ગાંધીજી વિશે લખ્યું છે. આ બધી ઘટનાઓમાં આધ્યાત્મિક જીવનની એક ગૂઢ ઘટના બની હતી. ગાંધીજીને પેશાબમાં ઝેર વ્યાપ્યા પછી એમની ગંભીર સ્થિતિ થતાં, શ્રીમોટાના હૃદયમાં વહેતો કરુણાભાવ નિમિત્તયોગે ગાંધીજીના શરીરની આવી સ્થિતિ પ્રત્યે કેંદ્રિત થઈ ગયો. ગાંધીજીના પેશાબમાં વ્યાપેલું ઝેર શ્રીમોટાના પેશાબમાં વળ્યું અને ગાંધીજી જોખમમાંથી બહાર આવ્યા. (૧૯૪૩) આ આખી ઘટનાનું મહત્ત્વ આધ્યાત્મિક છે. એનું વિશ્લેષણ થઈ શકે એવી શક્યતા છે અને શક્ય તેટલું બુદ્ધિગ્રાહ્ય પણ બનાવી શકાય એમ છે. શ્રીમોટાએ આ ઘટનાનું આલેખન કર્યા પૂર્વે કાવ્યરૂપમાં જે પંક્તિઓ લખી છે એનું વિવરણ તથા તાત્પર્યદર્શન આધ્યાત્મિક ભૂમિકાથી કરતાં, જેને આ ઘટના પાછળનો મર્મ સમજવો હશે એને સમજાશે. મહાત્મા ગાંધીજીએ શ્રીમોટાને ભગવાનનું નામ લેવા પ્રેર્યા, એ માટેનો કૃતજ્ઞતાપૂર્વકનો કદરભાવ ગાંધીજી સાથે ખરો જ, પરંતુ એ ઉપરાંત દેશની પ્રજાના પ્રાણ જાગ્રત કરવામાં નિમિત્ત બનનાર વિભૂતિ તરીકેનો શ્રીમોટાનો કદરભાવ પણ ઊંચો હતો. આથી, એક ઉચ્ચ કોટિના અધ્યાત્મ-પુરુષમાં જાગેલી કરુણાથી આટલી મહાન ઘટના બની હતી. સમાજે આ હકીકત બિલકુલ જાણી નથી અને એ યોગ્ય જ થયું, કેમ કે સમાજ આ હકીકતને યથાર્થ રીતે મૂલવે એવી ભૂમિકા પણ સમાજમાં નથી. આથી, આ ઘટનાનું મૂલ્ય જરાય ઓછું થતું નથી.

૧૯૯૪નું વર્ષ મહાત્મા ગાંધીનું ૧૨૫મી જન્મજયંતીનું વર્ષ છે. એ જ વર્ષમાં આ સંકલન-સંપાદન હરિઃૐ આશ્રમ,સુરત તરફથી પ્રગટ થાય છે, એ સંયોગ પણ આનંદજનક છે. એક મુક્તાત્માએ આ યુગના એક મહાત્મામાં પ્રગટેલા પ્રભુઅંશની કદર

(પૂજા) કરી છે, એવા અક્ષરરૂપને વાચકો સમક્ષ મૂકતાં હર્ષ થાય છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટીમંડળે આ યોજના સ્વીકારીને પ્રકાશન કર્યું એ બદલ એમનો આભારી છું.

આ સમગ્ર સંકલન મારા સહાયક સન્મિત્ર અને પૂજ્ય શ્રીમોટાના પ્રિય સ્વજન શ્રી પ્રભુદાસ ડી. જાનીએ ઉમંગ અને ઉત્સાહથી કરી આપ્યું છે. એમનો આભાર માનવાનો ઉપચાર એમને ન રુચે અને મને પણ ઠીક ન લાગે-એટલા અમે નિકટ સહયોગી છીએ, પણ આટલું વ્યક્ત ન કરું તો પૂજ્ય શ્રીમોટાની કદરભક્તિ વ્યક્ત કરતાં આ પુસ્તકના પ્રકાશનમાં ખામી પડી જાય.

મને શ્રદ્ધા છે કે મહાત્મા ગાંધીજીને ચાહનાર વર્ગને શ્રીમોટાનું આ પુસ્તક જરૂર પ્રેરક બની રહેશે.

અમદાવાદ. **રમેશ મ. ભટ્ટ**

તા. ૨જી ઑક્ટોબર, ૧૯૯૪

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય મહાત્મા ગાંધીની સવાસોમી જન્મજયંતીના આ વર્ષમાં હરિ:ૐ આશ્રમ તરફથી **'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી'** પુસ્તક પ્રગટ કરતાં અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. મહાત્મા ગાંધીજી પ્રત્યેનો પૂજ્ય શ્રીમોટાનો ભાવ, આપણા જીવનવિકાસના સંદર્ભમાં ઉપયોગી નીવડે એ રીતે આ પુસ્તકમાં સંપાદિત થયો છે.

આ પુસ્તક સંપાદન કરી આપવામાં ભાઈ શ્રી રમેશભાઈ ભટ્ટની અમને મદદ મળી છે. એમને અમે ધન્યવાદ પાઠવીએ છીએ.

પુસ્તકના પ્રકાશન ખર્ચમાં અમને સહયોગી બનનાર શ્રી ધનજીભાઈ મોહનભાઈ પોલરાનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમને શ્રદ્ધા છે કે ગુજરાતી પ્રજા આ સંપાદનને ઉમળકાથી આવકારશે. પ્રજા આ પુસ્તક ખરીદીને વાંચે તથા વહેંચે એવી વિનંતી કરીએ છીએ.

**ઝીણાભાઈ પટેલ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી

હરિ:ૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
સુરત-૩૯૫૦૦૫
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

મહાત્મા ગાંધી પ્રત્યે પૂજ્ય શ્રીમોટા મનહૃદયથી અત્યંત આદરભાવ ધરાવતા હતા. અભ્યાસકાળનાં વર્ષોમાં અને તે પછી સાબરમતી આશ્રમના વસવાટ દરમિયાન તેમ જ હરિજન સેવાના ક્ષેત્રમાં કાર્યરત હતા, તે સમગ્ર સમય દરમિયાન જુદા જુદા પ્રસંગોએ એ આદરભાવ વ્યક્ત થયો છે.

આવા પ્રસંગોનો ઉલ્લેખ પૂજ્ય શ્રીમોટાના પત્રસાહિત્યમાં જોવા મળે છે. આવા પ્રસંગોનું તારણ કરી **'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી'**નું સંપાદનકાર્ય શ્રી રમેશભાઈ ભટ્ટ દ્વારા કરાયું હતું અને તેનું પ્રથમ પ્રકાશન સને ૧૯૯૪માં થયેલું. હાલમાં આ પ્રકાશનની પ્રત ઉપલબ્ધ નથી અને સ્વજનોને તે આશ્રમમાંથી મળી રહે તે ભાવનાથી તેની બીજી આવૃત્તિનું પ્રકાશન કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૪-૧-૨૦૧૦ **ટ્રસ્ટીમંડળ,**
મકરસંક્રાંતિ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગાંધીજીનો પડકાર | ૧ |
| કૉલેજત્યાગ માટે ગાંધીજીની હાકલ | ૬ |
| ગાંધીજીની પ્રેરણા | ૧૦ |
| હરિજનસેવાની શરૂઆતનાં સંસ્મરણો | ૧૩ |
| ગાંધીજીના જન્મદિનની ઉજવણી | ૧૯ |
| હરિજનસેવા અંગે ગાંધીજીની દૃષ્ટિ | ૨૧ |
| ગાંધીજીના પોકારોનું પરિણામ | ૨૪ |
| ગાંધીજીના સિદ્ધાંતમાં ભગવાનનો ભાવ | ૨૯ |
| ગાંધીજીની શ્રદ્ધા | ૩૦ |
| ગાંધીજીની જેલમુક્તિ વખતે | ૩૫ |
| ઉત્સવો પાછળની ગાંધીજીની દૃષ્ટિ | ૩૯ |
| આશાવાદી ગાંધીજી | ૪૧ |
| કૃપામાં માનનાર ગાંધીજી | ૪૩ |
| ગાંધીજી પાસે ખુલાસો | ૪૫ |
| ગાંધીજી પ્રેરિત સેવા | ૫૨ |
| ગાંધીજીની પ્રાર્થનાનિષ્ઠા | ૬૦ |
| ગાંધીજીની ઊંઘ | ૬૩ |
| ગાંધીજીની ભાવનાની શક્તિ | ૬૩ |
| સ્વજનોનો ગાંધીજી પ્રત્યે સદ્ભાવ | ૬૬ |
| ગાંધીજીની કદર | ૬૭ |
| ગાંધીજીને અંજલિ | ૬૯ |
| અનુભવો | ૭૧ |
| ગાંધીજીના પેશાબનું ઝેર | ૭૩ |
| ગાંધીજીની ધા | ૭૪ |
| ગાંધીજીનો યજ્ઞાર્થે ભોગ | ૭૫ |
| ગાંધીજીનો પ્રેમ | ૭૯ |
| ગાંધીજીનો સદ્ભાવ | ૭૯ |
| વિરોધીઓ પ્રત્યે ગાંધીજી | ૮૧ |
| ગાંધીજી વિશે વિચારતાં સાવધાન | ૮૨ |
| ભાવનાની ભૂમિકામાંથી ગાંધીજીનું કાર્ય | ૮૫ |
| ગાંધીજીનો દોષ નથી | ૮૭ |
| ગાંધીજીનું કર્મ અને આજનું કર્મ | ૮૯ |
| ગાંધીજીના આશીર્વાદ | ૯૦ |
| રક્તપિત્તિયાની ગાંધીજીની સેવા | ૯૩ |
| ‘અનુભવી’ વિશે ગાંધીજીની મર્યાદા | ૯૩ |
| ગાંધીજીનું સૂચન | ૯૪ |
| મહાત્મા અને એમનાં પત્ની | ૯૫ |
| ગુજરાતી ભાષા વિશે ગાંધીજી | ૯૯ |
| ભારતનું ભાવિ | ૧૦૦ |
| નામસ્મરણ વિશે ગાંધીજી | ૧૦૩ |
| મહાત્મા ગાંધી અને હરિદાસ | ૧૦૫ |
| પૂજ્ય કસ્તૂરબા | ૧૦૯ |

# પ્રાર્થના

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

## ગાંધીજીનો પડકાર

કૉલેજના અભ્યાસના કામમાં તો પ્રભુકૃપાથી ઠરીઠામ થઈ શકવાનું પૂરેપૂરું બન્યું હતું અને એક પછી એક દિવસો આનંદથી વીત્યે જતા હતા, ત્યાં એક મોટો ભારે ધડાકો થયો. રૉલેટ કાયદાની સામે ગાંધીજીએ પોતાના શરીરની માંદગીના બિછાનેથી પણ પડકાર આપીને સત્યાગ્રહ કરવાની શરૂઆત કરવાનો નિર્ણય જાહેર કર્યો અને પ્રજાને અહિંસક રીતે તાલીમ આપવાને માટે એપ્રિલની ૬ઠ્ઠી તારીખનો દિવસ સામુદાયિક પ્રાર્થના, અપવાસ અને હડતાળનો જાહેર કર્યો. પ્રજાએ આનો સારામાં સારો જવાબ આપ્યો, પણ તે જ દિવસે પંજાબમાં ભારે રમખાણો થયાં અને સરકારે ત્યાં પ્રજાની ઉપર ભયંકર જુલમ કર્યો. પંજાબના હત્યાકાંડની હકીકતો જેમ જેમ બહાર પડતી ગઈ, તેમ તેમ લોકોનાં દિલ પણ ચોંક્યાં, અને પંજાબના હત્યાકાંડનો ન્યાય મેળવવાના એક નિમિત્તકારણે ભારતને સ્વરાજ અપાવવાના મુક્તિ-સંગ્રામનો પેગામ સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ દેશને આપ્યો.

તેવા પ્રકારના કાર્યક્રમમાં કૉલેજમાં ભણતા જુવાનિયાઓને પણ તેમણે હાકલ કરી. મને પણ ત્યારે એટલું બધું લાગી આવેલું કે ‘હવે કૉલેજમાં ભણવું એ નિરર્થક છે. દેશનું કામ દેશના જુવાનો નહિ કરે, તો બીજું કોણ કરશે’ ? એમ પણ બહુ જ ભાવનાથી તે બધું લાગી આવતું. વાતાવરણમાં ઉશ્કેરાટ પણ ભારે હતો. કૉલેજ મારે માટે છોડી દેવી એટલે જીવનમાં જે થવાનું ધ્યેય અત્યાર સુધી સેવ્યું હતું અને જે જે બધી અભિલાષાઓ ઘડી હતી, તે તો બધી ભાંગીને ભૂકો થઈ

જવાની હતી. વળી, કુટુંબ ગરીબાઈની આર્થિક ભીંસમાં ઘેરાયેલું હતું, તેમાંથી તેને ઊંચે તારવવા માટે મેં પણ મનમાં નિર્ધાર્યું હતું અને મારાં કુટુંબીજનો પણ તે માટે મારા પર આશા રાખતાં હતાં અને તેનાં મીઠાં સ્વપ્ન પણ સેવતાં હતાં. હું કૉલેજ છોડી દઉં તો જે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સંસ્થા ઊઘડવાની હતી ત્યાં જઈને તેમાં ભણી શકવાની મારે માટે તો કોઈ પણ શક્યતા હતી જ નહિ. વળી, તે કાળે જે જે બધાં મદદ કરતાં હતાં, તે બધાંનો વિચાર હું કૉલેજમાં આગળ અભ્યાસ કરું તે જ પ્રકારનો હતો. એટલે હું કૉલેજ છોડી દઉં તે પરત્વે તેમનો ઘણો ઘણો અણગમો પણ હતો. તેમનો અણગમો વહોરી લેવાનું મારે આવે તો તેનું મને દુઃખ પણ ઘણું થતું હતું. મને તત્પરતાથી મદદ કરવાને માટે મારા સુધી લંબાયેલો જીવતોજાગતો મદદનો હાથ હું ધૂત્કારી કાઢતો તો ન હતો, પરંતુ તે વેળા દેશની સેવા કરવાનો પણ ધર્મ છે, એવું દિલમાં જરૂર લાગી ગયું હતું.

મને મદદ કરનાર સ્વજનોએ ઘણું સમજાવી જોયું કે 'ભાઈ, તું ઉશ્કેરાટનો માર્યો આ બધું કરે છે, તે તારે માટે અને તારા કુટુંબને માટે યોગ્ય નથી. તું રખડી પડશે અને તારું કુટુંબ પણ રખડી પડશે. તે બિચારાં તારા પર આધાર રાખી રહેલાં છે. તે બધાંને તું રઝળતા કરી મૂકશે. તું જ પોતે વિચારને ! તને આગળ ભણવાની ગરજ કેવું થવાને માટે પ્રગટી હતી ? તે તારા જીવનનાં સ્વપ્નાં બધાં અધ્ધર જ લટકી જવાનાં. માટે આ ઉશ્કેરાટ બેત્રાણ વર્ષમાં શમી જાય ત્યાં સુધી તું ભણ અને તે પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે.

આપણા ભલાને માટે જે સ્વજન આપણે માટેની ભાવનાથી વિચારતા હોય અને મદદ પણ કરતા હોય, તેવાં સ્વજનની સલાહને એકદમ ફેંકી દેવી, એ તો તદ્દન મૂર્ખામીનું કામ છે, તેનું ભાન મને પ્રભુકૃપાથી તે કાળે પણ હતું. કૉલેજનો ત્યાગ કરનારા કેટલાય જુવાનિયાઓએ તેમનાં વડીલોને અને તેમનું હિત વાંછનારને સ્વચ્છંદતાથી અવગણ્યાં છે અને તેમને 'ડરપોક', 'કાયર' એવી એવી ઉપાધિથી બિરદાવેલાં છે, એની જાણ મને પૂરેપૂરી છે. વડીલો પરત્વે સદ્‌ભાવ, આદરનું ભાન અને તેનાયે ઉપરાંત વળી જે જે સ્વજન આપણાં હિતેશ્રી હોય તેમનાં તેમનાં પરત્વે આપણા હૃદયની કેવી કેવી આભારવશ કૂંણી કૂંણી લાગણી જન્મેલી હોવી ઘટે, આવા પ્રકારનું ભાન કૉલેજનો ત્યાગ કરનાર જુવાનોમાં પ્રગટેલું હું જોઈ શક્યો ન હતો. તેમનામાં એક પ્રકારની ધૂન પ્રગટેલી જરૂર હતી. આવેશ પણ પ્રગટેલો હતો અને ઉશ્કેરાટ પણ હતો. આ જ કારણે કેટલાક કૉલેજ છોડનાર જુવાન ભાઈઓને ઉદ્ધત થતા પણ મેં નિહાળ્યા છે.

પ્રભુકૃપાથી ત્યારે પણ મને ભાન પ્રગટેલું હતું કે સમાજના આવા પ્રકારના વર્તનભાનથી અસહકારને માટે અહિંસાની જે ભાવના સમાજમાં પ્રસરેલી હોવી ઘટે તે સમાજના આવા વર્તનથી કરીને કદી પણ પ્રસરી ન શકે એવું લાગતું હતું. તોપણ મહાત્મા ગાંધીજીએ સમાજની ભાવનાને ઉન્નત દિશામાં પ્રગટાવવાને માટે જે અથાગ જહેમત ઉઠાવી છે, તે નકામી પણ જવાની નથી, તે પણ સમજાતું.

આગળપાછળ આવો ભયંકર વંટોળનો પ્રચંડ હુમલો પ્રગટેલો હતો, જ્યાં ત્યાં બધે 'હો, હા' નું વાતાવરણ હતું,

ત્યારે મારા જીવનનાં હિતેશ્રી સ્વજનો મને તે ઉશ્કેરાટના વમળમાં તણાઈ ન જવાને સંબોધે તે તદ્દન વાજબી હતું અને તેથી તેમની સલાહને મેં કદી પણ અવગણી નથી, એટલું જ નહિ, પણ કેટલાય દિવસ તેના પર દિલમાં દિલથી મંથન ચલાવ્યા કરેલું છે અને શાંત ચિત્તે વિચાર્યું છે. મારા પિતાને પોલીસોએ જુલમથી મારેલા તે દૃશ્યે પણ મારા કૉલેજ-ત્યાગમાં ભાગ ભજવ્યો છે, ત્યારે એમ પણ લાગેલું કે હવે જીવનનો પ્રવાહ કોઈ બીજી દિશામાં પ્રભુકૃપાથી આપણને દોરી જવાનું કરે છે. દેશની સેવા કરવાનો પણ આપણો ધર્મ છે. બીજા દેશોએ જે સ્વાતંત્ર્ય મેળવ્યું છે, તે સ્વાતંત્ર્યના સંગ્રામમાં અમારા જેવા કેટલાય જુવાનોનાં જીવનનો તે ખપ્પરમાં ભોગ અપાયો હશે ! દેશનું સ્વાતંત્ર્ય મેળવવાનું કામ આપણે દેશના જુવાનિયાઓ નહિ કરીએ, તો બીજું કોણ કરી શકવાનું છે ?

આ વિચારોના જોશના પ્રાધાન્યથી હું તે વિચારની ધૂનમાં ને ધૂનમાં એકદમ ગરકાવ રહ્યા કરતો હતો. કૉલેજ છોડ્યા પછી મારે માટે તો સાવ છેક અંધારું હતું, અને સાવ અંધારામાં જ મારે માટે ભૂસકો મારવાનો હતો, ઘેરથી કોઈ મદદ કરી શકે એમ તો હતું જ નહિ, હવે કોઈ નોકરી ખોળવાની તો વાત જ ન હતી, હવે તો ફક્ત આંધળિયાં કરી ઝંપલાવવાનો માર્ગ જ મારે માટે ખુલ્લો રહેલો હતો. એ બધાંનો પણ ચિતાર આવ્યો હતો. ઉપર લખેલું છે તેમ એવા ઉત્કટ વિચારની ધૂનના આવેશમાં પ્રર્વતાયેલો હોવા છતાં મેં મારા મનને વારંવાર ટકોર્યા કરેલું કે ‘ભાઈ ! આમાં જઈશું તો ખરા,

ઝંપલાવીશું તો ખરા, પરંતુ તે દિવસો બધા બહુ દોહ્યલા આવવાના છે. તેમાં કદાચ ખાવાનું પણ નહિ મળે. કોઈ મદદ તો કરશે નહિ અને મદદની અપેક્ષા રાખવી તે તો ખોટું છે. મદદ આવે તોપણ તે લેવી નથી એવો દૃઢ મરણિયો નિર્ધાર પ્રગટ્યો છે અને હવે તો આપબળે જ જીવવું છે તે પણ વાત નક્કી છે. માટે હે મનવા ! કૃપા કરીને ફરીથી આ બાબતમાં વિચારી લે.' કેવી કેવી કફોડી સ્થિતિ જન્મવાની છે, તેનું પણ તાદૃશ્ય ભાન વિચારી વિચારીને મનની સમક્ષ જગાડ્યું હતું.

તે દિવસો એવા તો ભારે ઉશ્કેરાટના વાતાવરણના હતા કે કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું તો સૂઝતું જ નહિ. જ્યાં ને ત્યાં એનું એ જ વાતાવરણ. તે જબરજસ્ત વાતાવરણના વંટોળમાં સૌથી પ્રથમ જે જે વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરીને તેમાં ઝંપલાવ્યું તે વિદ્યાર્થીઓ પણ હોશિયાર વિદ્યાર્થીઓ હતા. મારી સાથે બરોડા કૉલેજમાંથી ત્યાગ કરનાર શ્રી પાંડુરંગ વળામે* હતા. સૌથી પ્રથમ બરોડા કૉલેજમાંથી નીકળીને અસહકાર કરનાર અમે બે જ વિદ્યાર્થીઓ હતા, અને તે પણ ૧૯૨૦ની કલકત્તાની સ્પેશિયલ કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકવાના હતા અને તે ઠરાવ કૉંગ્રેસ પાસે પસાર કરાવવાના હતા, તે પહેલાં અમે બંને વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરવાનું કર્યું, આ છે કૉલેજત્યાગનો ઈતિહાસ.

મને મદદ કરનાર જે જે સ્વજન હતાં, તે મારા આ નિર્ણયથી ખરેખર બહુ જ નારાજ થયાં. મારા જીવનનું ભાવિ

---

* પૂજ્ય શ્રીરંગ અવધૂત

મેં મારી પોતાની મેળે બગાડ્યું એવી તેમની દૃઢ લાગણી ને મત હતાં. કૉલેજ છોડ્યા પછી પણ તેમનો સંબંધ મેં કદી પણ છોડ્યો નથી. તેમની સાથેનો સંબંધ પ્રેમભાવથી, સદ્ભાવથી, નમ્રતાથી મેં સતત જાળવી રાખેલો છે. કૉલેજ છોડી દીધા પછી તેઓ પણ મને તે વિશે કદી એક શબ્દ પણ બોલ્યાં નથી અને મદદ કરવાને પણ શુભેચ્છા ને સહાનુભૂતિ દાખવેલાં છે, પરંતુ મેં પોતે સ્વયંમેળે તે લેવાનું સ્વીકારેલું નહિ અને તે પણ દૃઢતાપૂર્વક જ.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૩૨૫ થી ૩૩૦*

• • •

## કૉલેજત્યાગ માટે ગાંધીજીની હાકલ

ગૂજરાત વિદ્યાપીઠમાં તે સાલના જૂન માસને અંતે પ્રવેશ થવાનું તો કર્યું, પરંતુ પૈસા શી રીતે મેળવવા ? દરેક અઠવાડિયે **'નવજીવન'** વેચીને જે રકમ મેળવતો, તેમાંથી જેમ તેમ કરીને બધું ચાલતું. તે કાળમાં ગૂજરાત વિદ્યાપીઠનું વાતાવરણ પણ અભ્યાસને માટે મુદ્દલે યોગ્ય ન હતું. અવાર-નવાર સરઘસમાં જોડાવું, દેશના મોટા મોટા નેતાઓનું આવવું ને તેમનાં ભાષણોમાં જવું -આવા જ પ્રકારના વાતાવરણથી વિદ્યાર્થીઓનું માનસ ઘેરાયેલું રહ્યા કરતું. ત્યાં અભ્યાસ તે કેવી રીતે કરી શકાય ને થઈ પણ શો શકે ? એટલે સરકારી કૉલેજમાં અપાતા શિક્ષણના વિકલ્પમાં રાષ્ટ્રીય ભાવનાને પોષક એવો કેળવણીનો અભ્યાસક્રમ કૉલેજિયનોની સમક્ષ મૂકવાની જરૂર છે એમ રાષ્ટ્રીય ભાવનાવાળા વિચારકોએ એ વાતાવરણનો સદુપયોગ કરવાના હેતુથી વિચાર્યું.

આથી, ગૂજરાત વિદ્યાપીઠ સ્થપાઈ અને ત્યાં કૉલેજ ત્યાગીને આવેલા વિદ્યાર્થીઓ આવીને ભણવા લાગ્યા હતા, પરંતુ તે કાળ જ ભણતરને માટેનો ન હતો.

અમને બધા વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયના અધ્યાપકો ભણાવવાનું તો જરૂર કરતા હતા, તેમનાં તે તે વિષયનાં પ્રવચનો અભ્યાસપૂર્ણ અને વિષયના હાર્દને યોગ્ય રીતે વ્યક્ત કરી શકે એવા પ્રકારનાં પણ હતાં. તે તે અધ્યાપકોની વિદ્યાર્થીઓ સાથેની મમતા, સહાનુભૂતિ ને તેમને મદદ કરવાની તેમની ઝંખના બેનમૂન હતી. વિદ્યાર્થીઓને મદદ કરવાની તેમની ભાવના પણ જરૂર સાકાર પામતી. વિદ્યાર્થીઓને કેમ કરીને બધી સગવડ મળી રહે, તે વિશે પણ તેઓ સારી રીતે વિચારતા. થોડોક કાળ ગયા પછી, કોચરબના ઢાળેથી ગૂજરાત વિદ્યાપીઠ ભૂલાભાઈના વંડામાં એલિસબ્રિજ સ્ટેશનની સામે ખસેડવામાં આવી. ગૂજરાત વિદ્યાપીઠને માટે નવું મકાન થવાની તૈયારીઓ પણ થવા લાગી.

આ બધું ચાલ્યા કરતું હતું તે દરમિયાનમાં ગાંધીજીએ અમારી વચ્ચે આવીને અમને સંબોધ્યા, તે પણ એક નવો ધડાકો જ થયો. તેમણે તો કહ્યું કે ‘મેં તો ધાર્યું હતું કે તમે બધા કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી જશો. અસંખ્ય ગામડાંઓ દેશમાં છે. તે ગામડાંના રહીશોને આપણા દેશમાં બનેલા બધા બનાવોની હકીકત તમે ત્યાં ત્યાં જઈને કહો. આ દેશમાં અંગ્રેજ રાજથી જે જે બધું બન્યું છે, તે બધી હકીકત તમે ત્યાં જઈને ગામડાંના ભાઈઓને સમજાવો. પંજાબના હત્યાકાંડની વાત કરો તથા બીજી અનેક રીતે સમાજમાં નવો

પ્રાણ, નવું ચેતન પ્રગટી શકે એવા કામમાં લાગી જાઓ. એટલા માટે મેં તો તમને કૉલેજનો ત્યાગ કરાવ્યો છે. આ તો તમે એક પ્રકારની ડિગ્રીનો મોહ છોડીને બીજા પ્રકારની ડિગ્રીનો મોહ તાજો ને તાજો રાખ્યો છે. કૉલેજ છોડાવવાનો મારો હેતુ તો તમે બધા જુવાનિયાઓ દેશનું કામ કરો અને દેશને જગાડો એવા પ્રકારનો હતો. માટે તમે તમારો ધર્મ વિચારો ને મારી આ જે વાત છે, તે વિશે તમે ગંભીરતાથી ઊંડા ઊતરી સંશોધન કરો અને જો યોગ્ય લાગે તો આ વિદ્યાપીઠનું ભણતર પણ મૂકી દો અને દેશના કામમાં લાગી જાઓ. અત્યારે તે દિશામાં તમારી જુવાનીનો ખરેખરો ખપ છે.'

ગાંધીજીનું આ જાતનું પ્રવચન દિલને વેધક હતું. તેમની વાત પણ તદ્દન સાચી હતી. એટલે એક **'સ્વરાજ આશ્રમ'**ની સ્થાપના શ્રી ગિડવાણીજીના અધ્યક્ષપણા નીચે થઈ, અને તેમાં તાલીમ લેવાનું મેં સ્વીકાર્યું. ત્યાં તાલીમ મેળવીને ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં કામ કરવા જવાનું બન્યું. વાગરા તાલુકાના વતનીઓ તો બહુ જ પછાત અને ત્યાં કામ કરવાની પણ ઘણી ઘણી મુશ્કેલીઓ હતી. એક પૈસો પણ મને તો મળતો ન હતો. ટપાલ માટે પણ નહિ અને મુસાફરી માટે પણ નહિ. અનેક પ્રકારની અગવડોની વચ્ચે કામ કરવાનું હતું. પૈસાની અમુક મદદની તો જરૂર ખરી જ, પણ તેની પણ શક્યતા નહિ. મને ફાવ્યું નહિ.

ફરીથી મેં તો ગૂજરાત વિદ્યાપીઠમાં જઈને અભ્યાસ કરવાનું સ્વીકાર્યું, પણ મને ત્યારે કોઈ તેમાં એમ ને એમ તો દાખલ થવા ન દે ! એક તો પરીક્ષા આપવી પડે, તે પણ

આપી. અને સરદારશ્રીનો અમુક અમુક ઠેકાણે કામ કરેલું છે તેવો ભલામણપત્ર મેળવી લાવવાનો છે તેવું ફરમાન પણ થયું. તે પણ મેળવી શક્યો હતો. મારી પરીક્ષા લેવાની જે થઈ તેમાં પણ પ્રભુકૃપાથી એક ખૂબી થઈ. જે પ્રશ્નપત્ર વાર્ષિક પરીક્ષાને માટે નીકળ્યો, તે જ પ્રશ્નપત્ર મને જવાબ આપવાને માટે અપાયો, અને તે પ્રશ્નપત્ર તો પરીક્ષામાં બેસતા પહેલાં હું સારી પેઠે વિચારી ગયો હતો. તેના જવાબ કેવી રીતે આપી શકાય તે બાબત મિત્રો સાથે ચર્ચીને જાણી લીધી હતી, તે જ પ્રશ્નપત્ર મળવાથી હું તો બહુ જ રાજી થયો અને તેના જવાબ બહુ સારી રીતે આપી શક્યો હતો. એમાં સારી રીતે પાસ થયો અને પાછું આગળ ભણવાનું થયું.

હવે તો સ્નાતક પાસ થઈ જવાને માટે થોડાક મહિના જ બાકી હતા. ત્યાં ગાંધીજીએ પાછું વિદ્યાપીઠમાં પ્રવચન આપ્યું કે 'દેશ તો ભડકે બળે છે અને તમારા બધાથી ઠંડે કલેજે આમ અભ્યાસ કરવાને કેમ બેસી રહેવાય છે ?' એટલે આપણું મગજ પાછું ઊછળ્યું અને સ્નાતકની ડિગ્રીનો મોહ (જે થોડાક, ત્રણચાર મહિના, વધુ રહ્યો હોત તો જરૂર મેળવી શકત.) પણ સમૂળગો મૂકી દીધો.

તેવામાં શ્રી ઇંદુલાલભાઈનો શ્રી ગિડવાણીજી પર કાગળ આવ્યો કે 'કોઈને હરિજન સેવા કરવાનું દિલ હોય તો તે કામ કરવાને ક્ષેત્ર ઘણું બહોળું છે. અને તે કામ માટે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની ખાસ જરૂર છે.' મારા મોટાભાઈ તો શ્રી ઇંદુલાલભાઈની પાસે જ કામ કરતા હતા. તેમના શરીરની તબિયત નાદુરસ્ત હતી ખરી, પણ તે કાળે તેમના શરીરને ટી. બી. થયો છે એવું સ્પષ્ટ નિદાન પણ થયેલું ન

હતું. માત્ર શરીર માંદું છે એવી જાણ હતી. નડિયાદમાં શ્રી ઇંદુલાલભાઈએ તાજેતરમાં એક હરિજન આશ્રમ પણ સ્થાપ્યો હતો. એટલે તેમાં જ મારે કામ કરવાનું આવ્યું અને આમ સ્નાતકની ડિગ્રીનો મોહ છોડ્યો તે છોડ્યો જ.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૩૩૧ થી ૩૩૫*

• • •

## ગાંધીજીની પ્રેરણા

આ શરીરને ફેફરાનો રોગ થયો હતો, તે કાજે શ્રીનર્મદામૈયાનાં ચરણકમળમાં નર્યા એકાંતનો લાભ લેવા શ્રીપ્રભુકૃપાથી મારે જવાનું થયું હતું. ત્યાં એક સાધુ મહાત્માએ શરીરને ફેકરું આવતું હતું, તે દૃશ્ય અનેક વાર નિહાળ્યું. તેમના દિલમાં મારા પરત્વે કરુણાની ભાવનાનો ફુવારો ઊછળ્યો, અને તેથી, તેમનું દિલ પ્લાવિત થઈને મારા ઉપર કૃપા કરીને તેઓશ્રીએ મને સૂચવ્યું, 'ભાઈ, તું ભગવાનનું સ્મરણ કર. હરિઃૐ, હરિઃૐ એમ જપ્યા કર. જો એમ કરશે તો શ્રીપ્રભુકૃપાથી તારો શરીરનો રોગ મટી જશે.'

પરંતુ ખરું પૂછો તો તે કાળે મને એવું ભગવાનનું સ્મરણ કરવાથી શરીરના ફેફરાનો રોગ મટી જાય, એવો દિલમાં મુદ્દલે વિશ્વાસ ન હતો. મહાત્મા ગાંધીજી, ભગવાનનું સ્મરણ કરતા હતા, અને નિત્ય પોતાની પાસે માળા પણ રાખતા હતા, તે હકીકતની મને પૂરેપૂરી ખબર હતી. તેથી, મેં પૂજ્યશ્રી ગાંધીજીને એક કાગળ લખ્યો. તેમાં ઉપરની બધી હકીકત લખી જણાવી.

પૂજ્યશ્રી ગાંધીજીએ મને તરત કાગળનો જવાબ વાળ્યો કે ભગવાનનું સ્મરણ કરવાથી તો રોગમાત્ર મટી જાય. તેમના

વચનમાં મને સંપૂર્ણ ભરોસો. તે પછીથી મેં ભગવાનનું સ્મરણ લેવા માંડ્યું. એટલું જ નહિ, પરંતુ દઢ મક્કમ નિશ્ચય કર્યો અને વ્રત લીધું કે રોજનું અઢી કલાક તો સ્મરણ કરવું, કરવું ને કરવું જ. ન થાય તો તે દિવસે મુદ્દલે જમવું નહિ. આમ, હું તો કરવા લાગ્યો.

સ્મરણ અઢી કલાકથી પણ વધારે થતું. એક તો રોગ મટાડવાની ગરજ. વળી, સ્મરણ લેતાં લેતાં કદી મને કંટાળો આવ્યો ન હતો. પંદર દિવસ પછીથી પાંચદસ મિનિટ ઉમેરતો જતો હતો. એમ ત્રણ માસમાં રોજનું ચાર કલાક ઉપરાંત ભગવાનનું સ્મરણ થવા લાગ્યું. તે ભગવાનનું કરવું કે તેટલામાં શરીરનો ફેફરાનો રોગ મટ્યો.

આ ગાળામાં ભગવાનનું સ્મરણ લેતાં લેતાં જીવનમાં મને ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે મળતું જતું લાગતું હતું. મારે દિલ તે બધું સંપૂર્ણ વાસ્તવિકપણે હતું. એક તો રોગ મટ્યો અને બીજું ગુણો વધવાનો અનુભવ મળ્યો. તેથી, દિલમાં દિલથી બેવડો પ્રોત્સાહિત થઈને શ્રીહરિનું સ્મરણ વધારતો ગયો. સ્વપ્રયત્ને અને દિલના આનંદ, ઉમંગ અને ઉત્સાહથી સ્મરણનો સમય ચૌદ કલાક સુધી તો પાંગર્યો. તે પછીથી કેમેયે કરતાં મુદ્દલે આગળ વધાય જ નહિ. આ ગાળામાં શ્રીપ્રભુકૃપાથી દિલમાં દિલથી જીવનના ધ્યેયનું ભાન જાગી ગયું હતું. જીવનમાં હવે આ એક જ કર્મ ઘણું ઘણું મહત્ત્વનું છે, તે પણ ગળે ઊતરી ગયું હતું. વળી, આવાં બધાં કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કરવાનાં છે, એવી તે કાળની સભાનતા મારા દિલમાં પ્રવર્તી ગયેલી હતી.

પછીથી તો ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના બોદાલ ગામે એકાંતમાં એક ખેતરમાં ઝાડની નીચે હું સૂતો હતો. પડખે જ એકબાજુ સદ્ગત શ્રી ઠક્કરબાપા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ સૂતા હતા. ત્યાં સાપ કરડ્યો અને તે વેળાએ જ વીજળીના ઝબકારાની પેઠે મારા દિલમાં થયું કે જીવનધ્યેય હજુ સંપૂર્ણ સધાયું નથી, ત્યાં સુધી મૃત્યુને વરવું નથી. સ્મરણની સાધના રોજની ચૌદ ચૌદ કલાકની થયેલી હોવાથી, એક એવો ટકોરાબંધ જીવતોજાગતો ચેતનાત્મક નિશ્ચય જીવનમાં પ્રગટી ચૂક્યો હતો જ. એ નિશ્ચયે સાપના ઝેરનો ભયંકર સામનો કરવાને મારા દિલને (નિશ્ચયે) ખૂબ મક્કમ કરાવ્યો. એકબાજુથી સાપનું ઝેર (ભયંકર, તીવ્ર, ઉત્કટમાં ઉત્કટ વેદના પ્રગટાવીને) શરીરને મૃત્યુમય બનાવવાને પ્રયત્ન કર્યાં કરતું હતું અને બીજી બાજુથી જીવનનું ધ્યેય પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી મૃત્યુને ન વરવાનો દૃઢ મક્કમ જીવંત નિશ્ચય, તેનો ભારે સામનો કર્યાં કરતો હતો. આવો તુમુલ સંગ્રામ રચાયો ત્યારે હરિજન સંઘના બધા જ કાર્યકર્તાઓ પણ ત્યાં હાજર હતા. જેમાંના આજે પણ ઘણાખરા હજી જીવે છે. મોટેથી હું તો હરિસ્મરણ કર્યા જ કરતો હતો. કેટલાયે બધા મને પૂછ્યા કરતા, પણ કોઈને કશો ઉત્તર દેવાતો જ ન હતો. બસ, એકમાત્ર હરિસ્મરણની ધૂન લાગી હતી. આવો પ્રસંગ કે જે ભયંકરમાં ભયંકર અને જેની કસોટીમાંથી, પરીક્ષામાંથી પાર ઊતરવું, મહામુશ્કેલમાં મુશ્કેલ હતું. શ્રીભગવાનની કૃપાથી તેમાંથી પાર ઊતરી

શકાયું અને તેમાંથી સ્મરણની અખંડતા પ્રગટી. આ છે સ્મરણની સાધનાનો નાનકડો ઈતિહાસ.

*'જીવનઆહ્લાદ', પહેલી આ., 'લેખકના બે બોલ'માંથી*

• • •

### હરિજનસેવાની શરૂઆતનાં સંસ્મરણો

સને ૧૯૨૧ની સાલમાં અને ૧૯૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની સેવામાં ઝંપલાવ્યું હતું. તે કાળનો ભાવનાનો જુસ્સો અને ભાવનાની રોનક, ઝલક અને એ ભાવનાનો ચમકારો આજે પણ દિલમાં અને નયનમાં ચમકારા પ્રેરે છે. સાહસ અને જોખમોને બિરદાવવાને જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો, અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો, પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાના પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની પરંપરા ફૂટતી હતી. માથાં વધેરાવા કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. છ-સાત માણસનું કુટુંબ, પોષણની જવાબદારી એકલી મારા ઉપર, ઘરડાં મા અને વિધવા ભાભી પણ થોડુંઘણું ઘરખૂણે મજૂરી કરીને મેળવે. એવી કપરી ગરીબાઈની સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે 'જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ.' એટલે સેવાની તત્પરતામાં પડેલા એવા કાળમાં શ્રીસદ્ગુરુએ મને પાસે ખેંચ્યો.

અમદાવાદમાં શહેરમાંથી મંગળદાસ હૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણે હાથે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં, અને આજે પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણા માણસો એકઠા થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન આપતા નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીનાં પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું, તેઓ મને ના ઓળખે. છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયાં હોય, તેમને કહે કે 'નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો !'

એક વખત નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયા તેમનાં દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. તેઓ-શ્રી નાનુભાઈ કંથારિયા-અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા, ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે 'મારે સાધુની સાથે શી નિસ્બત ! મારે કંઈ એમની પાસે જવું-કરવું નથી.' વળી, ત્યારે તો હું એમ પણ માનતો કે સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે. They are economic burden on society-એમ હું દૃઢપણે સમજતો. જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો છે ખરા, પરંતુ સાધુસમાજનો પોતાનો જે ધર્મ છે, તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ, તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને વગર ઓળખાણ-પિછાન વિના બોલાવતા હતા, તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો

હતો, પરંતુ વગર લેવેદેવે ઓળખાણ-પિછાન વિના, મારું નામ પણ જાણ્યા વિના, મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે, ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ, એમ મનબુદ્ધિ વારંવાર દલીલ કરવા લાગ્યાં, અને એ વિચારે તો પછી મારો કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો. ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો માત્ર હજામતનો ખરચતો હતો. જવા આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. આમ, શ્રીહરિકૃપાથી શ્રીબાળયોગી મહારાજનો ભેટો થયો. ભૂરકીથી અંજાઈ જઉં એવો તો હું ન હતો. છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેનાં કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું ન હતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ, એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રીબાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે અને તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું. મનમાં એવી ઉત્કટ ઝંખના પણ જાગી હતી.

સાચે જ તેઓશ્રી કૃપા કરીને નડિયાદ પધાર્યા અને અમે બંને મિશન હૉસ્પિટલથી આગળ જતાં ડભાણને રસ્તે

હાજીકાસમના બંગલામાં રહેતા. ત્યાં કૃપા કરીને તેમણે મને દીક્ષા આપી. એ દીક્ષાની હકીકત રોમાંચક અને રસિક પણ છે, પણ એ લખવાનું સ્થાન આ નથી. એકવાર દોઢમાસ અને બીજી વાર બે માસ એમ બેવાર મારી સાથે તેઓ એકલા જ રહ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે 'અલ્યા છોકરા, તારા ગુરુમહારાજ તો શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી છે. તેઓ મધ્યપ્રદેશના ઈટારસીથી આગળ સાંઈખેડા છે, ત્યાં તું જઈને તેમના આશીર્વાદ લે અને તે પછીથી તેઓશ્રી જે હુકમ આપે તે પ્રમાણે તારે વર્તવું.' શ્રીબાળયોગીની આવી સલાહથી પ્રેરાઈને હું તો શ્રીસદ્ગુરુ મહારાજ પાસે ગયો અને ત્યાં સાતઆઠ દિવસ રહ્યો. પૂરી તૈયારી કરીને ગયો હતો. કદાચ બધું જ છોડવાનો હુકમ આપે તો તેવી તૈયારી સાથે મારી માને મળીને તેની તથા કુટુંબની આર્થિક સગવડ કરીને ગયો હતો. ત્યાં શું શું થયું તે તે હકીકત લખવી અહીં અસ્થાને છે. શ્રીગુરુમહારાજે મને આદેશ આપ્યો કે 'જ્યાં છે ત્યાં કામ કર, પરંતુ આ જે ગાંડું ઝનૂન દેશસેવાનું છે, તે તારે મૂકી દેવું પડશે. પ્રભુપ્રીત્યર્થે અને પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને સેવાનો અધિકાર નથી. એવો જ્ઞાનભક્તિપૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે, તેઓ સમાજનું કદી પણ કલ્યાણ કરી શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવાના એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાના ક્ષેત્રમાં પડે, તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ તો જાગેલી હોતી

નથી, તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટા તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસઆપસમાં પણ ભેદ વધારશે. સમાજમાં પણ ભેદ વધવાના. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનને માર્ગે જે જનારા છે, તેમને માટે તે હકીકત સાચી છે. તેવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે, ભાવનાત્મક રીતે સતત રમ્યા જ કરવી જોઈશે, પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતીજાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વેનું પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.'

પરંતુ આ હકીકત ત્યારે મારા દિલમાં ઊતરી ન હતી, તે મારે સાચેસાચું કબૂલવું પડશે, પરંતુ શ્રીસદ્‌ગુરુ મને એમ છોડે તેમ ન હતા. એવી રાગદ્વેષની ચુંગાલનાં જ્યાં ત્યાં મને દર્શન તો કરાવ્યાં, પરંતુ એથી કંઈ પૂરેપૂરું સમજી શકાયું નહિ 'પાડેપાડા લડે અને ઝાડનો ખોડો કાઢે' એ પ્રમાણે શ્રી સરદાર અને શ્રી ઇંદુલાલ યાજ્ઞિકની વચ્ચે કોઈ પૂર્વગ્રહ હશે. શ્રી ઇંદુલાલે તો હાથ ઉપર લીધેલાં કાર્યોને એકદમ છોડી દીધાં. ત્યારે આ જીવે શ્રી ઇંદુલાલે શરૂ કરેલા 'અંત્યજ સેવામંડળ'માં તેમના મંત્રી તરીકે કામ કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠમાંથી સૌથી પ્રથમ હરિજનોની સેવામાં જોડાનાર આ

જીવ જ હતો. શ્રી ઇંદુલાલ તો છોડીને ભાગ્યા. તે પછી 'અંત્યજ સેવામંડળ'ની પ્રવૃત્તિ શ્રી ઠક્કરબાપા અને શ્રી મામા સાહેબના હાથમાં આવી. તે વેળા શ્રી ઇંદુલાલના કોઈ પણ માણસને રાખવા નહિ, તેવી સમજણની કંઈક ગંધ આવી કે તેવું મને કોઈકે કહ્યું, ત્યારે મને જે આંચકો લાગ્યો હતો અને સમગ્ર મારા આધારમાં જે ધ્રુજારી પ્રગટી હતી, તે આજે બધું યાદ આવે છે. ત્યારે શ્રી સરદારને પણ હું મળ્યો હતો અને મેં કહ્યું, 'સાહેબ, હું તો એક ગરીબ વિદ્યાર્થી હતો અને મને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. માત્ર દેશભક્તિથી પ્રેરાઈને જ મેં કૉલેજ છોડી હતી અને વિદ્યાપીઠમાં જોડાયો હતો. એક વખત ગાંધીજીએ વિદ્યાપીઠના પ્રવચનમાં કહ્યું કે 'તમે તો એક ડિગ્રીનો મોહ છોડી અને બીજી જાતની ડિગ્રીનો મોહ હજી જીવતો રાખ્યો છે. મારી તો એવી શ્રદ્ધા હતી કે જુવાનો કૉલેજ છોડીને દેશની સેવામાં લાગી જાય અને ગામડે ગામડે ભમીને સમાજને જાગ્રત કરે.' એ સાંભળીને તરત જ વિદ્યાપીઠ પણ છોડી અને 'અંત્યજ સેવામંડળ'માં જોડાયો હતો. ત્યારે પણ મને સારા વેતનથી દેશી રાજ્યમાં નોકરી મળી શકે તેમ હતું, પરંતુ મેં દેશસેવાનું વ્રત લીધેલું છે, એટલે હરિજનસેવા છોડી દેવાનો નથી. તમે નહિ રાખો તોપણ દેશસેવાનું કામ તો હું ચાલુ જ રાખીશ અને મારી મેળે કરીશ. રોટલો આપનાર તો ભગવાન છે. સેવાનું વ્રત તો અખંડ રાખીશ જ એવો મારો દૃઢ નિશ્ચય છે.' એમ કહીને હું તેમની પાસેથી વિદાય થયો, પરંતુ આ હકીકતની ભીંસ મને એવી તો સજ્જડ ચારેકોરથી સતત ભીંસાતી જ રહી.

એણે મારી આંખ ખુલ્લી કરી કે શ્રીગુરુમહારાજ કહેતા હતા તે હકીકત તો સાચી જ હતી. આ સેવાના ક્ષેત્રમાં હજી રાગદ્વેષ તો છે. મારે માટે જ જ્ઞાનપૂર્વક શ્રીસદ્‌ગુરુએ પ્રસંગ ઊભો કર્યો હશે અને આ હકીકતની જે દેશભક્તિનું ઝનૂન અને આ સેવાની ધૂન એકમાત્ર શ્રીહરિકૃપાથી ઉપરના પ્રસંગથી મોળી પડવા લાગી. એમ મારું મોં દેશભક્તિ પરત્વેથી ભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું-આવી છે-શ્રીસદ્‌ગુરુ મળ્યાની હકીકત.

*'શ્રીસદ્‌ગુરુ', પહેલી આ., 'લેખકના બે બોલ'માંથી*

• • •

## ગાંધીજીના જન્મદિનની ઉજવણી

નડિયાદમાં મારું કામ એક નાનકડી શાળા પૂરતું ભલે હતું, પરંતુ તેટલા જ પૂરતું તે કામને મર્યાદિત કરી નાખ્યું ન હતું. અસ્પૃશ્યતાનું નિવારણ થાય તેવા પ્રકારના સમારંભો પણ વર્ષમાં એકબે વાર યોજવાનું થતું. ભાદરવા વદ બારસ-ગાંધીજીના જન્મદિવસ-ના નિમિત્ત પ્રસંગે એક વખત હરિજનો તથા ગામના પ્રતિષ્ઠિત સજ્જનોનું એક સ્નેહસંમેલન યોજ્યું હતું. તેમાં સૂકો મેવો તાસકોમાં આપવાનો પ્રબંધ કર્યો હતો. અમે બધા જ એકસાથે એક જ પંગતે પાથરણાં પર બેસીએ એવી વ્યવસ્થા કરી હતી. હરિજનના જુદા જુદા વર્ગમાંથી પણ માણસોને નોતર્યા હતા અને નડિયાદ શહેરમાં પણ પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને આમંત્રણ પત્રિકાઓ જાતોજાત જઈને આપી આવવાનું કર્યું હતું. આ સંમેલન બહુ સારી રીતે પ્રભુકૃપાથી પાર પડ્યું. તેમાં શ્રી ગોકુળદાસ તલાટી

('બાપુ' તરીકે તેમને બધા નડિયાદમાં સંબોધન કરતા) તથા શ્રી ફૂલચંદ બાપુજી શાહ ને એવા બીજા નામાંકિત સદ્‌ગૃહસ્થો પણ ખાસ આમંત્રણથી પધારેલા હતા. આ જાતના સમારંભે બીજે દિવસે નડિયાદ ગામમાં ભારે હોહાકાર મચાવી મૂક્યો, શહેરને જુદે જુદે ઠેકાણે આનો ઊહાપોહ થયા કર્યો હતો.

શ્રી ગોકુળદાસ તલાટી ને શ્રી ફૂલચંદ શાહની જ્ઞાતિએ ભેગા મળીને તેમનો જ્ઞાતિ બહિષ્કાર કરવાનું ઠેરવ્યું. તે બે સજ્જનોના પક્ષમાં પણ તેમની જ્ઞાતિમાં માણસો તો હતા જ. એટલે ઉપરના સંમેલનમાં ભાગ લેવાથી તે જ્ઞાતિમાં બે તડ પડી ગયાં. આ કાગળ લખું છું ત્યારે પણ તે તડ સંધાયાં હશે કે કેમ તે હકીકતની મને જાણ નથી. તે વણિકોની જ્ઞાતિમાં શ્રી ગોકુળદાસભાઈ તલાટી તેમ જ શ્રી ફૂલચંદ બાપુજી શાહે -તેઓ બંને તો ઘણી પ્રતિષ્ઠિત અને સમાજમાં ઘણો મોભો ધરાવનાર વ્યક્તિઓ હતી, તેમ છતાં-અસ્પૃશ્યતા નિવારણના સંમેલનમાં ભાગ લેવાથી તેમની જ્ઞાતિમાં ઊહાપોહ થયો, તેની અસર નડિયાદમાં મારા શરીરની જ્ઞાતિ ઉપર પણ પડ્યા વિના ન રહી.

મને પણ જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવાનો ઊહાપોહ જાગ્યો ને તેનો પ્રવાહ પણ શરૂ થઈ ગયો, પરંતુ તે અટકી જવામાં જ્ઞાતિના વડીલો પરત્વેનું મારું હંમેશનું નમ્રતા અને સદ્‌ભાવપૂર્વકનું વર્તન તથા પૂજ્ય શ્રીગોદડિયા મહારાજના મારી પરત્વેના સદ્‌ભાવનું કારણ હોય તો હોય. તેઓ નડિયાદ પધારતા ત્યારે તેઓ પણ નડિયાદના સ્મશાનમાં વાસો કરતા. મારે પણ રોજ રાત્રે ત્યાં જ સૂવાનું થતું. તે કારણે તેમનો ને

મારો પ્રભુકૃપાથી મેળાપ ને સંગમ થઈ ગયો હતો. તેથી, અવારનવાર તેમની પાસે હું જતો, મારી સાધના તરફની કોઈક પ્રકારની ગતિનો ને કંઈક સાધનનો અભ્યાસ હું કરું છું તેવો તેમને અણસારો પ્રગટી ગયો હતો. હું પણ મારાથી બને તેટલી તેમના શરીરની પણ સેવાચાકરી કરવાનું ચૂકતો નહિ. મારી જ્ઞાતિના સજ્જનો પણ તેમની પાસે અવારનવાર જતાઆવતા તથા મારું પણ તેમના સમાગમમાં આવ્યા કરવાનું હોવાથી અને જ્ઞાતિવાળાઓ પરત્વે સદ્ભાવવાળા વર્તનની અસરથી મારો બહિષ્કાર કરવાનો વિચાર આખરે માંડી વળાયો હતો.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૩૩૭ થી ૩૩૮*

• • •

### હરિજનસેવા અંગે ગાંધીજીની દૃષ્ટિ

ગૂજરાત હરિજન સેવક સંઘમાં હું સભાસદ પણ ન હતો, તેમ છતાં ઘણીયે વેળા ગૂ. હ. સે. સંઘની સામાન્ય અને કાર્યવાહક સભા પણ નડિયાદમાં મારે ઘેર ભરાતી. મારે માટેનો તેમનો તે સદ્ભાવ હું ભૂલી શકતો નથી. એક વેળા આપણી તેવી સભામાં 'નિત્ય યુવાન' શ્રી નરસિંહકાકા પણ પધારેલા. આપણી સભાનું બધું કામકાજ જે રીતે થતું હતું તે બધું તેમણે પહેલાં તો જોયા કર્યું. આપણે પણ જે જે કામ પર જે જે ઠરાવો કરવાના હતા તે કરી લીધા ને કામથી જ્યાં પરવાર્યા, ત્યાં નરસિંહકાકા આપણને સંબોધવા લાગ્યા કે 'આ રીતે કદી પણ અસ્પૃશ્યતા નાબૂદ થઈ જવાની નથી. હિંદુ સમાજની સામે હરિજનોને સત્યાગ્રહ કરવાનો કાર્યક્રમ આપણે

આપવો જોઈએ. જાહેર કૂવાઓમાં હરિજનોએ પાણી ભરવા જવું, જાહેર તળાવમાં નાહવુંધોવું અને મંદિરોમાં દર્શન કરવા જવું આવા જુદા જુદા પ્રકારના સત્યાગ્રહના કાર્યક્રમો હરિજનો આગળ મૂકવા ને તે રીતે એક મોટો ભારે પ્રચંડ આવી રીતનો વેગ પ્રગટાવવો. તમારા સંઘની આવી બધી રીતો (અલગ શાળા, અલગ આશ્રમો, શિષ્યવૃત્તિ, અલગ કૂવા ખોદાવવા વગેરે વગેરે) અસ્પૃશ્યતાને કાયમ રાખવા માટે હોય એવું મને લાગે છે. અને તમે જુવાન લોકો આવો એકડો બગડો શીખવવાને મંડી પડ્યા છો, તે બધું તદ્દન અર્થ વગરનું છે.' આવા પ્રકારના ભાવાર્થનું તેઓ બોલ્યા હતા. તેમના બોલવામાં તેમની સાચી લાગણી જરૂર પ્રગટેલી હતી.

તેઓ જ્યારે આ પ્રમાણે બોલતા હતા ત્યારે જ મેં તો નક્કી કરી લીધું કે આપણે કામ તો કરીએ છીએ મહાત્મા ગાંધીની આવા પ્રકારની સલાહ ને દોરવણીથી. અને ગૂજરાત હરિજન સંઘના જૂના કાળમાં પણ તેના કેટલાક કાર્યકર્તાઓને આવા કાર્યક્રમ પરત્વે બરાબર સંતોષ થતો ન હતો. તેથી, તેમણે મહાત્મા ગાંધીની સાબરમતી આશ્રમમાં એકવાર મુલાકાત ગોઠવી હતી, તે પ્રસંગ પણ યાદ આવ્યો.ત્યારે પણ તેમણે (ગાંધીજીએ) આ જ રચનાત્મક પ્રકારના કાર્યક્રમને વળગી રહેવાનું ખાસ સૂચવ્યું હતું. તે ઉપરાંત તેમણે કહ્યું હતું કે 'હરિજનોમાં ખાસ હળવું, ભળવું, મળવું. તેમની સાચી ફરિયાદ હોય, જે કંઈ હિંદુ સમાજ તરફથી કનડગત થતી હોય ને એવી બીજા પ્રકારની હેરાનગતિ થતી હોય તે બધી દૂર કરાવવાને ઉત્સાહપૂર્વક મથવું, તેમના ઉદ્યોગોને

સજીવન કરાવવાને પ્રયત્ન કરવા.’ આ બધી હકીકતની મને જાણ હતી.

તેમ છતાં નરસિંહકાકાએ આપણને પડકાર આપતું જે પ્રવચન કર્યું, તેને તો ઝીલી લેવું જ. અને મેં તાત્કાલિક નિર્ણય મનમાં કરી લીધો કે સંઘમાંથી રાજીનામું આપીને તેમની પાસે જવું ને તેમના સૂચવવા પ્રમાણેના સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવું. તે વેળાએ તમને મારા મનમાં જાગેલી પરિસ્થિતિ અને થયેલા નિર્ણયની હકીકત સાફસાફ જણાવી. તમે પણ મારી સાથે ઉત્સાહપૂર્વક તૈયાર થયા. મારે માથે તો તે કાળે કેટલી બધી જવાબદારી હતી ! કેટલાં બધાં કુટુંબીજનને પોષવાનાં હતાં ! તેમ છતાં આપણી જુવાનીને પડકાર આપે એવું નરસિંહકાકાનું પ્રવચન મૂંગે મોઢે ગળી જવાની તૈયારી આપણી ન હતી. તેથી, આપણે બંનેએ તત્કાળ સંઘમાંથી રાજીનામું આપી દીધું અને બીજે જ દિવસે સવારે બિસ્તરા-પોટલાં બાંધીને આણંદમાં નરસિંહકાકાને ઘેર ગયા. આપણને તેમને ઘેર આવેલા જોઈને તેઓ તો બહુ જ અચંબો પામ્યા. આપણે પછી તેમને કહ્યું કે ‘અમે તો સંઘમાંથી રાજીનામું આપીને તમારા એ અસ્પૃશ્યતા નિવારણ માટે સૂચવેલા સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવાને આવેલા છીએ. માટે હવે તમે સરદારી લો. તમે કહો તે ઠેકાણે ને તે કૂવે માથાં ભંગાવવાને અમારી તૈયારી કરીને અમે આવેલા છીએ,’ આપણને આવી રીતે તદ્દન અણધાર્યા આવેલા જોઈને અને બધું સાંભળીને તેઓ તો સ્તબ્ધ થઈ ગયા.

તે સમયે મહાત્મા ગાંધી, બોરસદમાં ઈર્વિન-ગાંધી કરાર જે થયા હતા, તેની તપાસણીના કામમાં હતા. એટલે

નરસિંહકાકાએ થોડીક વાર વિચાર કરીને આપણને જણાવ્યું કે 'હું બોરસદમાં જઈને ગાંધીજીની પહેલાં સલાહ લઈ આવું.' તે પછી તેઓ ત્યાં ગયા અને આ બધી બનેલી હકીકત તેમને કહી સંભળાવી. ત્યારે ગાંધીજીએ તેમને કહ્યું કે 'હરિજનોમાં જ્યાં સુધી ખરેખરું આંતરિક બળ પ્રગટ્યું નથી અને તેમની તેવી પાકી તૈયારી નથી, તેવી સ્થિતિમાં આપણે જો તેમની પાસે સત્યાગ્રહ કરાવીશું, તો ઊલટી તેમની કફોડી સ્થિતિ થવાની. તેમને થનારી કનડગતનો પાર નહિ રહે. આપણે તેઓને એટલે કે હરિજનોને મોકળાશ પ્રગટે એવું કશું કરી શકવાના નથી, ને સત્યાગ્રહથી કરીને તે લોકને તો ઊલટા વધારે બીકણ અને વધારે નબળા પાડવાના. માટે હાલમાં તેમની કને તમે સૂચવો છો, તેવી જાતનો સત્યાગ્રહ કરાવવો મુદ્દલે યોગ્ય નથી.' તે પછી નરસિંહકાકા આણંદ પાછા ફર્યા અને આપણને મળીને ગાંધીજી સાથે તેમનો થયેલો બધો વાર્તાલાપ કહી સંભળાવ્યો અને બોલ્યા કે 'દિલગીર છું કે આપણાથી હાલમાં આ બાબતમાં વધારે કશું બની શકે તેવી શક્યતા નથી, પરંતુ તમારા બંનેનાં હિંમત, સાહસ અને સહનશક્તિ જોઈને મને આનંદ થયો છે.' આપણા આવા પ્રકારના વર્તાવથી તેમને ઘણો આનંદ થયો હતો.

આ પ્રસંગ લખવાનો હેતુ તો એ છે કે કોઈ પણ આપણી મર્દાનગીને પડકાર કરે ને તે આપણે નીચી મૂડીએ સહન કરી લઈએ તો તે મુદ્દલે યોગ્ય નથી. જોકે એ પણ ખરું છે કે જીવનમાં કેટલીક વખત આવા પ્રસંગ ઊપજતાં વિવેક પણ રાખવો પડે છે, નમ્રતા પણ રાખવી પડે છે. આંધળિયાં

કરીને એકદમ ભૂસકો મારવો તેનું નામ સાચી મર્દાનગી નથી. આપણા સાધનાના ક્ષેત્રમાં પણ આપણી મર્દાનગીને અનેક વાર પડકાર થાય છે. એટલા માટે મારી તો બધાં સ્વજનોને વિનંતી છે કે જીવનની મર્દાનગીને સદાય જીવતી રાખજો. મર્દાનગી દાખવવાના પ્રસંગે કદી પણ પીઠ ફેરવશો નહિ. પરાક્રમને વાપર્યા કરવાથી જ પરાક્રમ વિશેષ પરાક્રમમાં પ્રગટે છે. શૌર્ય, સાહસ, હિંમતનું પણ તેવું જ છે. પહેલાં પહેલાં જ્યારે પણ મને કોઈ કહે કે ‘અમુક સ્થળ તો ભારે ભયંકર છે અને ત્યાં કોઈથી પણ જઈ શકાય તેવું નથી,’ ત્યારે તેવે સ્થળે અભયની ભાવના કેળવવાના હેતુથી ત્યાં ત્યાં હું તો બેધડક જતો અને મારા સાધનાના ભાવમાં એકાગ્રપણે પ્રભુકૃપાથી રત રહેવાનું બન્યા કરતું. તમને સર વૉલ્ટર સ્કૉટની પેલી બે લીટીઓ યાદ છેને ?

For, if a path be dangerous known,
Danger's self is lure alone

(જો કોઈ રસ્તો ભયંકર રસ્તા તરીકે જાણીતો હોય, તો એ જોખમ કે ભય જાતે જ શૂરવીરને તે રસ્તે જવાને આકર્ષે છે.)

એ રીતે મને પણ પ્રભુકૃપાથી પરિસ્થિતિ કે સ્થળનાં ભયંકરતા અને ડર તેનો સામનો કરવાને પ્રેરતાં. જીવનમાં સાહસ, હિંમત, શૌર્ય વગેરે ભાવના કેળવવાને માટે પ્રસંગ એ તો ધાર તેજ કરવા માટેના પથ્થર જેવો છે. એવા પ્રસંગને જ્યારે જ્યારે તક સાંપડે ત્યારે ત્યારે ઉમળકાથી વધાવી લેવાનું કરવું.

*‘જીવનદર્શન’, પહેલી આ., પૃ. ૨૯૭ થી ૩૦૧*

• • •

## ગાંધીજીના પોકારોનું પરિણામ

જીવનવિકાસની ભાવનાને કેળવવાને કાજે ને તેની પરાકાષ્ઠાએ પૂર્ણત્વ પામી શકવાને કાજે પ્રભુકૃપાથી જે જે સાધનોનો અભ્યાસ થયા કરવાનું બન્યું છે, તે તે પગલાંની હકીકતનું જ્ઞાન હજી પણ મને રહ્યા કરેલું છે અને તેનો પણ રસિક ઈતિહાસ છે. પ્રભુકૃપા પ્રગટતાં તે પણ જ્યારે વ્યક્ત થવાનું હશે, ત્યારે થશે. એવી કશી ઉતાવળ નથી. અને આપણું સાધનાનું તેવું લખાણ વ્યક્ત થવાથી જગતને અને સમાજને લાભ થઈ જવાનો છે, એવું પણ કશું નથી. આપણા દેશમાં અનેક અવતારો થઈ ગયા, કેટકેટલા મહાત્માઓ પ્રગટી ગયા અને ખુદ હાલના કાળમાં પણ મહાત્મા ગાંધી 'અહિંસા' 'અહિંસા' પોકારી પોકારીને લોકોને તે પ્રમાણે વર્તવાને કહે છે, પરંતુ એ પ્રમાણે કોણ વર્તી શકવાનું ? લોકોને કશી જીવનની તો પડી નથી. ખુદ શ્રીકૃષ્ણ અવતારી પુરુષ હતા, તોપણ તેમને તેમનાં કુટુંબીઓ પિછાની શક્યાં ન હતાં. અને સંબંધીઓ અને કુટુંબીઓ એવા જાદવો દારૂ પીને માંહોમાંહે લડીને સર્વનાશને પામ્યા. શ્રીમદ્ ભાગવત અને મહાભારત તો એમ કહે છે કે ખુદ કૃષ્ણને જ પોતાના કુળનો નાશ કરાવવો હતો તેથી તેમ બન્યું, પરંતુ મારો આ લખવાનો હેતુ જુદો છે. શ્રીકૃષ્ણ પોતે સાક્ષાત્ અવતારી પૂર્ણપુરુષ હતા, તોપણ તેમની અસર તેમના શરીરનાં સ્વજનો ઉપર યોગ્ય પ્રકારની પડેલી નથી તે તો દેખીતી હકીકત છે. કેટલાયે મહાત્માઓને તેમનાં કુટુંબીજનોએ અવગણ્યા પણ છે અને અવહેલના પણ કરેલી છે, અને

તેમના જીવનના મહત્ત્વને ભક્તિપૂર્વક તેઓ પારખી શકેલા નથી. આવા આવા મહાન ધુરંધર અવતારી પુરુષો પાકી ગયા અને કેટલાય સંતમહાત્માઓ પાકી ગયા, અને તેમણે પોતપોતાના અમૂલ્ય અનુભવો વ્યક્ત કર્યા છે પણ ખરા, તેમ છતાં સમાજ તો છે તેવો ને તેવો જ રહ્યો છે. આવા આત્માઓના સંસ્કારને ઝીલનાર કોઈ નથી, એમ મારું લખવાનું તાત્પર્ય નથી. **ગીતામાતા તો સ્પષ્ટ કહે છે કે તેના ભક્તને બચાવવાને માટે ભગવાન અવતાર લે છે. તેનો અર્થ તો એ છે કે તેવા મુક્તાત્માઓનો લાભ તેવા તેવા પ્રકારની ભૂમિકાવાળા જે જીવો હશે તેટલા જ માત્ર લઈ શકશે.** એટલા માટે જ મારી જીવનવિકાસની સાધનાનો ઈતિહાસ લખવાને ઉતાવળ કરવાનું મને કદી પણ દિલ થયું નથી. તમને બધાંને આવા કાગળ લખી વ્યક્ત થવાનું પણ તમે બધાં મારી સાથે સાધનાના હેતુથી સંકળાયાં, તેવાં નિમિત્તકારણને લીધે જ એની કૃપાથી બને છે.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૨૧૩-૨૧૪*

• • •

બીજાંને સુધારવાની ફિકર-ચિંતા આપણે મૂકી દેવાની છે. બીજાંની સેવા કરવાનો અને બીજાંને સુધારવાનો ઈજારો લઈને જો આપણે ફર્યાં કરીશું, તો આટલું તો સમજો કે જે આપણે જ હજી સુધરેલા નથી, તે બીજાંને શું સુધારી શકવાના છીએ ? સેવા કરવાની ધૂન તો ઉત્તમ છે, પરંતુ સેવા કરવા માટેનો અધિકાર જોઈશે. સેવા કરવાની ભાવનામાં પણ આપણે માણસોની સાથે સંબંધમાં, સંપર્કમાં આવવું પડે છે.

આપણાં પોતાનાં પ્રકૃતિ ને સ્વભાવ જ્યાં સુધી દ્વંદ્વાત્મક છે ને અનેક પ્રકારના રાગદ્વેષથી તે ભરેલાં છે, તેવા પ્રકારનાં પ્રકૃતિ ને સ્વભાવથી સેવા કરવા જતાં સર્વ જીવોની સાથેના સંબંધમાં અને તેવા પ્રકારના કર્મમાં પણ (તેવા પ્રકારનું કર્મ પણ આપણાં પ્રકૃતિ ને સ્વભાવ વડે કરીને તે બધું થતું હોવાથી) રાગદ્વેષ જન્માવતા રહીશું, ભેદ વધારતા રહીશું અને સંઘર્ષણ વધારીશું. આપણો હેતુ ભલેને ઉત્તમમાં ઉત્તમ હોય, પરંતુ આપણાં પોતાનાં પ્રકૃતિ ને સ્વભાવ ઉત્તમમાં ઉત્તમ નહિ હોવાથી એટલે કે રાગદ્વેષથી મોકળાં થયેલાં નહિ હોવાથી આપણાં પોતાનાં જ રાગદ્વેષાત્મક પ્રકૃતિ ને સ્વભાવ તેવા જ પ્રકારનાં કૂંડાળાં રચવાનાં છે, તે નક્કી જાણશો. આપણે બંને તો સેવાના ક્ષેત્રમાં હજી અત્યાર સુધી હતા, અને તે સેવાના ક્ષેત્રમાં આપણે ઘણા સમય સુધી કામ પણ કરેલું છે. સેવાની ખરેખરી સાચી યોગ્ય ભાવના જો પ્રગટેલી હોય, તો તેથી કરીને તો ભેદ ઘટે, કદાપિ વધે નહિ ને પરસ્પરનાં દિલનો સુમેળ પ્રગટતો રહે. આવા પ્રકારની ભાવનાત્મક સેવાથી સમાજની ભાવના પણ ઊંચી દશામાં જરૂર પ્રગટી શકે.

પરંતુ તે કરવા માટે પ્રથમ તો આપણે આપણાં પોતાનાં પ્રકૃતિ ને સ્વભાવને તેની સાત્ત્વિક ભાવાત્મક સ્થિતિમાં પ્રગટાવવાની ઘણી ઘણી જરૂર છે. આજકાલ તો જે તે કોઈ સેવાનો ઝંડો લઈને સમાજમાં ઘૂમ્યા કરે છે, મહાત્મા ગાંધીજી તો ઘણીયે વાર શુદ્ધિ, શુદ્ધિની બૂમો પાડ્યા કરે છે, પરંતુ તેમનું સાંભળે છે કોણ ? અને તે તો કહે છે કે ‘સ્વરાજ

આવશે ત્યારે જો શુદ્ધિ નહિ પ્રગટી હોય તો તે આપણે પચાવી શકીશું નહિ.' શુદ્ધિની અનિવાર્યતાની હકીકત તે બાંગ પોકારી પોકારીને સમાજ આગળ મૂકે છે, પરંતુ સાંભળે છે કોણ ?

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૨૪૬-૨૪૭*

• • •

## ગાંધીજીના સિદ્ધાંતમાં ભગવાનનો ભાવ

તમારા એક કાગળમાં પૂજ્ય ગાંધીજીના સિદ્ધાંતની બાબતમાં કંઈક હતું, તો તે બાબતમાં લખવાનું કે એમના સિદ્ધાંતમાં પણ ભગવાનનો ભાવ જ વ્યક્ત થઈ રહેલો છે. તે આપણી પ્રજાને માટે ઘણો મહત્ત્વનો છે અને પ્રજાના ઘડતરનું કામ કરી રહેલો છે, પણ એમાં એક જ બાજુનું જે વધારે પડતું મહત્ત્વ આપવામાં આવે છે, ને પકડમાં રહેવાનું થયું છે, તે જોકે લોકોને-આપણા દેશની પ્રજાને માટે જરૂરનું છે, તોપણ સાધનાની નજરે જોઈએ, તો એની પકડમાં કે કશા ઉપર એક જ બાજુનું વધારે પડતું મહત્ત્વ ને ઝોક આપવામાં સાધકનો એ વાતાવરણમાં જ જકડાઈ જવાનો પૂરો સંભવ રહે છે, ને પછીથી એ જ દૃષ્ટિથી પર થઈને સમગ્ર રીતે જોવાની અને અનુભવવાની વૃત્તિ અને વલણ સાધક ગુમાવી બેસે એવો પૂરો સંભવ રહે છે. તેથી, તે ઓછો ઉપયોગી છે. એટલે આપણે તો એની પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિભરી નજરે જોવાનું છે, એટલું જ નહિ પણ જે જે બધાં એ યજ્ઞમાં હોમાતાં હોય, ઝુકાવતાં હોય તે બધાં સાથે ખૂબ પ્રેમભરી હમદર્દી ધરવાની છે. તે ઉપરાંત, આપણાથી કશાની પકડમાં

જકડાઈ ન જવાય, એટલું સાવચેતીભર્યું લક્ષ રાખીને પછી એ બાબતમાં જે કંઈ થઈ શકે તે કરતાં રહેવું ઘટે છે. કોઈ પણ જાતના ઊર્ધ્વગામી પથિકને એને ઉત્સાહમાં, એના વલણમાં, એના જોમમાં, સાહસમાં, હિંમતમાં ને હોમાવાની તમન્નામાં કોઈ પણ જાતનો દ્વિધાભાવ થાય, એના દિલમાં ગડમથલ કે હલનચલન થાય એવું કશું આપણાથી થવું ન જોઈએ, એનો મતિભ્રમ કરાવવામાં આપણાથી પડાય નહિ. પૂજ્ય ગાંધીજીના આત્મબળ આગળ આપણે તો બિચારાં પતંગિયાં જેવાં છીએ- જોકે આ તો આપણી સમજણના દૃષ્ટિબિંદુ માટે લખ્યું છે. સાંસારિક વ્યાવહારિક બાબતમાં રચ્યાપચ્યા રહેનાર કરતાં જે કોઈ, કોઈ પણ દિશામાં ઊર્ધ્વગમન માટે મથતું હોય, તેને આપણે સર્વ પ્રત્યે સહાનુભૂતિવાળી ને પ્રેમવાળી દૃષ્ટિ રાખ્યા કરવાની છે.

*'જીવનપગથી, ત્રીજી આ., પૃ. ૨૫૪*

• • •

## ગાંધીજીની શ્રદ્ધા

આધ્યાત્મિક ભાવનાને ખેડી રહેલા...માસિકમાં પૂજ્ય મહાત્માજી વિશે જે લખેલું છે, તે યથાર્થ લાગતું નથી. આવા સત્ત્વશીલ સાધુ-સંતપુરુષો મહાત્માજીની જીવનશક્તિને કેમ નહિ સમજી શકતા હોય, તે કલ્પનામાંયે આવી શકતું નથી. તેમ છતાં પૂજ્ય સ્વામીજીના પત્રોમાં મહાત્માજી વિશેનું લખાણ વાંચીને પણ એમની પ્રત્યેનો મારો આદરભાવ ઘટ્યો નથી.

૧૯૩૨માં નડિયાદમાં સંતરામ મહારાજની શતાબ્દી સંવત્સરી હતી. તે અંગે ત્યાં ઘણા મહાત્મા, સંતપુરુષો, સાધુ

સંન્યાસીઓ પધારેલા, તેમાં અનેક પૂજનીય વિભૂતિઓ પણ હતી. તે મહાપુરુષોને હરિજનોને બોધ આપવા લઈ જવા કેટલીય મહેનત કરવી પડી હતી.

જેમ ધર્મતત્ત્વને પામવા માટે શરીરની પૂરેપૂરી જરૂર છે, તેવી રીતે સમાજ શરીર પણ અખંડ રહે અને સમાજમાં ધર્મની ભાવના જીવતી રહે, તે માટે સમાજમાં કોમોની વચ્ચે પરસ્પર શુદ્ધ, નિર્મળ ધર્મભાવના ઓતપ્રોત રહે તે પણ તેટલું જ જરૂરી છે. તે વેળાએ હરિજન સેવક સંઘના કેટલાક મુખ્ય કાર્યકર્તાઓ તો જેલમાં હતા. હરિજનોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર પાદરી લોકો તેવા મેળાઓ વખતે ખાસ કરતા.

એ જોઈને શતાબ્દી સંવત્સરી સમયે ત્યાં આવેલા બધા સંન્યાસીઓને મળેલો, પણ પડી ગયેલા રિવાજથી જુદી રીતે વર્તવાની બાબતમાં સંસારી સમાજના જેટલી જ રૂઢિચુસ્તતાનાં સંન્યાસીઓમાં પણ દર્શન થયાં, પણ જે લીધું તેના ઉકેલ માટે એકેએક ઉપાય તો લઈ ચૂકવો જ. તે માટે મંડતાં મંડતાં આખરે એક મહાતેજસ્વી અને નામાંકિત સાધુપુરુષને હરિજનોમાં બોધ અપાવવા લઈ જવાનું બનેલું, પણ એમાં પણ એમની પાછળ પડીને તે કરાવ્યું હતું. સ્વયંપણે હૃદયનો ઉમળકો તેમાંયે ન હતો.

સાધુ સંન્યાસીઓમાં પણ વાડાઓ, મતમતાંતરો અને રૂઢિઓ લગભગ સમાજ જેટલાં જ સજ્જડ છે. એમાંથી મોકળા થવું એમને માટે પણ એટલું જ મુશ્કેલ છે. એ પણ એક જાતનો સંસાર છે અને ગતાનુગતિક, ઘરેડમાં ચાલ્યા કરનારો છે. એમાં ઉત્તમ સાધુ મહાત્માઓ નથી એમ

કહેવાનો હેતુ નથી. જે સંસ્થાની પાછળ સંસ્કાર છે, તપશ્ચર્યા છે, જીવનની આહુતિ છે અને જે સંસ્થા નર્યા ત્યાગમાંથી જ જન્મેલી છે, તે સંસ્થા કોઈ કાળે મૃત્યુ પામવાની નથી. કોઈ ને કોઈ કાળે અને કોઈ ને કોઈ ગૂઢ રીતે, તે નવચેતનવંતી થવાની જ છે એમાં સંશય નથી. આખરે તો એવાં સમર્પણશાળી જીવનથી જ નવી જ્યોત પેદા થવાની છે, એ વાત પણ નક્કી છે.

પણ આજકાલ તો પૂજ્ય ગાંધીજીની બાબતમાં સાધુ સંન્યાસીઓમાં અવળો પ્રચાર ચાલે છે, પણ ગાંધીજી તો આત્માની ઝાંખી અર્થે જ સર્વ કામ કરે છે. પ્રત્યેક કર્મની અંતરમાં એમની જીવંત ધારણા તેવી રહે છે. એમની ભગવાન ઉપરની શ્રદ્ધા જીવતીજાગતી છે :

‘આવા વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શન સારુ જીવમાત્રની સાથે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે, અને તે કરવાને ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજકારણમાં ખેંચી ગઈ છે. મને આ પૃથ્વીના અશાશ્વત રાજ્યની કામના નથી. મારો પ્રયાસ તો ઈશ્વરના ધામમાં પહોંચવાનો એટલે મોક્ષ મેળવવાનો છે. એ મોક્ષ સ્વદેશની અને જગતની અવિરત, અવિશ્રાંત સેવા કરવાથી જ મળી શકે એવું મારું માનવું છે. હું જીવમાત્રની સાથે ઐક્ય, તન્મયત્વ સાધવા ઈચ્છું છું. ગીતાની ભાષામાં કહું તો શત્રુ તેમ જ મિત્ર બંને પ્રત્યે સમત્વની સ્થિતિ મારે મેળવવી છે.’

ગાંધીજી ઈશ્વરને 'શ્વાસોશ્વાસનો સ્વામી', 'નિમકનો દેનારો', 'દીવાદાંડી' ગણે છે. તેઓ કહે છે કે 'એ સર્વનો પેદા કરનારો છે. તે ન હોય તો આપણે નથી.'

આ અવિચળ દૃઢ ઈશ્વરશ્રદ્ધાએ એમનામાં નવું જ વ્યક્તિત્વ ઉત્પન્ન કર્યું છે, અને એ વ્યક્તિત્વનો પ્રભાવ, એની ધગશ અને એનો પ્રેમ આપણે સૌ જોઈએ છીએ અને અનુભવીએ છીએ. એમને અનુભવ થયેલો છે કે આધ્યાત્મિક તત્ત્વ એમની સમીપ અને અંતરતર છે. એનાથી વધારે નિકટ અને પ્રિય બીજું કશું નથી. એ તો કહે છે કે 'એ નચવશે તેમ નાચીશ.' Times of India તો એમને 'The Greatest Bluffer' કહે છે, પણ એના જેવું કશું નથી, પણ પરદેશીને એની આવી બોલી ન સમજાય તે પણ સમજી શકાય એવું છે. વળી, તેઓ કહે છે :-

'એવી કોઈ અકળ અને ગૂઢ શક્તિ છે, જે વિશ્વંભર છે, સર્વવ્યાપી છે. હું એને જોતો નથી પણ અનુભવું છું. આ અદૃષ્ટ શક્તિ અનુભવાય છે અને છતાં તેનો કશો પુરાવો આપી શકાતો નથી, કેમ કે હું મારી ઇંદ્રિયોથી જેનો અનુભવ કરું છું તે સર્વ વસ્તુઓ કરતાં આનું રૂપ કંઈ જુદું જ છે. તે બહારના પુરાવાથી સિદ્ધ નથી થઈ શકતી, પણ જેમણે અંતરમાં એ ઈશ્વરની હાજરી ખરેખરી અનુભવી છે, તેમનાં આચરણ અને ચારિત્ર્ય બદલાઈ જાય છે અને એ પરિવર્તન જ ઈશ્વરની હસ્તીની સાક્ષી પૂરે છે. એવો પુરાવો સર્વ દેશના અને સર્વ યુગના પેગંબરો અને ઋષિમુનિઓના અનુભવમાંથી મળી આવે છે.' વળી, આગળ તે પોતે કહે છે :-

'એ વસ્તુ કદી દલીલનો વિષય બની શકતી નથી. તમે મને દલીલ વડે બીજાઓને ગળે ઉતારવાનું કહો તો મારે હાર જ કબૂલવી રહી, પણ હું તમને એટલું તો કહી શકું છું કે તમે અને હું આ ઓરડામાં બેઠેલા છીએ, એ હકીકતની મને જેટલી ખાતરી છે, તેના કરતાં વધારે ખાતરી મને ઈશ્વરના અસ્તિત્વની છે. હું એમ પણ કહી શકું છું કે હું હવા અને પાણી વિના કદાચ જીવી શકું, પણ ઈશ્વર વિના નહિ જીવી શકું. તમે મારી આંખો ફોડી નાખો તેથી હું મરવાનો નથી. મારું નાક ઉડાવી દો તેથીયે હું મરવાનો નથી, પણ તમે ઈશ્વર વિશેની મારી શ્રદ્ધાને સુરંગ લગાવીને ઉડાવી દો તો હું મૂઓ સમજજો.'

તે ઉપરાંત :

'જે ક્રિયા મારામાં ચાલે છે, તે અંતર્યામીની છે એમ કહી શકાય કે નહિ તે હું નિશ્ચયપૂર્વક નથી જાણતો, પણ ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારા મોટામાં મોટાં કહેવાયાં છે તે, અને નાનામાં નાનાં ગણાય તે કાર્યો કર્યાં છે, તે તપાસતાં તે અંતર્યામીનાં પ્રેરાયેલાં થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગ્યું. અંતર્યામીને મેં જોયો નથી, જાણ્યો નથી. જગતની ઈશ્વર વિશેની શ્રદ્ધાને મેં મારી કરી લીધી છે. એ શ્રદ્ધા કોઈ રીતે ભૂંસી શકાય એવી નથી. તેથી, એને શ્રદ્ધારૂપે ઓળખતો મટી અનુભવરૂપે જ હું ઓળખું છું.'

આ વચનો અંતરના ઊંડાણમાંથી બોલાયેલાં છે. એની પાછળ એમના આત્માનો રણકાર-ઝણકાર છે. તે જાણે આપણા જીવનને સ્પર્શ્યા કરતો હોય, અને એવું આપણને અનુભવમાં

તે તે કાળે આવ્યું હોય એમ લાગ્યા કરેલું છે. એમની વાણી આપણા હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. એનું કારણ એ છે કે એમના શબ્દો માત્ર ખાલી ખાલી બોલાયેલા નથી, પણ એની પાછળ એમના આત્માનું પ્રેરણાત્મક બળ મુકાયેલું છે. શબ્દોની પાછળ આત્મા રમત રમી રહેલો છે. એમનો માનવીની સેવાનો ખ્યાલ એટલે પ્રભુની જ સેવાનો ખ્યાલ છે. ભલે આપણે બધાં એ રીતે દેશભક્તિ કે સેવાના ક્ષેત્રમાં જીવંત ખ્યાલ ન રાખી શક્યાં હોઈએ.

પણ તેથી એમના જીવનધ્યેયને ઝાંખપ લગાડવાનું આપણાથી કેમ બની શકે ? એમના એકલાના જ અંતરાત્માની ઝંખનાએ કરીને સમાજને એમણે કેટકેટલો પ્રાણ આપ્યો છે ! તામસ અને જડતા ભરેલા સમાજને એમણે જાગતો કર્યો છે. એમની એ સેવા આપણાથી આંકી શકાય એમ નથી. એ દેખીતી વાત સાધુ સંન્યાસીઓના ખ્યાલમાં નથી ઊતરી શકી એ એક દુઃખદ ઘટના છે.

પણ તેથી કરીને આપણે તો સર્વ પ્રત્યે આદરભાવ અને પ્રેમભાવની ભાવના જ કેળવવી રહી. જેણે જેણે પોતાની માન્યતા પાછળ પોતાના જીવનને નિચોવી નાખ્યું છે તેવા જ લોકો પોતાની માન્યતાઓને દૃઢ અનુભવમાં આણી શકે છે, અને તેવાઓ સદા વંદનીય જ છે.

*'જીવનસંદેશ', બીજી આ., પૃ. ૩ થી ૮*

• • •

**ગાંધીજીની જેલમુક્તિ વખતે-**

આજે બપોરે અહીં આવ્યા છીએ. પવનની ઠંડી લહેરો આવે છે. ઘણે વખતે મીઠા બાજરીના રોટલા, ચોખ્ખું ઘી

અને ઘરનાં ઢોરની મઝાની છાશ અને દહીં જમીને આ કાગળ તમને લખીએ છીએ.

પ્રિયજનની પ્રિયજનને માટે હૃદયથી કરેલી શુભવાંછના કદી પણ ફળ્યા વિના રહી શકતી નથી. તમે તમારા તા. ૧૩મીના પત્રમાં પૂજ્ય....અમને પ્રેમભર્યો સત્કાર આપે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી અને એમણે અમને તારથી જ આમંત્રણ આપ્યું. તમારા આવા પ્રેમભાવ માટે હૃદયથી કદર હોવા છતાં કદર નથી એમ પણ કહું તો ઓછું ન આણશો. આપણું જીવન ઘણા માનવીઓ કહે છે તેમ ક્ષણભંગુર છે. જીવનમાં આપણે બીજું કોઈ ધ્યેય સ્વીકાર્યું નથી. પ્રભુને માર્ગે જ જવું છે, તો પછી હવે તેમાં ઉત્સાહ, ખંત, રસ વગેરે પૂરેપૂરો જીવતોજાગતો પ્રત્યક્ષપણે તેવા જીવનમાં ફલિત થતો ન અનુભવાય ત્યારે ત્રાસ તો થાય જને ? શું આપણે બધાં વાતો કરવા ભેગાં થયા છીએ ? અને આપણા જીવનમાં નક્કરપણું જામતું ન અનુભવાતું હોય તો સુખ આરામની ભાવના કેમ કરીને જાગે ? તમે કહેશો કે 'હું શું કરું કે જેથી ઉપરનું બધું થાય, જે કંઈ બને છે તે કરી છૂટું છું.' બુદ્ધિની ગ્રંથિ તોડાવવા ભગવાને જે કૃપા કરી છે, તેમ છતાં બુદ્ધિના દોર હજી ઢીલા થયેલા લાગતા નથી. ઘોડા ઉપર બાંધેલું જીન જેમ તંગ હોય તેમ બેસનારને તેમ જ તે સાથે ઘોડાને પણ સગવડતા ભરેલું થઈ પડે છે. એવી રીતે જેની બુદ્ધિમાં શરણાગતપણું પ્રગટ્યું છે, તેને પછી તો જીવનના સર્વ કોઈ ક્ષેત્રમાં પ્રભુનો ભાવ જીવતો રાખ્યા કરવાનું શક્ય બનતું હોય છે. એક વેશ્યા, એક જુગારી, એક કસાઈ કે એક

રાજકીય રમતનો ખેલાડી-આવા લોકો પણ, જો તેમની બુદ્ધિ ભગવાનને શરણે ગઈ હોય તો તેમના તેમના ક્ષેત્રમાંયે ભગવત્ ચિંતવન જરૂર હૃદયથી કરી શકે છે. એટલે આપણે બુદ્ધિને પકવવાની છે. એ બુદ્ધિ પાકવાને માટે કે પકવવાને માટે ભગવાન સાધકને પ્રસંગો તો જરૂર આપે છે જ, પરંતુ આપણી જાગૃતિ, ઉત્કટતાભરી તૈયારી, તેટલા પ્રમાણમાં ન હોવાથી તે પ્રસંગો આપણા માથા ઉપરથી સરી જાય છે.

એક જ દાખલો આપીશ. ભગવાન આપણને તેની સેવા કરવાની અણધારી તક આપે છે, પણ આપણને કશી ગતાગમ હોતી નથી. તા. ૬ઠ્ઠીનો દિવસ હતો. દૈવાસુર સંપત્તિના યુદ્ધજીવનમાં તે દિવસ દૈવી સંપત્તિની જીતનો હતો. એટલું જ નહિ પરંતુ એક મહાન જુગ જુગ જૂની આર્યપ્રજાના મૃતવત્ જીવનમાં ચેતના પ્રગટાવનાર ભગવાનની વિભૂતિ કહો કે કોઈ શરીરધારી દૈવી શક્તિ કહો, તેને પરાણે છોડવી પડી.* તે દિવસે આપણાથી કોઈ સુંદરમાં સુંદર કાર્ય થાય તો ભગવાનની એ પરમ કૃપાના શુભ આશિષ પગલાં તરીકે આપણે એને સમર્પણ કરી શકીએ. સારીએ પ્રજાની શક્તિ એને છોડાવવા અશક્ત બની હતી. ભગવાનના આપણી પ્રજા ઉપરના એવા અહેશાનના બદલામાં તે દિવસે કશુંક પણ શુભ કર્મ કરવાનું બની આવે તો ઉત્તમ. પહેલાં તો આપણે સાધક હોવા છતાં આવો વિચાર જ આપણને ન આવે એ જ આપણા બધાની બલિહારી છે. બીજા પ્રકારના જે હશે તેમની વાત આપણે કરવાની નથી. જગત ઉપરની

* પૂજ્ય ગાંધીજીને સરકારે તે દિવસે જેલમાંથી છોડ્યા.

જીવતીજાગતી સર્વ વિભૂતિઓ આપણે મન તો પ્રભુની છે અને તેમનામાં પ્રભુભાવનું આરોપણ આપણે રાખવાનું છે.

અણધારી તક આ રીતે મળી. આગગાડીના ડબ્બામાં તો પ્રિય અને હું બંને હતાં. પાસે વાતો થયા કરતી હતી, પરંતુ જે ચકોર અને જાગેલો હોય તેનું જ તેમાં ધ્યાન દોરાય, અને વળી તેમાં તો આજના દિવસનું પર્વ કોઈ અનેરું હતું. તે દિવસે સેવા કરવાનું સહજમેળે મળી જાય તો તે એક સદ્‌ભાગ્ય ગણાય અને શ્રીભગવાનને ચરણકમળે તે એક અણમોલી ભેટ ધરેલી પણ ગણાય. એવી તક અને પ્રસંગ પણ શ્રીભગવાનની કૃપાએ જ આવ્યો. એક સત્તર વર્ષની કુમારિકાના જીવનને બચાવી લેવાનું બન્યું. એટલું જ નહિ પરંતુ તે કુમારિકાના જીવનને કોઈ પણ રીતે સંસાર-વહેવારમાંથી પણ નીકળી જવાનું ના બન્યું અને જેની સાથે વિવાહ થયેલો તેની સાથે જ આખરે તો તેને પરણવાનું થયું. એ આખો પ્રસંગ ખુલ્લી રીતે લખવામાં તો સંકોચ થયેલો નથી, પરંતુ આ કાગળ હવે છપાવવાની ભૂમિકા સુધી આવેલો છે, એટલે તેમાંની વિગત ટૂંકાવેલી છે. બાકી તો તમે આ આખી ઘટના જાણો છે. એ આખા પ્રસંગને ભગવાનની કૃપાએ જ ફળાવ્યો છે, પરંતુ નિમિત્ત બનતાં પણ જેનામાં જાગૃતિભરી ચેતના હોય છે, તે જ યોગ્ય રીતે બની શકે છે. એટલે આજના શુભ દિવસે આ મંગળ કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું તે એને જ સમર્પણ હો.

*'જીવનપાથેય', બીજી આ., પૃ. ૧૨૬ થી ૧૨૯*

• • •

## ઉત્સવો પાછળની ગાંધીજીની દૃષ્ટિ

આપણામાં તહેવારો અને વ્રતોની જે ગોઠવણ ને રચના કરેલી છે, તે એટલા માટે કે તેથી કરીને પ્રજાના સંસ્કારો મરી ન જાય ને જે જાગતા હોય, જે ટક્યા હોય, તેમનામાં ને તેમની પાછળની ભાવનામાં નવો સંચાર થાય, નવી સ્ફૂર્તિ આવે, નવા પ્રાણ પ્રગટે ને વેગ મળ્યા કરે. પ્રજાના જીવનના ઘડતરમાં પણ તે ઘણા ઉપયોગી છે. સામુદાયિક જીવનની સળંગ એકતા જળવાઈ રહે, પણ એમાં એક હેતુ હતો. એક જ દિવસે બધાં એક જ જાતની લાગણીમાં ને ભાવનામાં રહ્યા કરે, તો પ્રજાના માનસનું જોર પણ વધે, પરંતુ આજકાલ તહેવાર ને વ્રતનો મહિમા નષ્ટ થઈ ગયેલો જણાય છે. એમાંથી પ્રાણ ઊડી ગયેલો છે, એટલે આપણને એમાં મઝા નથી આવતી, રસ ઊપજતો નથી. હરકોઈ પ્રજાને જીવતી રાખવા આવા નહિ તો બીજી રીતના તહેવાર જાગતા રાખવાની જરૂર જણાઈ છે. સમગ્ર પ્રજાના માનસ ને જનતાની ચેતનાને જાગ્રત કરવાને માટે-'for awakening mass consciousness'-પૂજ્ય ગાંધીજી પણ એવા જ ઉપાયો લે છેને ?

*'જીવનપગથી', ત્રીજી આ., પૃ. ૨૧૦-૧૧*

સંસારવહેવારમાં અનેક પ્રકારના ગમતા, ન ગમતા અને અણગમો ઉપજાવે એવા પણ પ્રસંગો મળ્યા કરવાના અને એમાં આપણી આકરી તાવણી પણ થવાની. એ જો આપણને કઠ્યું, એમાં સંતાપ લાગ્યો કે ક્લેશ ઊપજ્યો કે ચીડ ચડી કે અકળામણ થઈ કે ગૂંગળામણ થઈ તો જાણવું કે આપણે હજી કાચા છીએ. પ્રસંગ મળતાં જો તેનો હૃદયપૂર્વક

પ્રેમભક્તિની ભાવનાથી સ્વીકાર થાય તો એક પ્રકારનો આનંદનો ઉમળકો પ્રગટે છે, પ્રત્યક્ષ પ્રભુપ્રસાદી મળતાં કેટલો ઉમળકો થાય છે ! તેવો ઉમળકો જ્ઞાનપૂર્વક ત્યાં આપણે દઢાવવાનો છે. હૃદયમાં હૃદયથી એવો આનંદનો ઉમળકો જો ઊભરાતો રહી શક્યો તો પ્રસંગનો કે પ્રસંગમાં મળતા કામનો ભાર આપણને કશો પણ લાગવાનો નથી. ભાર કે બોજ લાગે તો જાણવું કે ક્યાંક ચણચણાટની લાગણી છે. જેના દિલમાં આનંદ પ્રગટે છે, તેને તો એક પ્રકારની ધૂનની મસ્તી રહે છે. એવી ધૂનના નશામાં માનવી અબજો ખાંડી કામ કરી નાખે છે. મહાત્મા ગાંધી રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં લંડન ગયા ત્યારે ભાગ્યે જ બે કલાક ઊંઘતા. શ્રી જવાહરલાલ નહેરુ આજે પણ ભાગ્યે ચાર કલાક ઊંઘે છે, એમ સાંભળ્યું છે. એવા એવા દાખલા આપણને પ્રેરણા આપનારા છે. સ્થૂળ કામથી જે જીવ જો ડર્યો કે જરા પણ નાહિંમત થયો, તો તે આધ્યાત્મિક માર્ગમાં ઝાઝો શુક્કરવાર વાળી શકનાર નથી, તે જાણજે.

• • •

તને મારો એક દાખલો આપું. સંઘમાં એક સમય એવો હતો કે પૈસાની તાણ હતી. વેતન મળે એવું હતું નહિ. એટલે દોઢ કલાકનું ટ્યૂશન રાખ્યું. તે ટ્યૂશન કરવા રોજ જતો. તે ઉપરાંત, આશ્રમમાં રોજ સવા કલાક આશ્રમની મોટી બહેનોનો પ્રૌઢ શિક્ષણનો વર્ગ ચલાવતો અને હાલ સંઘની ઑફિસમાં ચાર જણા કામ કરે છે તેટલું કામ એકલે હાથે કરતો. સવારના ૬ થી માંડી રાતના ૯ સુધી કામ

ચાલતું. ત્યારે બપોરે આરામ લેવાનો રહેતો ન હતો. ચા પણ ઑફિસમાં જ બપોરે મા, બા કે ભાભી આપી જતાં, પરંતુ મારા કામના પ્રકારમાં અને તારા કામના પ્રકારમાં ફરક છે. તારા કામના પ્રકારમાં અનેક વ્યક્તિઓની સાથે મેળાપ બનતો હોવાથી સામસામી વૃત્તિઓની અથડામણ પણ થવાનો સંભવ છે. મારા કામમાં એટલા પ્રમાણમાં અથડામણનો સંભવ ન હતો. અથડામણ થાય એવા સંજોગો ઊભા થતા હતા, પરંતુ તેને પ્રભુકૃપાથી સ્પર્શવા દેતો ન હતો. ઘણું જ મૌન જાળવતો. હાલ જેટલું બોલું છું તેવું ત્યારે બોલતો ન હતો. માત્ર બૂમાબૂમ અને કૂદાકૂદ કરતો.

*'જીવનમંડાણ', બીજી આ., પૃ. ૧૦૩*

• • •

## આશાવાદી ગાંધીજી

આશાનિરાશા એ પણ દ્વંદ્વનું એક જોડકું જ છેને ? જીવનનો તે પણ એક ક્રમ છે. કદીક આશા તો કદીક નિરાશા. સવારસાંજ, સુખદુ:ખ, એ જેમ દ્વંદ્વનાં જોડકાં છે અને જીવનમાં રહેવાનાં, તેમ આશાનિરાશાનું પણ સમજવાનું, પણ જેનું ધ્યેય જીવનવિકાસ કાજેનું છે, એવાને તો હજારો અને લાખો નિરાશાઓ વચ્ચે આશા જ પ્રવર્ત્યા કરવાની. કેટકેટલી નિરાશાઓમાં મહાત્મા ગાંધીજીએ કામ કર્યું હતું. છતાં એમના હૃદયની આશાનો દોર કદી પણ ઢીલો પડ્યો ન હતો. એવાની આશાનો દોર કદી જો ઢીલો પડે તો સમજવું કે હવે એનું જીવન ટકવાનું પણ નહિ. માટે, સાધકની આશા તો એવી જોરદાર, પ્રાણવંત અને ચેતનવંત હોવી ઘટે કે તે

કદી ડગે તો નહિ જ. મેરુ ડગે પણ મન ના ડગે એવું નિશ્ચલ અટલ મનને કરી દીધા વિના જીવનનો વિકાસ ના થઈ શકે. એવો સાધક તો જેમાં તેમાંથી આશાના તંતુ જ વણ્યા કરશે, એની આશા અમર રહ્યા કરવાની. આશાના જોર ઉપર તો એનું જીવન નભ્યે જતું હોય છે. 'કલમ' ટ્રિચિ ગયેલી છે અને શરીર હાલમાં નરમગરમ ચાલે છે. ગરમી ઘણી પડે છે. બધાંને સપ્રેમ પ્રણામ.

*'જીવનમંડાણ', બીજી આ., પૃ. ૨૦૨-૨૦૩*

જે જીવ સાચે સાચો ખરો સાધક છે, તે તો મુશ્કેલીઓ, વિઘ્નો આદિ જીવનમાં પ્રગટતાં વધારે સાબદો બને છે. આ જીવની જીવનની કથની લખું તેમાં સાર પણ ન હોય, પણ મહાત્મા ગાંધીજીના જીવનને જુઓ અને વિચારો. એમણે પોતે એકલા હાથે, કેટકેટલી મુશ્કેલીઓ તથા વિઘ્નો આવતાં, કેટકેટલો પુરુષાર્થ કરેલો છે ! નિરાશાની પળો જેવું ઘણાંને લાગતું, તેમ છતાં તે તો સતત પોતાના ધ્યેયને પંથે વળગેલા રહ્યા કરેલા હતા. એવું જ્યાં પ્રત્યક્ષ વરતાય, ત્યાં તેવો જીવ સાચો આરપાર પારદર્શક છે એમ ગણી શકાય. એવા જીવને આપણા જેવા પામર જીવો પામવાનું કે માપવાનું કરીએ તે જ આપણાં અજ્ઞાન અને મૂર્ખામી છે. એવાને જો ખરી રીતે હૃદયથી સમજવાનું ઇચ્છતાં હોઈએ, તો તે તે રીતે જીવીને તેમ થઈ શકતું હોય છે.

*'જીવનસોપાન', બીજી આ., પૃ. ૨૭૮*

જીવનમાં હજારો વાર ભલેને નિરાશા મળે, પરંતુ જે સાચી રીતે મથનાર છે, જેના મથવામાં હૃદય છે, જેના મથવામાં પ્રમાણિકપણું ને વફાદારીનો ભાવ છે, જેના

મથવાપણામાં નેક દાનત છે, જેના મથવાપણામાં જીવનના ધ્યેયનું દૃષ્ટિબિંદુ જીવતુંજાગતું રહેલું છે, એવો જીવ ભલેને નિરાશા પામે, છતાં તેવા જીવનો આશાવાદ એવો ને એવો પ્રચંડ રહ્યા કરે છે. પ્રચંડ નિરાશાના વાતાવરણમાં તે કદી મૂંઝાતો નથી કે નથી અકળામણ સેવતો.

મહાત્મા ગાંધીજીનો દાખલો તાજો જ છે. એમણે જે ધ્યેય મેળવવાનું ધારેલું તેની પ્રાપ્તિ થવા કાજે કેટકેટલી કારમી નિરાશાના વાતાવરણમાં એમને પગલાં ભરવાં પડ્યાં હતાં ! અનેક વાર નિરાશ થવાપણું થતાં એમાંથી તેમણે કદી પાછા પડવાપણું કર્યું નથી. તેવી વેળાએ તેમના જીવનનો આશાવાદ લૂલો બનેલો નથી. તેવી વેળાએ તેઓ જીવનમાં વધારે તેજસ્વીપણે પ્રગટેલા છે ને વર્તેલા છે. એમણે આગળ જ પગલાં ભરેલાં છે. જીવન તો સંગ્રામ છે. એવા સંગ્રામને પ્રેમથી સ્વીકારીને પોતાના ધ્યેયને ફળાવવાને જે જીવ મથે છે, તેવો જીવ જ જીવનમાં ટકી શકે છે.

*'જીવનપોકાર', બીજી આ., પૃ. ૩૩૧-૩૩૨*

• • •

## કૃપામાં માનનાર ગાંધીજી

કૃપામાં માનનારો જીવ તો સંપૂર્ણપણે એના પર આધાર રાખતો હોય છે. કૃપા કંઈ એમની એમ મળી જતી નથી. કૃપાને જે જીવ જીવનમાં મહત્ત્વ આપ્યા કરતો હોય, તો એનું કંઈ પ્રત્યક્ષ લક્ષણ તેવા જીવમાં જણાવું જોઈશેને ? કૃપાનો આશ્રય તો આ જીવે સાધનામાં ઘણો જ લીધેલો છે. એ તો કૃપા જ એકમાત્ર માગ્યા કરતો હતો. સદ્ગુરુના કૃપાબળ

ઉપર તો તે ઝઝૂમતો હતો. એના પુરુષાર્થમાં કૃપાનું બળ હતું. સદ્‌ગુરુને જીવનવિકાસને યોગ્ય સંતોષ આપ્યા કરવો, એમાં જ એનું હૃદય પરોવાયેલું રહેતું. કૃપા ઉપર જે જીવનું અવલંબન હોય છે, તેનું જીવન તેજસ્વી અને ખમીરવાળું હોય છે. મહાત્મા ગાંધીજી ભગવાનની કૃપા ઉપર જ આધાર રાખ્યા કરતા હતા. જે તે કંઈ એની કૃપાથી બને છે, એમ તેઓએ લખેલું છે. કૃપા તો સૌથી પ્રથમ છે, પણ કૃપાને માનવાવાળા જીવમાં પુરુષાર્થ કરવાપણું નથી હોતું એમ નથી. પુરુષાર્થ કરવાપણામાં તે કૃપાનો સતત આશ્રય લીધા કરે છે. કશુંયે એકલું નથી. પુરુષાર્થ પણ એકલો નથી અને કૃપા પણ એકલી નથી. હજી કૃપા એકલી હોઈ શકે છે, પરંતુ કૃપા વિનાનો પુરુષાર્થ તો વાંઝિયો પણ નીવડે, જ્યારે જે જીવ કૃપાનું અવલંબન લીધા કરે છે, એને કૃપા યોગ્ય પુરુષાર્થમાં પ્રેર્યા પણ કરે છે. હૃદયથી કૃપામાં માનનાર જીવ કદી પણ અળસિયાંની પેઠે જીવનમાં આળોટ્યાં નહિ કરે. ગળિયા બળદની પેઠે પરોણા ભોંકાતા હોય અને બરડા ઉપર માર પડ્યા કરતો હોય, તોપણ તેનાથી ઉઠાય નહિ એવો થઈને વહેવારવર્તનમાં અને ખાસ કરીને માનસિક વલણોમાં એનાં તાણ અને વહેણમાં ખેંચાયા જતો તો નહિ જ હોય. કૃપાનું જે જીવ સાચી રીતે હૃદયમાં અવલંબન લે છે, તે જીવ તો જેમાં ને તેમાં કૃપાને પોકારે છે, કૃપાનું જ્ઞાનભાન રાખે છે. નાનું બાળક હોય છે, ત્યાં સુધી માનું હૃદય બાળકનામાં સહજમેળે વિના પ્રયત્ને પ્રવર્ત્યા કરે છે. તેમ જે જીવ કૃપાનું અવલંબન હૃદયથી લીધા કરતો હોય તેનું થઈ જવું ઘટે છે.

કૃપાના અવલંબનમાં માનનારો જીવ જો એમ જ માનતો હોય કે તેણે કંઈ કશું કરવાનું નથી, કૃપાને યોગ્ય પણ રહેવાનું નથી અને જેની કૃપા લેવાની છે, તેની ઝંખના-ભાવના-ધારણા આપણામાં પ્રત્યેક પળે જીવતી રાખ્યા કરવાની પણ નથી, તો તેવા જીવનું તેણે માનેલું અવલંબન સાચું નથી, તે નક્કી જાણવું.

*'જીવનસોપાન', બીજી આ., પૃ. ૩૦૧-૩૦૨*

• • •

**(બે અનુભવો)**

**ગાંધીજી પાસે ખુલાસો**

આ જીવ ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગૂજરાત હરિજન સેવક સંઘમાં જોડાનાર સૌથી પ્રથમ વિદ્યાર્થી હતો. તેણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિક સાથે તેના મંત્રી તરીકે કામ કરેલું. વળી, આશ્રમ તથા શાળા ને તે ઉપરાંત સંઘનું હિસાબીકામ ને પત્રવ્યવહારનું કામ (આ ત્રીજું કામ તો થોડાક સમય માટે જ મળેલું) વગેરે વગેરે તો કરવાનાં હતાં. કોઈક સંજોગોને કારણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે હરિજન સેવક સંઘનું કામ મૂકી દેવાનું કર્યું. તે કામનું કેંદ્ર નડિયાદથી ગોધરામાં પલટાયું. એક વખત એવો હતો તે જ્યારે ઉપરની બે સંસ્થા એકીસાથે એક જીવ ચલાવી શકે તે અજુગતું મનાતું હતું. નડિયાદનો હરિજન આશ્રમ તે શ્રી ઇંદુલાલની સંસ્થાઓમાંનો એક હતો અને નડિયાદની હરિજન શાળા તે ગૂજરાત વિદ્યાપીઠના વહીવટ તળે હતી. આ જીવ તે વેળા તે બંનેમાં મુખ્યપદે કામ કરતો હતો. શ્રી ઇંદુલાલે આશ્રમના વ્યવસ્થાપક તરીકે પાંસઠ રૂપિયાનું માસિક વેતન

આપવાનું નક્કી કરેલું, પરંતુ તેમને આર્થિક ભીડ સદાય રહેતી. દર માસે રોકડ રકમ મળે જ એવું તો કશું ન હતું, જોકે ગામડાંમાં કામ કરતા શિક્ષકોને ઘણુખરું તો દર માસે રકમ મળી જતી. વિદ્યાપીઠની શાળાના કામને માટે માસિક પચાસનું વેતન મળતું, 'હરિજન સેવકને આટલું બધું મોટું વેતન !' એવી ફરિયાદ પૂજ્ય બાપુજી (ગાંધીજી) પાસે ગયેલી. તેમણે આ જીવને તેમની કને બોલાવેલો અને મને પૂછેલું કે 'આપણા ગરીબ દેશમાં ગરીબોની સેવાનું વ્રત જેણે લીધું છે, તેને આટલો મોટો પગાર પોષાય ખરો કે ?' મેં ત્યારે જણાવ્યું કે 'મારે કોઈ જીવનનિર્વાહનો કશો બીજો આધાર નથી. મારા મોટાભાઈ કેટલાય સમયથી હરિજનનું ને જાહેર રાજકીય પ્રવૃત્તિનું કર્મ કરતાં કરતાં ક્ષયના રોગથી પીડાતા આણંદની ડૉ. કુકની મિશન હૉસ્પિટલમાં પડેલા છે. તે ઉપરાંત, આ જીવ સાથે બીજા છ જીવોનું પાલનપોષણ કરવાનું છે. મારાં મા, ભાભી વગેરે પણ જાતે ઘણી મહેનત કરે છે.' તે બધી હકીકત પૂજ્ય બાપુજીને જણાવી ત્યારે તેમણે પૂછેલું કે "બે સંસ્થાનું કામ તમે એકલા આટલી નાની ઉમરે કેવી રીતે કરી શકો ?" પ્રભુકૃપાથી તે વેળાએ તેમને સ્પષ્ટપણે જવાબ દેવાનું બની શકેલું કે 'William Pitt, the younger, was Prime Minister of England at the age of 24.'-વિલિયમ પિટ (નાનો) ઇંગ્લૅંડના વડાપ્રધાનપદે ૨૪ વર્ષની ઉંમરે હતો. એ જવાબથી તેઓ ઘણા હસ્યા. ત્યાર પછી તેમણે મને કશું પૂછેલું નહિ, પરંતુ થોડા જ સમયમાં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી મને હુકમ

મળ્યો કે 'તમારે બે સંસ્થામાંથી ગમે તે એકમાં કામ કરવાનું નક્કી કરી લેવું.' કારણ એમ જણાવાયું કે 'તમારા એકલાથી બંને સંસ્થા પૂરેપૂરી યોગ્ય રીતે ન સંભાળી શકાય.'

આ પ્રસંગના બનાવ પછી માત્ર ત્રણેક માસ બાદ તે જ ઉપરની બંને સંસ્થા પાછી આ જીવને જ કામ કરવાને સોંપાયેલી હતી. વળી, તે વેળા આશ્રમમાં રાંધવા કરવાનું, પાણી ભરવાનું ને ભરાવવાનું પણ જાતે કરવાનું આવતું. શરૂ શરૂનો ગૂજરાતમાં તે સૌથી પહેલો આશ્રમ હોવાથી છોકરાંને નાહવું કેમ, પહેરવું કેમ, ઊઠવું કેમ, ધોવું કેમ, વર્તવું કેમ, પથારી કેમ કરવી, જમવું કેમ-મતલબ કે તેમના એકેએક કામમાં આપણે જાતે હાજરી આપી ઊભા રહેવાનું હોય જ. આજની પેઠે તે વેળા વધારે માણસો પણ કામ કરનારા ન હતા. આશ્રમમાં પણ આ જીવ એકલો હતો. શરૂ શરૂના સમયમાં એક હરિજન ભાઈ મદદગાર તરીકે હતા અને વચ્ચે બીજા એક સવર્ણ ભાઈ હતા. તેમના ગયા બાદ તો આશ્રમનો કારભાર આ જીવને જ ચલાવ્યા કરવાનો હતો ને શાળાનો પણ. જે સ્થિતિ ત્રણચાર માસ પહેલાં અયોગ્ય હતી તે જ સ્થિતિ હવે શક્ય ને યોગ્ય કેવી રીતે થઈ ગઈ હશે ! વળી, તે વેળા આ જીવને શરીરે હિસ્ટીરિયાનો રોગ લાગુ પડેલો. તે હકીકત સંઘના બીજા ઉપરી જવાબદાર ભાઈઓ જાણતા હોય, તેમ છતાં કોઈના દિલમાં એમ નથી થતું કે આ ભાઈને બે સંસ્થાનો કારભાર સોંપેલો છે ને તેના શરીરની સ્થિતિ તેને પહોંચી વળવાને યોગ્ય પ્રકારની નથી તો તેને બેમાંથી એક સંસ્થાનો કારભાર સોંપીએ તો ઉત્તમ, પરંતુ તેવું

કોઈને પણ સૂઝેલું ન હતું. અંતે ખેંચાય ત્યાં સુધી ખેંચેલું, ને આ જીવથી જ્યારે થઈ જ ન શકે એવી દશા શરીરની બની, તે વેળા તેણે જાતે અરજી કરેલી કે હવે બે સંસ્થામાંથી એકનો કારભાર સોંપાય તો ઉત્તમ. પછી તેથી આશ્રમને કાઢી નાખી માત્ર એકલી શાળાનો કારભાર આ જીવને સોંપાયો.

આવી હકીકત બની તેવી વેળા મારા એક ગત પામેલા સ્નેહી રોજ મને ટકોરતા. 'સાલા ! તું તો બાયલો છે. તું તો મોટા મોટાની શેહમાં તણાયેલો ફરે છે. તારી જૂની કારકિર્દી જોતાં તને એકમાત્ર નાની નિશાળના માસ્તર તરીકે નીમ્યો છે. તેની તને શું નાનમ નથી લાગતી ? તારું આવું થયેલું અપમાન તું કેમ સાંખી શકે છે ? તારા પછીથી નવાનવા આવેલા આશ્રમના વ્યવસ્થાપક થઈ બેઠેલા છે, ને તું તો તેનો તે બાબતમાં વિરોધ પણ ઉઠાવતો નથી, તે તારું કેવું નમાલાપણું છે ?'

પણ એને હું જવાબ દેતો કે 'ભાઈ ! આપણે તો જ્યાં ત્યાંથી કામ કરવાનું છેને ? પછી આપણે ગમે ત્યાં હોઈએ, ને ગમે તે પદે હોઈએ તેનું કશું જ મહત્ત્વ નથી. આપણે મહત્ત્વ તો કામ કરવા સાથે છેને ?'

તેમ છતાં તે ભાઈનું મન સંતોષાતું ન હતું.

પણ મને જે ૬ વર્ષ શાળાનાં કામનાં મળ્યાં, તે તો પ્રભુની અનહદ કૃપા હતી. જો તેમ ન બનેલું હોત, ને આશ્રમનું કામ મળ્યું હોત તો આ જીવથી સાધનાના ભાવમાં પૂરેપૂરી રીતે પડી શકાયું ન હોત. આશ્રમમાં રહેવાપણું બન્યું હોત તો તો રાતે પણ કામમાં ત્યાં રહેવાપણું બનત. આ તો

નિશાળનું કામ હોવાથી, રાતે છુટ્ટો. તેથી રોજ રાતે તો નડિયાદનાં સ્મશાનાદિ એકાંત શાંત જગ્યાઓમાં જ ગાળવાનું પ્રભુકૃપાથી બનતું. જોકે રોજ સાંજે જમીને રાતે હરિજન-વાસમાં જતો, ત્યાં રામાયણ, મહાભારતની વાતો કરતો, વિદ્યાર્થીઓ પાસે ધૂન, ભજનો આદિ કાર્યક્રમ ચલાવતો, પણ કહેવાનું તાત્પર્ય તો એ છે કે મારા સ્નેહી મને થયેલા ભારે અન્યાયની વાત કહેતા હતા પણ તે અન્યાયના હાર્દમાં તો આ જીવના કલ્યાણનો જ શ્રીપ્રભુનો એકમાત્ર હેતુ હતો. નડિયાદના રહેઠાણનાં ૬ કે ૭ વર્ષ એકલી સાધનાના ભાવથી પ્રભુકૃપાથી વીત્યાં તે કંઈ નાનોસૂનો લાભ નથી. તેવા દેખાતા કે જણાતા અન્યાયમાં સામાવાળાઓનો કશો જ એવો બૂરો હેતુ ન હતો. મારે માટે તો ન હતો જ. કદાચ જો મેં પ્રકટ વિરોધ તે માટે કર્યો હોત તો તેમણે તે અંગે જરૂર વિચાર્યું હોત. તેના વિશે આજે પણ મને સંદેહ નથી, પણ મને એવું લાગેલું જ ન હતું, એટલે પછી તે સંબંધમાં લખું કેવી રીતે ? વળી, સંઘમાં જેમ જેમ નવા નવા ઉત્સાહી કાર્યકર્તાઓ મળતા ગયા તેમ તેમ નવી સંસ્થાઓ પણ ઊભી થતી ગઈ. જેમ જેમ જે જે જેમાં રોકાયા, તેમાં તે રહ્યા. કામની ઉત્તમતાનો સૌથી પ્રથમ ખ્યાલ રહ્યા કરવો ઘટે, તે રીતે જે જે થયા કર્યું તે ઉત્તમ હતું. તે ગાળાના દિવસો જીવનના અતિ ઉત્સાહના પ્રેરણાત્મક ભાવનાવાળા હતા. સહુ કોઈને ઉત્સાહથી કર્મમાં મચ્યા રહેવાનું જ સૂઝ્યા કરતું હતું. ત્યાં કોઈને પણ બીજાંને અન્યાય કરવાનું સૂઝી શકે એવી કોઈની મનોદશા ન હતી.

*'જીવનપોકાર, બીજી આ., પૃ. ૧૧૯ થી ૧૨૩*

• • •

'પહેલાં હું ભીલસેવા મંડળમાં હતો. ત્યારથી પછી હું આ હરિજનોની સેવામાં આવ્યો. પણ અમારા ઠક્કરબાપા હતા-પ્રમુખ અમારા-તે ભીલોનાય પ્રમુખ અને અમારા હરિજનોનાય' પ્રમુખ. તે એક વખત મારે મીરાખડી ગામમાં, અમારા હરિજન સેવક સંઘની કાર્યવાહક સભા હતી-વર્કિંગ કમિટી હતી-તે ત્યાં મારે જવાનું હતું. એટલે ઘેરથી હું તો તૈયાર થઈ થેલો લઈ અને પાણી લઈને...મારો રિવાજ પહેલેથી એવો કે એક જ પાણી પીવું. જ્યાં જઉં તો મારું પાણી લઈ જઉં હું. નિશાળે જઉં કે આશ્રમમાં જઉં તોપણ મારા ઘરનું જ પાણી. મારો લોટો સાથે જ રાખું.

એને માટે તો છેઠ ગાંધીજી સુધી મારા વિશે ફરિયાદ ગઈ કે આ તો તમે-આ છોકરો તો અસ્પૃશ્યતા પાળે છે. પાણી લાવે છે ને પોતાનું જ પાણી પીવે છે. બીજું પાણી પીતા જ નથી.

પછી ગાંધીજીએ મારો ખુલાસો માંગેલ. મેં કહ્યું, 'આવું મારું વ્રત છે. હું પાણી બીજું ગમે તેમ પીશ જ નહિ. એક જ પાણી પીવું છું ને મારું જ પાણી પીવું છું.' તો કહે 'તમે આશ્રમ-નિશાળેથી આવીને નાહી નાખો છો ખરા ?' તો કહ્યું, 'હા નાહું છું. મારો રિવાજ છે અસલથી. પરાપૂર્વથી રિવાજ છે ને એ રિવાજને હું ઉત્તમ ગણું છું કે જમતી વખતે નાહી ધોઈને, ધોયેલાં કપડાં પહેરીને જમવું અને તે આરોગ્યની દૃષ્ટિએ ઉત્તમમાં ઉત્તમ રિવાજ છે. અને હું હજુ આજે-આજદિન સુધી પાળું છું. હરિજન સેવક સંઘમાં ન હતો ત્યારેય પણ એ જ પ્રમાણે પાળતો હતો. અને આજે પણ હું એ જ પ્રમાણે પાળું

છું, પણ એમાં હરિજનોને ને આને કંઈ નિસ્બત નથી, સંબંધ નથી. આ તો એક આરોગ્યનો-આરોગ્યતાના લીધે સંબંધ છે.

અને બધું ગાંધીજીને મેં સમજાવેલું. એટલે કહે, 'બરોબર છે. આનો તો કોઈ વાંધો નહિ-સારી વાત છે તારી.' મેં કહ્યું, 'ગમે તેવાં કપડાં-ગમે ત્યાં ફર્યા હોઈએ અને એને જંતુઓ લાગ્યા હોય. અસ્વચ્છતા હોય, ગંદકી હોય ત્યાં ફર્યા હોઈએ અને એ કપડાં સાથે જ આપણે જમવા બેસીએ એ બિલકુલ સારું નથી, તદ્દન ખોટું છે. એટલે આ જે રિવાજ જે આપણો ચાલ્યો આવે છે એને તો પ્રોત્સાહન આપવા જેવું છે અને એ રિવાજનું આપણે રહસ્ય સમજીએ, એનું વિજ્ઞાન સમજીએ અને એમ સમજીને એ પાળીએ તો એ ઉત્તમ છે. તે રીતે હું આ પાળું છું.'

અને મારા ઘરમાં વૈષ્ણવ ધર્મનું પરિપાલન થાય છે. એટલે માત્ર ધર્મની રીતે પાળું છું એમ નથી. એની પાછળ આરોગ્યનું પણ જ્ઞાન છે, હેતુ છે. અને નાહીધોઈને જમીને-નાહીધોઈને ધોયેલાં કપડાં પહેરવાથી-નાહ્યાથી-જમતા પહેલાં નાહવાથી-ભૂખ પણ ઊઘડે છે, મન શાંત થાય છે, મનમાં હળવાશ રહે છે, પ્રસન્નતા આવે છે અને ધોયેલાં કપડાં જે હોય તે જંતુવિહીન હોય-ઓછાં હોય-હોય ખરાં તોપણ બહારથી ફરી આવેલ હોય અને તે કપડાં હોય અને ધોયેલાં કપડાં હોય-બેમાં ફરક.

*'ટેપ પર રેકોર્ડ થયેલ સત્સંગ' પરથી*

## ગાંધીજી પ્રેરિત સેવા

મારી તો હૃદયની પ્રાર્થના છે કે, આપણે બધાં જે જીવો સેવાના ક્ષેત્રમાં પડેલા છીએ એવા જીવો પણ કર્મનું રહસ્ય, કર્મનું મહત્ત્વ ને કર્મ કરવાની કળા વગેરેને વિશે, કર્મ કરવાથી કરીને જીવનમાં વિકાસની યોગ્યતા પ્રકટે, તે રીતે કર્મને સમજીએ, તે ઘણું ઘણું જરૂરનું છે. કર્મને આચરતી પળે જીવનવિકાસને યોગ્ય પ્રકારની જીવંત ભાવના જીવતી રાખી શકાય, તો તે પણ એક જીવંત કળા છે. સેવાનાં કર્મથી પણ જો આપણા જીવનનો કે બીજાના જીવનનો વિકાસ થતો કોઈ ને કોઈ રીતે ન અનુભવી શકાયો, તો પછી કર્મ ગમે તેટલું ઉત્તમ હોય, તોપણ તે યથાર્થ નથી જ. સેવાનાં કર્મ શેને માટે ? જેના થકી કરી આપણા જીવનમાંના રાગદ્વેષ મોળા પડે, જીવનમાંની આપણી નિમ્નગામી વૃત્તિઓની પકડમાંથી મુક્ત બનતા જઈએ, જીવનમાં શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, ધીરજ, વિવેક આદિ ગુણોની પ્રેરણાત્મક જીવતી સંચાલનપણાની શક્તિ તે તે કર્મ આચરતી વેળાએ પ્રકટતી જતી આપણે અનુભવી શકીએ, તો તો તેવાં કર્મ યથાર્થ પ્રકારનાં છે. કર્મમાંથી કર્મનું ઉત્તમ યોગ્ય જ્ઞાન પણ પ્રકટતું અનુભવી શકાતું હોવું જોઈશે. **જીવનને માટે કર્મ છે,** કર્મ, માત્ર કર્મને માટે નથી. કર્મ કંઈ કોઈ બીજાના ઉદ્ધાર કાજે નથી. કર્મ તો પોતાના જીવનના ઉદ્ધાર કાજે છે, તેવી ભાવના પ્રધાનતઃ કર્મના આચરણમાં જ્ઞાનપૂર્વક આપણામાં જીવંત પ્રકટેલી હોવી જોઈશે. સેવાના ક્ષેત્રમાં પડેલાં આપણે બધાં જીવો વર્ષોનાં વર્ષો સુધી તેમાં પડેલાં છીએ. તેવા

જીવોમાંથી એવાં કેટલાં છે કે જેઓ હૈયે હાથ મૂકીને કહે કે તેઓ રાગદ્વેષથી મોળા પડેલા છે ? કર્મ કરતાં કરતાં ઉપર જણાવેલા છે એવા ગુણોની શક્તિ કેટલાંએ પ્રકટેલી પોતાનામાં અનુભવેલી છે ? વળી, સેવાનું કર્મ તે ગાંધીજીએ બતાવેલા માર્ગમાંનું જ કોઈ ને કોઈ એક પ્રકારનું કર્મ કરતા હોઈએ તો જ તે કર્મ સેવાનું ગણાય એવું તો કશું જ નથી. જે કર્મ આપણા જીવનની સાચી સેવા કરી શકે તેવું હોય, તો તેવાં કર્મથી બીજાંની પણ સેવા થઈ શકવાની છે. મારો હેતુ સેવા ન કરવાપણાનો નથી. તે તો કરવી જોઈએ, પણ સેવા શેને માટે, કયા હેતુને માટે, તેવા તેના કરવાપણાના ઉદ્દેશનું જીવતુંજાગતું જ્ઞાનભાન આપણામાં પૂરી રીતે પ્રકટેલું હોવું જોઈશે. જીવનને વધારે ઉદાત્ત, વધારે વિશાળ, વધારે ઉચ્ચતમ કક્ષાનું પ્રકટાવવા કાજે તેવાં તેવાં કર્મ છે, જીવનમાંના જીવ પ્રકારનાં વલણો ટળ્યા કરે, એટલે કે દ્વંદ્વાદિ વૃત્તિ તદ્દન મોળી પડ્યા કરે, દ્વંદ્વ જ અંતે તો હઠી જાય, તેવો જીવતોજાગતો હેતુ ને તેનું જીવતુંજાગતું પ્રત્યેક કર્મ આચરતી વેળાએ આપણને રણકાર ને પડકાર દેતાં જ્ઞાનભાન પ્રકટેલાં હોવાં જોઈશે.

અંતે અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા પણ રાગદ્વેષની મુક્તિ વિના કદી પણ થઈ શકવાની નથી, તે નિશ્ચયપણે માનવું ને સમજવું. 'અહિંસા' 'અહિંસા' કર્યે કંઈ અહિંસા કદી પ્રકટી જવાની નથી. અહિંસા પ્રકટવા ને પ્રકટાવવા કાજે પણ ભૂમિકાની જરૂર રહે છે. આ જીવે વીસ વીસ વર્ષ સેવાના ક્ષેત્રમાં જ્ઞાનપૂર્વક સાવ મૂંગા મૂંગા રહી કામ કરેલું છે. સેવાનું કર્મ

પણ પોતાના જીવનને કાજે છે, પોતાના જીવનના વિકાસ અર્થે છે. સેવાના ક્ષેત્રના કર્મને ખેડનારા જીવોના ઘણાં વર્ષોના પૂરા સહવાસ પછી, શ્રીપ્રભુકૃપાથી કહેવાની આજે હિંમત કરું છું કે તેવાં જીવોને જીવન શું ને વળી જીવનનો ઉદ્ધાર શું, એવી કશી જ પડી હોતી નથી. એવાં તો સાવ કર્મના માત્ર ચોકઠાં પ્રમાણે જ કર્મ કર્યાં કરતાં હોય છે. એવા કર્મમાંથી પ્રાણચેતના કેવી રીતે પ્રકટી શકવાની ? હા ! જરૂર કર્મ થયા કરે છે, એવો એક પ્રકારનો ખોટો આત્મસંતોષ પ્રકટ્યા કરે છે, જેનાથી કરી બધાં છેતરાયાં કરે છે. વીસ વીસ વર્ષની સેવાવાળા સેવકો જીવનને પ્રમાણિકપણે તપાસે કે પોતે પોતાના જીવનમાં કેટલી શાંતિ, સમતા, પ્રસન્નચિત્તતા, વિવેક આદિ આદિ ગુણોની જીવંત શક્તિ પ્રકટાવી શકેલા છે ? હા, જરૂર એવાં થોડાંક તો હશે, હોય, તેની ના નથી, પરંતુ બહુ મોટા ભાગને જીવનની પડેલી હોય એવું લાગતું નથી.

સેવાનાં કર્મ તો સહુ કોઈએ કરવાનાં હોય છે, તેમાંયે જીવનવિકાસની ભાવના પ્રકટાવવા ઈચ્છતા જીવે તો, સફળ થતાં રહેતાં કર્મ જ્ઞાનભક્તિપૂર્વકનાં જ્ઞાનભાન સાથે પ્રભુપ્રીત્યર્થે જ કર્યાં કરવાનાં હોય છે. ભલે પછી તે કર્મમાં પોતાની વ્યક્તિ સમાયેલી હોય કે બીજા જીવો સંકળાયેલા હોય.

આપણાં કર્મથી કરી જો જીવનમાંના રાગદ્વેષ મોળા પાડી શકાય અને બીજાંને તેમ કરવામાં મદદરૂપ પ્રભુકૃપાથી જો નીવડી શક્યાં, ને કર્મમાત્રનો મૂળ હેતુ જીવનને કોઈ ને કોઈ રીતે ઊંચે તારવવાપણામાં રહેલો છે, તે વિના કર્મનો કશો

જીવતો હેતુ જ ન હોઈ શકે. એવી સમજણ ને તે પ્રમાણેનું જીવનવર્તન પ્રકટાવી શકાય, તો એવાં કર્મ યજ્ઞભાવે કરવા કરાવવામાં જો આપણે જરાતરા પણ એની કૃપાથી ઉપયોગી નીવડી શક્યાં હોઈએ તો શું તેવાં કર્મ 'સેવા' નથી ?

કર્મમાં કર્મના ઉદય પ્રમાણે ને તેના હેત્વર્થે તે ફળ્યા કરે, ને કર્મમાંથી કર્મ આચરવાની યોગ્ય ઉત્તમ કળા પ્રકટ્યા કરે તે આપણે સમજતા રહેવાનું છે.

જે પોતે જ તેવાં કર્મોથી જો હળવા નથી થઈ શકતા, તો પછી તેવા જીવો બીજાંને શું હળવાં કરી શકવાના છે ? હા, જરૂર 'હોહા' થયા કરવાની ને પ્રચાર પણ થયા કરવાનો, પણ તે બધું માત્ર ઉપર ઉપરનું. રાગદ્વેષ વધવાના, ઘટવાના તો નહિ.

અહિંસાની સાચી, જીવંત પ્રાણપ્રતિષ્ઠા તો રાગદ્વેષની મુક્તિના પ્રદેશની હકીકત છે. તેથી આપણે જો સાચેસાચ અહિંસાની જીવનમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાની હોય, તો જીવનમાંનાં વર્તન, વહેવાર વેળાએ આપણામાંથી દ્વંદ્વવૃત્તિ કેમ હઠ્યા કરે, તેના પર આપણાં સકળ દૃષ્ટિ, વૃત્તિ, વલણ જીવતાં રહ્યાં કરવાં ઘટે. સકળ કર્મ દ્વંદ્વાદિ પાશમાંથી મુક્તિ મેળવવા કાજે છે, એનું જીવતુંજાગતું જ્ઞાનભાન આપણાથી થતા જતા પ્રત્યેક કર્મમાં પ્રકટાવ્યા કરતાં રહીએ, તો જ તે તેમ બની શકે. રાગદ્વેષ ટાળવા પરત્વેનું મહત્ત્વ જ આપણા લોકના જીવનમાં જીવતાજાગતા પ્રમાણનું જ્યાં સભાનપણે પ્રકટેલું દેખાતું ન હોય, ત્યાં તેવાં આપણે કર્મ આચરતી પળે તેનું (રાગદ્વેષ ટાળવાનું) જ્ઞાનભાન તો કેમ કરીને રાખી

શકવાના હતા ? એવી કોને પડી છે ? જીવનના ધોરણને આમૂલાગ્રપણે ફેરવી શકે, ને જીવનમાં ખરેખરું કામ આપી શકે, તો તેવી અહિંસા વાસ્તવિક રીતે સાચી હકીકત છે, પણ તેવા પ્રકારની ચેતનયુક્ત અહિંસા કંઈ તારા-મારા જીવનમાં જે છે, તેને અહિંસા કહેવી તે જ આપણું તો નર્યું અજ્ઞાન સૂચવે છે. સાચી રીતે શક્તિપ્રેરક અહિંસા કેળવવાનું જ સાચું જ્ઞાનભાન ભાગ્યે જ કોઈકને પ્રકટેલું અનુભવાય છે.

એટલે સેવાનાં કર્મ જરૂર કરવાનાં છે, પણ જેનાથી કરી આપણે પણ સાચેસાચ કેળવાતાં રહીએ, એ જ મહત્ત્વનો મૂળ હેતુ જીવતોજાગતો આપણાથી થતાં રહેતાં સેવાનાં કર્મમાં રહ્યા કરતો હોય, કર્મમાત્ર બીજાંના ઉદ્ધાર કે સેવા કાજે નથી, પણ પોતાના ઉદ્ધાર કે સેવા કાજે છે, એવું પ્રચંડપણે મહત્ત્વ ઉત્કટ જ્ઞાનભાન સાથે જો પ્રકટેલું રહ્યા કરે, તો તો આપણે પોતે ચેતેલા પ્રભુકૃપાથી રહી શકીએ છીએ. આપ બધાંમાંનો જ આ જીવ પણ એક છે. સેવા શેને કાજે ? શું કરવા ? એનો હેતુ શો ? એવી સેવા કેવા કેવા ગુણોનું જીવનમાં સ્થાપન થવાથી ઉત્તમ રીતે બની શકે ? એવા ગુણો કેળવવા શી રીતે કર્મ કરવાં ઘટે ? એ આપણે બધાંએ વિચારવાનું છે ને શીખવાનું છે.

એવી રીતે જો સેવાકર્મની યોગ્ય સાધના થયા કરતી રહે, તો આપણામાં આપમેળે મતસહિષ્ણુતા, પરસ્પર કાજે યોગ્ય પ્રકારની સહાનુભૂતિ, પરસ્પરને યોગ્ય રીતે સમજવાની શક્તિ, પરસ્પરને યોગ્ય ન્યાય આપવાની પ્રમાણિકતા ને વફાદારી, આપણા પોતાના જીવનમાંના નકારાત્મકપણાને

એનાં સર્વ પાસાંમાંથી સમૂળગું ઉન્નયન કરવાની શક્તિ, આપણા ક્ષેત્રથી બીજી રીતે કર્મ કરવાવાળાના આદર્શને યોગ્ય રીતે સમજીને એનું પણ સાચું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિ વગેરે ગુણો આપણને સાંપડે. સેવાની મૂળ ભાવનામાં તો ત્યાગ, બલિદાન, સમર્પણનો યજ્ઞ સહજ ચાલ્યા જ કરતો હોય છે, એમાં તો જીવપ્રકારની સર્વ વૃત્તિ જ્ઞાનપૂર્વક હોમાતી જતી હોય, પોતે નિષ્કામી બનતાં જતાં જતાં તેમાંથી જ્ઞાનશક્તિનું પ્રકટ થવું-આવું આવું બધું આપણા જીવનમાં કેળવાતું જતું આપણે અનુભવી શકીશું.

જો આમ બનેલું હોય તો તો આપણા સેવાના સંઘમાં ને તેવાં કાર્યોમાં સુમેળ, સંવાદિતા, પ્રાણચેતના, એકરાગ, તાદાત્મ્ય, એકભાવ પ્રકટેલાં રહ્યા કરવાનાં. બાકી તો કોઈ એક ચેતનવંતા પ્રાણચેતનાયુક્ત આત્માની બાંગ* જ્યાં સુધી પોકારાતી હશે, ત્યાં સુધી એને ને એની આજુબાજુ, ટોળાંની જેમ વળગેલાં આપણે બધાં રહ્યા કરીશું.

સ્વતંત્રપણે જીવનના પ્રશ્નને આમૂલાગ્ર વિચારવાની જીવંત શક્તિ કેટલાનામાં છે ? માટે આપણે બધાંએ સેવા કરવાની હોય, ને તે અહિંસા દ્વારા કરવાની હોય, તો અહિંસા જીવનને સાચી, ને એના યોગ્ય અર્થમાં વિકસાવે એવી રીતે કામ આપી શકે તેવી બની શકવા કાજે, એની (અહિંસાની) સેવાભક્તિ જીવનમાં કઈ રીતે આચરવાની હોય તેની સાધનાકળા પણ પૂરેપૂરી રીતે જાણી લેવી ઘટે છે. અહિંસાના પ્રકાર ને અહિંસાની ચેતનાત્મક શક્તિ જીવનના

* હૃદયપોકાર

જુદા જુદા તબક્કામાં ને જીવનની જુદી જુદી કક્ષાઓમાં જુદા જુદા પ્રકારની પ્રવર્તતી હોય છે.

સેવાક્ષેત્રમાં કામ કરનારા સંસારના બીજા ક્ષેત્રના કર્મચારીઓને તેમના તેમના જીવનમાંના કંઈ કંઈ અવગુણોને (દાખલા તરીકે વેપારીવર્ગના કે એવા ઈતર પ્રકારના જીવોના દોષોને) ચીંધવાનું કરે છે, તે હકીકતે ભલે સાચું હોય, પણ તેથી રાગદ્વેષ ઘટવાના નથી, ઊલટા વધવાના છે તે નક્કી જાણશોજી.

પણ તેના કરતાં આપણે પોતે આપણા પોતાના જ જીવનમાંના અવગુણોને ને દોષને વીણીવીણીને એનો મૂળચ્છેદ કરવામાં મશગૂલ રહ્યા કરીએ, તો તે ઉત્તમમાં ઉત્તમ સેવા છે. આપણે બધાં આપણી પોતાની પંચાત કરતાં બીજાંની પંચાતમાં ઘણાં પડી ગયેલા છીએ. સેવા કરવાની સાચી, ખરેખરી, ઉત્કટ ધગશ આપણામાંથી કેટલામાં પ્રકટી છે ?

જીવનના આદર્શને કર્મ દ્વારા જીવનમાં પ્રકટાવનાર જીવો જ તેવા આદર્શ ને તેની ભાવનાને બીજાંનામાં જન્માવવા શક્તિવંત થઈ શકતા હોય છે. આદર્શની ભાવના કેવળ મોઢાના બોલવાથી ચેતનવંતી થતી કદી અનુભવી નથી. એ તો હૃદય દ્વારા જ પ્રકટી શકે છે. રાગદ્વેષથી મોકળા થતાં જતાં હૃદયનું પ્રકટવાનું બનતું હોય છે. જે આદર્શ ને તેની ભાવનાને સમજમાં કોઈએ પ્રકટાવ્યાં હોય, તેમને ચેતનવંતા તો તો જ રાખી શકાશે કે જ્યારે એવા આદર્શને ને તેની ભાવનાને સાંગોપાંગ, વધારેમાં વધારે પ્રમાણમાં, જેટલાં જીવો જીવનમાં જીવતાં કરીને તે પ્રમાણે કર્મને આચરે, તેટલા

ને તેવાં જીવો જ તેવા આદર્શને જિવાડી શકવા સમર્થ બની શકે છે.

બાકી તો આદર્શ એવા મહાન આત્માના જીવન દ્વારા પ્રકટી એને યોગ્ય રીતે ઝીલનાર, સ્વીકારનાર ને ગ્રહણ કરનાર કોઈ ન હોવાથી, થોડોક કાળ વ્યતીત થતાં તે આપોઆપ લય પામી જાય છે. કેટલીક વખતે काळ ભગવાન, નિમિત્ત પ્રકારના આત્માને પ્રકટાવીને સમાજના ચક્રને જેમ ચલાવવાનું કરાવતો હોય છે તેવી રીતે, જીવોને તે પ્રેર્યાં કરાવતો રહે છે, તે પણ એક સમજવા જેવી હકીકત છે.

આ બધી હકીકત કોઈના ઉપર ટીકારૂપે લખેલી નથી. બધા એક જ રથમાં બેઠેલા જીવમાંનો આ જીવ પણ એક છે. અમે બધાં અમારા જીવનઆદર્શની બાબતમાં સાચેસાચ જીવતાં બનીએ ને અમે ઊંડામાં ઊંડી રીતે જીવનનું વિવેકથી, સૂક્ષ્મતાથી, તટસ્થતા-સમતાથી, શાંતિથી, પૂરું યોગ્ય પૃથક્કરણ કરી કરી, અમારા જીવનઆદર્શને જીવનમાંનાં સર્વ પાસાંઓમાં પ્રકટાવીને તે પ્રમાણે જીવવાને કૃતનિશ્ચયી થઈ, તે કાજે જ જીવન છે એમ દૃઢ મરણિયો નિર્ધાર પ્રકટાવીને, એ અર્થે જ જે તે બધું છે એમ સમજીને જ જે તે વહેવારવર્તન કરતાં રહીએ, તો જ જીવી શકવાનાં છીએ. નહિતર તો મડદાલ જેવા અમે કેમ કરી જીવવાના ? આપણે જે મડદાલ જેવાં હોઈશું, તો તેવાં આપણે સમાજને નવચેતનવંતો શું કરી શકવાનાં છીએ ?

પણ काळ ભગવાન સમાજને ઘડવા માગતો હોય છે, ને આપણો સમાજ હવે મુશ્કેલીઓમાંથી પસાર થતો થતો,

અથડાતો, કુટાતો, પછડાતો, ખોડંગાતો ખોડંગાતો આગળ ધપવાનો જ છે. આપણે પણ, काळ ભગવાન જેમ સમાજને ઘડવા માગે છે એનાં લક્ષણો પિછાણીને, તે પ્રમાણે ઘડાવાને હૈયાના ઉમળકાભેર તૈયાર થતા જઈએ, તો આપણે કાળને પણ ટુંકાવી શકીએ તે જરૂર સમજવું. આ બધું પ્રકરણ તો જીવનનો યોગ્ય વિકાસ થવા કાજે કર્મ કરવું ઘટે તે પરથી લખાઈ ગયું તેમ લખ્યે ગયો છું.

*'જીવનપોકાર, બીજી આ., પૃ. ૨૪૮-૨૫૬*

• • •

## ગાંધીજીની પ્રાર્થનાનિષ્ઠા

શ્રી કાકાસાહેબ કાલેલકર રચિત **'બાપુની ઝાંખી'** નામની ચોપડી પાનું-૪૨ : 'સવારે ચાર વાગ્યે અમે પ્રાર્થના કરવા ઊઠ્યા. હાથ મોં ધોઈ પ્રાર્થના શરૂ કરીએ, તે પહેલાં બાપુએ (ગાંધીજીએ) મને પૂછ્યું, રાતે સૂતાં પહેલાં તમે પ્રાર્થના કરેલી કે ?' મેં કહ્યું, 'રાતે આવ્યો ત્યારે એટલો તો થાકી ગયો હતો કે પડ્યો તેવો ઊંઘી ગયો. પ્રાર્થનાનું યાદ જ ન આવ્યું. હમણાં આપે પૂછ્યું, ત્યારે યાદ આવ્યું કે રાતની પ્રાર્થના રહી ગઈ.'

મહાદેવભાઈએ કહ્યું, 'હું પણ પ્રાર્થના કર્યા વગર જ સૂઈ ગયેલો, પણ આંખ મળે તે પહેલાં યાદ આવ્યું. એટલે ઊઠીને પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લીધી. કાકાને ન જગાડ્યા.'

પછી બાપુએ કહ્યું, 'હું કલાક દોઢ કલાક કાંતવાની હરીફાઈમાં બેઠો. ત્યાંથી આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે હું પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગયો અને એમ ને એમ ઊંઘી ગયો. બે અઢી વાગ્યે આંખ ઊઘડી ગઈ ત્યારે યાદ આવ્યું કે

સાંજની પ્રાર્થના કરી નથી. મને એવો તો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. જેની કૃપાથી જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો ! આ કેવી ગફલત ! ભગવાનની ક્ષમા માગી. પણ ત્યારથી ઊંઘ નથી આવી. આમ ને આમ બસ બેસી રહ્યો છું.'

એકવાર ગાંધીજી પ્રાર્થના ભૂલી ગયા તેથી તેમને કેટકેટલું ઊંડું દર્દ પ્રગટ્યું હતું. તે તેમની ઉપરની વાણીમાંથી સમજાય છે. જોકે તેઓ સતત દરિદ્રનારાયણની એકમાત્ર સેવામાં જ લગાતાર પરોવાયેલા રહ્યા કરતા હતા, જ્યારે આપણે તો ગળાબૂડ સંસારના રગડાઝઘડામાં ડૂબેલાં રહ્યા કરીએ છીએ. ને એવા આપણે જીવો ચેતનનો અનુભવ કરવા યા જીવન-વિકાસના ઊંચા આદર્શને સિદ્ધ કરવાને નીકળેલાં છીએ ! ને આપણા વેશ તો જુઓ ! એને ભૂલી જવાતાં એટલી કારમી વેદના આપણને થાય છે ખરી ? જે જીવને ચેતનનો અનુભવ કરવાની મહત્ત્વાકાંક્ષા છે એવા જીવને, ગાંધીજીની વાણીમાં પ્રાર્થના કાજેની વેદનાયુક્ત જે ભાવના ઉપર પ્રગટેલી છે, તેટલા પ્રમાણની જાગૃતિથી પણ ચાલી શકવાનું નથી. એવા જીવની પ્રાર્થના તો પળેપળ એના જીવનના તાણાવાણામાં સતત એકધારી જીવ્યાં કરતી વણાઈ ગયેલી હોવી જોઈશે, એવું બની ગયું હોય, તો જ તેવો જીવ ચેતનનો અનુભવ કરી શકવાની શક્યતાની મર્યાદામાં પ્રગટી શકે છે. આ છે તેનું લક્ષણ ને તેની યથાર્થતાવાળું માપ.

એવાની પ્રાર્થના તો-દરેક એના રોજિંદા વહેવાર, વર્તન, સંપર્ક, સંબંધ, કર્મ, વાતચીત, વિચાર, લાગણી, વૃત્તિ તે તે બધાંયમાં એનો હૃદયનો જીવતોજાગતો પ્રેમભક્તિયુક્ત તાર તો

એની સાથેના અનુસંધાનમાં સતત જોડાયેલો જ રહ્યા કરતાં કરતાં થયા કરતી હોય છે, એવી છે એની પ્રાર્થનાની દિલચસ્પી. એવા જીવાત્માની પ્રાર્થનામાં ભાષાના વ્યક્ત શબ્દો હોતા નથી. તે મોઢામાંથી નીકળતી હોતી નથી. એની પ્રાર્થના તો એનું હૃદય કર્યાં કરતું રહે છે, એવી પ્રાર્થના ચેતનપ્રેરક હોય છે. પ્રાણપૂરક હોય છે. એવી પ્રાર્થના તે પોતે જ શક્તિસ્વરૂપે બની જતી હોય છે.

આપણે ભલે એટલી ટોચે હજી ન ચઢી શક્યાં હોઈએ પણ અવારનવાર જે તે કંઈ કર્યાં કરીએ, તે એને સંભારી સંભારી એને પ્રસન્ન કરવા કાજે જીવતી ભાવના સેવી સેવીને એની પ્રાર્થનાનો ભાવ જે તે કર્યાં કરવામાં સળંગ હૃદયમાં હૃદયથી પરોવ્યા કરીને કર્યાં કરવાનું કરીએ, તો જ કંઈ દહાડો વળવાનો હોય તો વળે. એને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં તે આપણને ઘણું ઘણું ડંખવું ને સાલવું ઘટે. જો તેમ થતું અનુભવાય, તો નિશ્ચે જાણવું કે કોઈક દિવસ પણ જરૂર એને પામી શકવાનાં છીએ. આપણે આશા રાખવી પણ છે ઊંચામાં ઊંચી, ને વર્તન તેવા પ્રકારનું કરવાનું લેશમાત્ર જો દિલ નથી થતું, તો જાણવું ને માનવું કે, આપણે હજી Fool's Paradiseમાં (કલ્પનાના સ્વર્ગમાં) વસી રહેલા છીએ. આપણે આદર્શ સેવીએ, તે આદર્શ ને તેની ભાવના રોજિંદા વહેવારવર્તનમાં જાગ્યાં કરતાં ન રહે તો નિશ્ચે જાણવું, કે હજી આપણને જીવનના આદર્શની કશી પડી નથી. આદર્શને અનુભવવાનું સાચું પ્રગટ સ્વરૂપ હજી જીવનમાં પ્રગટેલું નથી.

*'જીવનપોકાર', બીજી આ., પૃ. ૪૨૬ થી ૪૨૮*

• • •

## ગાંધીજીની ઊંઘ

શરીરની દયા નથી ખાવાની, એ મારે માટે સાચું હોય તેમ છતાં તમારે માટે તે સાચું નથી. તમારે શરીરની સંભાળ રાખવાની છે. ઉજાગરા થયા છતાં તે નડ્યા નથી અથવા એનાથી તમને કામમાં ઊણપ આવી નથી. તેવું થયું તે ગમ્યું. જે ઊંઘ જીતી શકે છે, તે તેના સાચા અર્થમાં 'બ્રહ્મચારી' થઈ શકે છે, બાકીના માટે તે શક્ય નથી તેવું નથી. ઊંઘ ઉપર જેનો ચેતનપૂર્વકનો સંયમ પ્રગટે છે, તે ઊર્ધ્વરેતસ થઈ શકે છે. એટલે કે એવા પ્રકારની સંભવિતતા એનામાં જન્મે છે. ઊંઘ શરીરને માટે જરૂરની છે. જ્યારે સતત ગંગાના પ્રવાહના જેવા ભાવના પ્રવાહમાં જ્ઞાનપૂર્વક આપણા જીવનની ધારા પ્રગટતી હોય છે ત્યારે શરીરનું સ્થૂળપણું તેમાં ટકી શકતું નથી, અથવા તો વચ્ચે પણ આવી શકતું નથી. આ પણ એક જાણવા જેવી હકીકત છે. જ્યારે ભાવ જાગતો હોય છે કે જાગેલો હોય છે ત્યારે ઊંઘ મુદ્દલે પણ ન હોય એવું બને ખરું. પૂજ્ય ગાંધીજી વિલાયતમાં હતા ત્યારે ઘણી વાર માત્ર બે ત્રણ કલાક ઊંઘતા, તે જાણીતી હકીકત છે. ભાવ એ ઘણી મહત્ત્વની હકીકત છે. માટે, આપણે જે તે બધું ભાવને સાચવીને, જીવતો રાખીને કર્યાં કરવાનું છે.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૧૩૫*

• • •

## ગાંધીજીની ભાવનાની શક્તિ

આપણે તૈયારી કરવાની છે. મનને પૂરું સાબૂત કરી દેવાનું છે. હરેક પ્રકારની સમજણના અને મનના દોરને

કાપી નાખવાના છે. જો ધારે તો માનવી શું કરવાને શક્તિમાન નથી ?

(વસંતતિલકા)

વિદ્યા નથી, બળ નથી, નથી દામ હામ,
એવા ઢળ્યા શરણની પ્રભુ લાજ રાખ,
જાણી બૂજી જડ રહે બળ સર્વ છોડી,
પોતે પૂરો હૃદય નિર્બળ તે બનીને,
જો આશરો પ્રભુતણો સહુ વાતમાં લે,
એને પ્રભુ કદીય છોડી ન દે કહીંયે.

માનવી શું કરવા સમર્થ નથી ? જો આ વિધાનને સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારીએ તો પછી પ્રારબ્ધવાદ કે નિયતિ જેવું કશું રહેતું નથી. જ્યાં સુધી જગત છે, દ્વંદ્વ છે, ગુણ છે ત્યાં સુધી બધાં સત્યો સાપેક્ષ (relative) છે. તેમ છતાં મનુષ્યમાં ચેતન રહેલું છે. એટલે તે છતું થવાને હંમેશાં પ્રયત્નશીલ હોય છે. પ્રારબ્ધ, પુરુષાર્થ એવા બધા વાદ જેને ખરેખરી ધગધગતી તમન્ના પ્રગટે છે તેને વળગી શકતા નથી. એવો જીવ તો આ પાર કે પેલે પાર થવામાં જ સમજે છે. પૂજ્ય ગાંધીજીનો જીવતોજાગતો દાખલો આપણી સમક્ષ પ્રત્યક્ષ છે. સ્વાતંત્ર્યનું સૂત્ર 'કરેંગે યા મરેંગે' તેમણે આપેલું છે. એમના હૃદયની એવી પ્રચંડ ભાવનાએ ઘોર તામસમાં પડેલા સમાજને ખળભળાવ્યો. આમ, એક વ્યક્તિ સમાજને ઘડે છે. તેનો અર્થ એ છે કે આપણામાં જો સાચેસાચી, ચેતન માટેની ખરેખરી, પૂરેપૂરી ભૂખ જાગે તો આપણે જરૂર તેને મેળવી શકીએ છીએ. આપણી સંસ્કૃતિ જીવતી છે. અનેક મહાન ઋષિ-મુનિઓ, મહાન પરાક્રમી પુરુષો, મહાન તત્ત્વચિંતકો, મહાન

વિજ્ઞાનવેત્તાઓ તે સંસ્કૃતિમાંથી જન્મ્યા છે. સંસ્કૃતિને તેમણે નવો વેશ સજાવ્યો છે. પુનર્જીવન પણ પ્રાપ્ત કરાવ્યું છે. એવા બધા જો પોતાના આદર્શને પામી શક્યા તો આપણે કાં ન પામી શકીએ ?

ઘણા લોક એવી દલીલ કરે છે કે 'તે તે મહાત્માઓએ પૂર્વ જન્મમાં એવાં ભારે તપ, જ્ઞાનભક્તિથી કરેલાં અને સંસ્કારની સમૃદ્ધિ લઈને તે અવતરેલા. એટલે તેઓ આ જન્મમાં તેવું ભગીરથ કર્મ કરી શક્યા અને ધ્યેયને વરી શક્યા,' પરંતુ આ દલીલમાં ભલે તથ્ય હોય કે ન હોય, તેમ છતાં એક વાત નક્કી છે. જો આપણને સાચેસાચી ચેતનને અનુભવવાની હૃદયની એકધારી ધગધગતી તમન્ના પ્રગટી જાય તો આપણે તેને માટે સર્વ કંઈ સમર્પણ કરી દેવાને જ્ઞાનભક્તિભાવે ઉમળકાભેર તૈયાર થઈશું. એવી તમન્ના પ્રગટે છે ત્યારે તેવા પ્રકારનું કરવાપણું પણ રહેતું નથી. એ તો એમ બન્યે જ જાય. પ્રચંડ તમન્ના પ્રગટતાં ચેતનાની દીપ્તિમય શક્તિ જીવનમાં પ્રગટે છે. એ શક્તિ આપણા પુરુષાર્થનો પ્રાણ બની જાય છે. આપણા પુરુષાર્થનું તે હાર્દ છે અને એ રીતે એ જાગ્રત થતી જતી ચેતના આપણને પુરુષાર્થમાં પ્રેરાવ્યા કરે છે.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૧૪૧-૧૪૨*

● ● ●

મહાત્મા ગાંધીજીએ ભારતવર્ષને સંહારમાંથી બચાવી લેવા ઘણીયે ધીરજ રાખી છે. પોતામાં ઘણો ઘણો સંયમ રાખી રાખીને દેશનાં થનગનતાં જિગરોને અટકાવી રાખ્યાં છે. અનેક લોકોનાં જીવનમાં આઝાદીની લડતથી કરીને સહેવાનું

જે બન્યું, એ આપણા ખ્યાલમાં આવી શકે તેમ નથી. જો સંહાર અટકતો હોય તો અટકાવી જોવાને એમણે ઘણું કર્યું છે અને તે એટલે સુધી કે છેવટની હદ સુધી. તેથી કરી તેમની ઘણા લોકો ગેરસમજૂત પણ કરે છે. આખરે એમણે ભગવાન ઉપર બધું છોડીને ભારતવર્ષ એને સોંપી દીધું છે. જે બનવું હો તે ભલે બનો. ભગવાનમાં આવો દૃઢ વિશ્વાસ આપણને નથી. મહાત્મા ગાંધીજીની સકળ પ્રવૃત્તિ ભગવાન ઉપરની શ્રદ્ધાભક્તિમાંથી જન્મેલી છે. એમની પ્રવૃત્તિનો મૂળ પાયો તે છે. આ મૂળભૂત હકીકત સેવાના ક્ષેત્રના મોટા ભાગના ધુરંધર કાર્યકર્તાઓ પણ સમજી શકેલા નથી, એવું મારું નમ્રપણે માનવું છે.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૧૫૦-૧૫૧*

• • •

## સ્વજનોનો ગાંધીજી પ્રત્યે સદ્ભાવ

પૂજ્ય ગાંધીજીએ પોતાનાં સ્વજનને દુ:ખની પરંપરામાં જોડેલાં હતાં. સાબરમતી આશ્રમમાં જ્યારે મકાનો બંધાયેલાં ન હતાં ત્યારે નાના તંબુઓમાં રહેવાનું કરેલું. માથાના વાળમાં પણ કદીક ઊધઈ ચડી જતી. રસોઈ રાંધવાને માટે પૂરતાં વાસણો પણ ન મળે. પતરાંના ડબ્બાઓમાં ખાવાનું કાઢી લેવું પડે. વળી, ચંપારણ્યમાં પણ કેવી સ્થિતિમાં એમને રાખેલાં તે આપણે જાણવું ઘટે.

તે તે સ્વજનને ગાંધીજીને માટે હૃદયમાં અપૂર્વ સદ્ભાવ છે. એવી સ્થિતિમાં મૂકી દેવા માટે એમણે ગાંધીજીને વખોડ્યા નથી. આનંદથી તેમણે તે તે બધું કંટાળ્યા વિના કર્યું હશે. મુસીબતોને એમણે ગણકારી નથી. આ બધાંએ જો મોહ,

માયા કે મમતાની દૃષ્ટિ રાખ્યા કરી હોત અને એ પરત્વેનું વલણ રાખ્યું હોત તો એમનું આવું આટલું પરિવર્તન થવું શક્ય ન હોત.

સાધનાના જીવનમાં તો એનાથીયે વધારે ભારે ત્યાગ અને સમર્પણ કરવાનાં રહે છે. આપણે આપણી જાતને બીજાની આગળ કદી ઊંચે રાખવાની નથી. આપણે જો સાધનામાં રહેવાનું હોય તો આપણો વિચાર છોડી દેવાનું રહે છે. તો જ બીજાનામાં ભળી શકીએ.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૧૮૫-૧૮૬*

• • •

### ગાંધીજીની કદર

આપણા દેશમાં મહાન આત્માઓ પાક્યા છે, અવતારો થયા છે, તેમની અસર સમાજના જીવન ઉપર પડીને કેટલી સ્થાયી રહેલી છે ? તે તપાસો. એ સમાજ તો પાછો એનો એ. ગાંધીજીએ દાંડીયાત્રાની કૂચ કરી ત્યારે  જેમ જેમ એક દિવસ પસાર થતો તેમ તેમ પ્રજાના માનસમાં, પ્રજાના દિલમાં ભાવનાના ઓઘ પ્રગટતા હતા, તે આપણા બધાની જાણીતી હકીકત છે, પરંતુ એ ભાવનાના ઓઘ જાણે સમય જતાં જતાં એટલે કે ૧૯૩૦ અને ૧૯૪૨ના ગાળાના વચગાળામાં ઓસરતા થયા હોય એવાં દર્શન પણ આપણને થયાં છે. એટલે કે માનવીજીવનમાં ભાવનાનો સ્પર્શ કદીક કદીક થાય છે, પણ તે ટકતો નથી, કારણ કે એના દિલની એવી ભૂમિકા પ્રગટેલી હોતી નથી અને એને એવા પ્રકારનું જીવન જીવવાની ખરેખરી ઉત્કટ લગની લાગેલી હોતી નથી. સમાજના જીવનને

ભાવનાનો સ્પર્શ થાય છે, એ હકીકત જેમ સાચી છે તેમ ઉચ્ચ ભાવનાશાળી આત્માની ભાવનાનો સ્પર્શ મારા તારા જેવાનેય થાય છે ખરો, પણ તે ટકતો નથી. આપણે તો પાછા હતા તેવા ને તેવા, 'ધોયેલા મૂળા જેવા' રહીએ છીએ અને જીવન-જીવનની ખાલી ખાલી વાતો કરીએ છીએ.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૨૦૭-૨૦૮*

• • •

ગાંધીજીને માટે ત્યાં ગમે તે સાંભળો, તોપણ એમનું ખરેખરું મહત્ત્વ આપણા હૃદયમાંથી ઓછું થવા દેવું નહિ. દરેક પ્રવૃત્તિમાં ભગવાનની શક્તિ કામ કરી રહેલી છે. જેમને અતિમનસ મેળવવાની સાધના કરવી હોય તેઓ તે પ્રેમથી કરે, પરંતુ એને યોગ્ય ઠેરવવાને બીજી પ્રવૃત્તિનું પણ યોગ્ય મૂલ્ય આંકવાની અને એની યોગ્ય કદર કરવાની સાત્ત્વિક માનસિક તૈયારી તેવા સાધકની હોવી ઘટે. ત્યાં આપણે તો હૃદયસ્થ તેવી ભાવના દઢાવીને સહાનુભૂતિથી જે તે બધાંનું સાંભળવું. ચર્ચા કરવી નહિ. ચર્ચા કરવાની જો આવે જ, તો તે માત્ર જાણવા-સમજવા માટે હૃદયની નમ્રતાભરી જિજ્ઞાસુ ભાવનાથી તેમ કરવાનું રાખવું.

ભારતવર્ષનો માનવસમાજ જેનાં વચન પાછળ દોડે છે, હજારો માણસો જેની પાછળ જીવન ફના કરી ચૂક્યા છે, એવાનીયે માનવી જીવનના ઘડતરમાં જરૂર છે. સંતપુરુષો વિવિધ રીતે કામ કરે છે. સૌ કોઈની એક રીત હોતી નથી. ગાંધીજી એ તો काळ પુરુષ છે. જીવનના અમુક અમુક ભાવ પરત્વે એ વિશેષ મહત્ત્વ મૂકે છે, કારણ કે તેમને તે પ્રમાણે કામ કરવાનું છે. એટલે એ જે બધું કહે છે, તે સંપૂર્ણ સત્ય

નથી, પણ સાપેક્ષ સત્ય છે એમ સમજવાનું છે. ભગવાનની ચૈતન્યશક્તિ મહાત્મા ગાંધીજીના અંતરમાં પણ છે. જેનામાં યોગ્ય રીતે પ્રવર્તતી પ્રમાણિકતા, એકનિષ્ઠા અને જીવનને પોતાના ધ્યેયને ખાતર સર્વસ્વપણે ફના થઈ જઈને સમર્પણ કરી દેવાની જ્ઞાનભક્તિપૂર્વકની તમન્ના છે, એવા પરત્વે તો જીવનનો સાધક સદ્‌ભાવ જ પ્રગટાવી શકે. કોઈની કોઈ સાથે સરખામણી કરવી એ તદ્દન અયોગ્ય છે. આપણે તો શક્તિનાં પૂર જ્યાં જ્યાં વહેતાં હોય, ત્યાં ત્યાંથી તરસ્યા થઈને ચાંગળું પાણી પીવાની વૃત્તિ ધરાવ્યા કરીએ, તે પૂરતું અને યોગ્ય છે.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૨૮૩-૨૮૪*

• • •

## ગાંધીજીને અંજલિ

(પૂજ્ય ગાંધીજીએ જેલમાં ૧૯૪૩માં અપવાસ કર્યા તે સમયે)

(અનુષ્ટુપ)

સારા જીવનનો પોતે ભોગ આપ્યા કર્યો સદા,
લોકને માટ જીવી શી તપશ્ચર્યા કરી રહ્યા !
લોકોને ના પડી એની, એનું ના ગણકાર્યું છે,
છતાં તે લોકને કાજે જીવવાનું ચહ્યા કરે.

લોકનો તો પ્રભુ જેવો લોકોત્કર્ષ ચહે હ્દે.
શી રીતે લોકનો પ્રાણ ચડે ઊંચે, ચહ્યા કરે.
લોકના પ્રેમને લેવા એનું દિલ ચગે નહિ,
જે રીતે શ્રેય સૌ થાય કરાવા તે રીતે ચહે.

ભલેને પિંજરે એને સડાવ્યા લોક તો કરે,
ભલેને કેદ એવાને રાજસત્તા પૂર્યા કરે.
પુરાયેલો નથી એ તો, યજ્ઞ જીવનનો કરે,
જીવનસાધના એની ત્યાં સધાયા કરે ખરે.

એની ઇચ્છા થવા મુક્ત જે વેળા હૃદયે થશે,
કોઈ શક્તિ પછી એની આડે ઊભી નહિ શકે.
પ્રભુનું કાર્ય તે ત્યાં તો એક ભાવે કર્યા કરે,
મર્યાદા સ્થૂળની ક્યાંયે એવાને તો નહિ રહે.

કેદ કે મુક્તિ એવાને બે વચ્ચે ભેદ ના કશો,
બંનેનો હેતુ જાણી લૈ વર્ત્યા તેમ કરે ઊંડો.
એવું એવું સહેવામાં પ્રભુનો અર્થ શો હશે !
કળી લૈ હેતુ તે રીતે ફળાવા હેતુ તે જીવે.

ભલે તે લોક માને કે એ તો કેદમહીં રહ્યો,
લોક કાજે જીવે છે ત્યાં લોક માટે મરી રહ્યો.
ભલેને છેહ દે લોકો એને કાંઈ પડી નથી,
‘ઉત્તેજના છતાં કેમ આવે’ તે ચિંતવ્યા કરે.

એક માત્રા ચડાવીને જુએ લોક જુવાળને,
સહેવા શક્તિ તૈયારી કેટલી થઈ છે હૃદે.
જેમ જેમ થશે પેદા સહેવા શક્તિ આપણી,
તેમ તેમ પછી દેશે આકરાં શસ્ત્ર તે વળી.

ઘડાવાને પ્રજાને તે પોતે હોમાઈને પૂરો,
હોમાવા નોતરે સૌને મહાત્મા ધન્ય શો ખરો !
એવાને અંજલિ દેવા લાયકાત કશી નથી,
સમગ્ર શક્તિ સૌ આપો એવાને પ્રભુ પ્રેમથી.

છોડ્યા વિના નથી આરો એવાને કોઈનો કદી,
બ્હાર કે પિંજરે એવો પોતાના હેતુથી જીવે.
વિચારે લોકને માટે 'તે ઊંચા આવી શેં' શકે,
- શક્તિ પોતાની પામીને સ્વાતંત્ર્ય સિદ્ધિ મેળવે ?'

દુઃખ વેઠ્યા વિના શક્તિ કોઈ પામી શક્યું નથી,
તો દુઃખ જ્ઞાનભાવેથી આનંદે સ્હેવું હેતુથી.
સહે દુઃખ પ્રજા આજે ભૂખમરાનું કેવું તે !
એની બૂમ ન પાડે કો, કરે ના ફરિયાદ કો !

આપેલાં દુઃખને લોક વગોવ્યા કરતા જગે,
પડેલાં દુઃખને કાજે હવે કોને વગોવશે ?
આપેલો તો પ્રભુએ છે મહાત્મા તે કૃપા કરી,
દિવ્ય જીવ્યું કરીને સૌ એને અંજલિ આપવી.

પોબાર પાડશે કે ના પ્રભુ એના જગે બધા,
જોવાનું આપણે ના તે મિથ્યા ચિંતવવું, ભલા.
પ્રજાની શક્તિને એણે ઊંચી કેટલી આણી છે
- એકલા માપથી એવા એને મહત્ત્વ આપશો.
હજારો વંદનો એને પાદપદ્મે હજો લળી,
પ્રભુનો હેતુ એનામાં જે હોય, ફળવો પ્રભુ !

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૨૯૨-૨૯૪*

• • •

## અનુભવો

(અનુષ્ટુપ)

મરેલું હો પૂરેપૂરું માંહેથી તૂમડું યદિ,
પોતાને તારવા શક્તિ પામે છે તે હ્દે નકી.

પારો જ્યારે મરેલો હો, શક્તિ રોગ સુધારવા
-આપમેળે મળે એને, એવું આપણું જાણવું.

મહાત્મા ધન્ય કે જેણે મૃત્યુને ઘોળી પી લીધું,
એવી કૃપાની શી શક્તિ આજે તે જાણવા મળ્યું.
મૃત્યુને ભેટવામાંયે જેને પ્રેમ રહ્યા કરે,
મૃત્યુ ને જીવવું - બેથી એવો નિત્ય વસે પરે.

ઉપરનું લખાણ એક કાગળિયામાં લખીને રાખી મૂક્યું હતું. હસમુખભાઈ એ વાંચવા જતા હતા ત્યારે મેં ખેંચી લીધું. મહાત્મા ગાંધીજી અંગે રેડિયોમાં બ્રૉડકાસ્ટ થઈ ગયા પછી તે કાગળિયું વાંચવા આપીશ એમ કહ્યું હતું. એકવાર તો જાણે જતું જતું ચેતન અમોને તક આપવાને एणे રહેવા દીધું. એ પ્રસંગના સ્મરણના અનુભવ ઉપર ઉપલું લખાણ લખ્યું હતું. ચંદ્રને કંઈક અવતરવાનું, તે અંગે તા.૧૫-૨-૧૯૪૩ના રોજ બહેનને પણ લખેલું અને તેમાંના એકાદ વાક્ય નીચે તેવી અંડર લાઈન પણ કરેલી. તેવી રીતે કવિવર ટાગોરના શરીરના મૃત્યુ વિશે પહેલેથી જાણવાનું બની શકેલું. હું અને હેમંતભાઈ ખારમાં બજારમાં ફરવા નીકળેલા, તે વખતે કંઈ પણ છાપાંના સમાચાર જાણ્યા કર્યા વિના તેમને તે હકીકત કહેવાપણું બનેલું. આવા કેટલાક પ્રસંગો બનેલા છે. આ બધું લખવામાં આ જીવનું મહત્ત્વ બધાંમાં પ્રગટાવવાનો હેતુ નથી, પરંતુ સાધનામાર્ગમાં આગળ જતાં જતાં આવી શક્યતાઓ પણ છે, તે સમજાવવાને કારણે ઉપરની હકીકતો કહેવી પડેલી છે, તો તે અંગે મને માફ કરશોજી.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૩૨૩-૩૨૪*

• • •

## ગાંધીજીના પેશાબનું ઝેર

ગાંધીજીને પેશાબમાં ઝેરી જંતુઓ ઘણાં જણાતાં હતાં. તે અંગે 'આજે હવે નહિ હોય' તેવું તા.૨૪-૩-૧૯૪૩ને રોજ તે અંગેનું બ્રૉડકાસ્ટમાં જાહેર થયું તે પહેલાં, પેશાબ લઈને વહેલી સવારમાં હસમુખભાઈને તાત્કાલિક તપાસ કરાવી લાવવાને સુધરાઈના દવાખાનામાં મોકલ્યા હતા. આ હકીકત તમને પ્રેમભાવે જણાવી છે. ગાંધીજી સાથેનો હૃદયની સરળતાભર્યો ભાવ, અત્યંત સ્નિગ્ધ માર્દવતાયુક્ત આદરભાવ, ૧૯ વર્ષ તે ક્ષેત્રમાં કામ કરેલું હોવાથી તેવો હૃદયનો પ્રેમભાવ રહેલો હોય તે તે બધું એટલે કે તેવા તેવા ભાવ તેમની સાથે તટસ્થતાયુક્ત તાદાત્મ્ય પ્રગટતાં તેમનું આપણામાં તેવું તેવું પ્રગટાવે છે. જે સંસ્મરણની પાછળ રાગ-આસક્તિ રહેલાં હોય, તેવાં સંસ્મરણ ભૂલેચૂકે પણ જો ઊગે, તો તેમાં જરાકે રસ ન લેવાઈ જાય તે પરત્વે સંપૂર્ણ પૂરેપૂરી જાગૃતિ રાખવી ઘટે છે. જે કંઈ કશામાં આપણાથી રાગ, આસક્તિ, મોહ, મમતા કે એવી દ્વંદ્વની વૃત્તિમાં પડાય, તેવું કશું આપણાથી થવા દેવાય જ નહિ. તેવું થાય તે જીવનનું મરણ કહેવાય. સાધકે એવા એના જીવનના થતા મૃત્યુમાંથી વારંવાર ઊગરી જવાની જ્ઞાનપૂર્વક આદત કેળવવી રહે છે. કર્મ સાથે સાથે જો જીવનવિકાસની ભાવનાના હેતુનું જ્ઞાન અને તેનું બળ જીવતુંજાગતું રાખી શકાય તો તેવું કર્મ જીવનમાં પ્રેરણાત્મક શક્તિ અર્પ્યાં કરે છે.

*જીવનમંથન', ચોથી આ., પૃ. ૩૨૧-૩૨૨*

• • •

## ગાંધીજીની ધા

(શિખરિણી-મંદાક્રાંતા)

હૃદે દૈવી ગુણો, પદકમળની દિવ્ય તે ચેતનાને
ગ્રહાવાને કાજે જરૂરી સઘળા, ઉદ્‌ભવ્યા સૌ કરો તે,
થવાયું ના તેવું, જહીં સુધી હૃદે, પાત્રતા યોગ્ય તેની
- ઠરી તે ના રહેશે, નિજ શરત તે સૌ ફળંતાં ઠરે છે.

તેથી, સાધનાનું નિષ્ઠાના પ્રકારનું અંતર્મુખીપણું પ્રગટતાં તેવા તેવા ગુણો અને તેની તેવી તેવી સમજણો અને તેવી તેવી ભૂમિકાઓ સાધકના જીવનમાં પ્રગટતી રહેવાની. નામસ્મરણની ભૂમિકા ત્યાં વધારેમાં વધારે જ્ઞાનભક્તિપૂર્વક દૃઢ થાય તેમ વર્તવાનું કરશોજી. ગાંધીજી અત્યારે નામ-સ્મરણની ભાવનાના એકાગ્રપણાથી પ્રગટતી ધૂનના પ્રતાપના આધારે જીવન જીવી રહ્યા છે. એમની તેવી ધૂન અત્યારે 'હે રામ' છે. 'હે રામ'ના ધ્વનિમાં એમનું અંતર ધા નાખી રહેલું છે. એમાં એમના હૃદયનો દુઃખભર્યો આર્તભાવ છે. એમાં પીડિત હૃદયનો પ્રભુહૃદયને પોકાર છે. હૃદયની તીવ્ર અકળામણનો સૂર છે. હૃદયના તંતુએ તંતુમાં એમાંથી જે અસુખ ઊપજી રહેલું છે, એની તે ગંભીર વ્યક્ત ગર્જના છે. જેના સ્મરણની પાછળ એમણે કાયાને નિચોવી નાખી છે, તેનાં ચરણમાં આપણે ધા નાખવા જઈએ ત્યારે જીવનના સર્વ કંઈ વિચાર છોડીને જ જવાનું હોય છે. અસલના કાળમાં ચારણ લોક રાજા-મહારાજાને ત્યાં ધા નાખવા જતા. છતાં જ્યારે એમના ઉકેલ માટે કોઈ રસ્તો ન નીકળતો હોય, ચારે-બાજુથી હાથ હેઠા પડ્યા હોય ત્યારે તે પોતાનું જીવન હૃદયની

ધા નાખીને ત્યાં ન્યોછાવર કરી દેતા. એવી ધા ગાંધીજીએ ભગવાનનાં ચરણકમળમાં નાખેલી છે. ‘હે રામ ! હે રામ !’ એ એમનો અંતરધ્વનિ છે. એમની મીટ સતત એના ઉપર જ મંડાતી રહે છે.

આવો નામસ્મરણનો મહિમા જાણનાર આવા કઠણ કાળમાં પણ તે જીવતાજાગતા હયાત છે. નામસ્મરણનો મહિમા હું શું કહી શકું ?

અનેક સંતભક્તોએ ગાયો, ગાયો તુલસીદાસે,
રાંક તે હું શું વર્ણી જાણું ? ગાઉં શી રીત હું તે.

માટે, તમે બધાં ઊઠતાં, હરતાં ફરતાં, સર્વ કંઈ કરતાં કરતાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક નામસ્મરણ કર્યા કરશો તો ખપનાં છો. બાકી તો ઉકરડે નાખવા જેવાં.

*જીવનમંથન’, ચોથી આ., પૃ. ૩૨૪-૩૨૫*

• • •

## ગાંધીજીનો યજ્ઞાર્થે ભોગ

આજે ભગવાનની શક્તિનો વિજય છે. આજે દશેરા છે. જગતના માનવીઓના હૃદયની આંખને ગાંધીજીએ દૈવી શક્તિ તરફ કેટલી બધી ખુલ્લી કરી મૂકી છે ! જીવનનો ત્યાગ કરી કરીને, મહાન ભોગ આપી આપીને, જ્ઞાનભક્તિપૂર્વક આત્મસમર્પણ કર્યા કરીને, શ્રીભગવાનને ચરણકમળે શરણ રહ્યા કરીને, જગતના માનવીનું હિત ચાહી ચાહીને, પોતાના જીવનને જેણે ફના કરી નાખ્યું છે, તે મહાત્માએ પોતાના ઉપવાસને કારણે જગતનું ચિત્ત પોતાના તરફ ખેંચેલું છે. ૭૪ વર્ષની પાકટ ઉંમરે ૨૧ દિવસ મુદ્દલે ખોરાક લીધા વિના તે

જીવી શક્યા, તે ઉપરથી એમના જીવનને પ્રેરણાશક્તિ આપનાર કોઈ સ્થૂળ કારણોને બદલે બીજી કોઈ પરમ ગૂઢ શક્તિ છે, એવી પ્રતીતિ જગતના માનવીને થયા વિના નહિ રહી હોય. જે ઉચ્ચ આત્માઓ છે તે અત્યંત ગતિમાન હોવાથી સ્થિર જેવા છે. એટલે તેમનો લાભ લઈ શકે તેવી સ્થિતિમાં જગતના માનવી સાધારણ રીતે નથી હોતા. આવા ઉચ્ચ આત્માઓ દુનિયાના માનવીના ઉપલા થરને કેટકેટલું ગતિમાન કરીને ઊંચે લાવવા પોતાના જીવનનો યજ્ઞાર્થે ભોગ આપ્યા કરે છે ! માનવીજીવનની નજરે જોઈ શકાય, જાણી શકાય અને સ્થૂળ રીતે સમજણમાં પણ પ્રગટી શકે એવો પ્રત્યક્ષ પદાર્થપાઠ આપીને તામસમાં પડી રહેલા માનવીને પણ હચમચાવવાનો અને જગાડવાનો પ્રયત્ન આ રીતે ગાંધીજી કરે છે. પ્રત્યેક ગુણની ભૂમિકાવાળા જીવને પ્રેરાવવા પોતાના જીવનની આહુતિ આપી આપીને સ્વયંપણે સહજ સ્ફૂર્તિથી આવા સંતમહાત્માઓ તેવું જીવન પ્રભુપ્રીત્યર્થે જીવ્યા કરે છે. આવા પ્રકારના આધ્યાત્મિક જીવન પરત્વેની પ્રત્યેક માનવીની દૃષ્ટિ, વૃત્તિ ભિન્ન ભિન્ન પ્રવર્તેલી રહ્યા કરવાની, કારણ કે તેમાં ભૂમિકાભેદ રહેલો છે. એમના સંપર્ક અને સંબંધમાં આવેલા જીવાત્માઓ જે પ્રકારના હેતુથી તેમની સાથે સંકળાયેલા હોય છે, અને જે રીતે તેમની સાથે જીવવામાં તેમનો હૃદયનો સહકાર પ્રગટેલો છે, તેવા પ્રકારની તેમના જીવનમાં શ્રેષ્ઠતા પ્રગટેલી અનુભવાય છે. બાકી, બાકીના બીજા બધા તો અનેક વર્ષ સાથે રહેતા હોવા છતાં તેવા ને તેવા રહે છે. એવા ઉચ્ચ આત્માની એકેએક પ્રવૃત્તિ જીવનમાં એકાદ આશાનું કિરણ

પ્રગટાવવાને માટે શું બસ નથી? પોતાનું સારુંયે જીવન ક્ષણેક્ષણ જે પારમાર્થિક ભાવે જીવે છે, તેને માનવી બિચારો શું સમજી શકવાનો છે ! જે નર્યા સ્વાર્થમાં અને અજ્ઞાનમાં રચ્યોપચ્યો રહેલો છે, પોતાની ગતિથી એક તસુ પણ ઊંચે આવવાની જેને કશી પડી નથી, તેવા જીવ પણ આજે તો તેને તોલવાને કંઈક કંઈક બોલે છે ! જગતની મૂર્ખતાનો પાર નથી. જીવનને આમૂલાગ્ર પરિવર્તન કરાવવાને અનેક રીતે તેના સંપર્કમાં આવેલા જીવાત્માઓને આવાઓ ઢંઢોળે છે, પરંતુ તે તો એમનો એમ ટૂંટિયું વાળીને પડ્યો રહે છે. ત્યાં એનું બીજું થાય પણ શું ? સમાજને ઊંચે પ્રગટાવવાના હેતુથી અવતાર જેવા મહાત્માઓ અવતર્યા, સંતમહાત્માઓની પરંપરાઓ પ્રગટી, તેમ છતાં સમાજ તો બિચારો તેનો તે છે. એટલે સારોયે સમાજ ઉન્નતિનાં સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી. વ્યક્તિ ચડી શકવાની છે અને ચઢશે. સમાજ પણ વ્યક્તિ તરફ મીટ માંડતો હોય છે, વ્યક્તિથી દોરવાતો હોય છે અને વ્યક્તિથી પોતાની પ્રાણશક્તિ બઢતી તે અનુભવે છે. વ્યક્તિથી સમાજ બનેલો છે. આમ, વ્યક્તિ જેટલું ઊંચે ચડવામાં મથશે અને વિશેષ ને વિશેષ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રગટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રગટાવશે, તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે, તે નક્કી જાણજો.

ઉચ્ચ આત્માની દિવ્ય, રમ્ય, ઉચ્ચ ભાવના અને પ્રેરણાત્મક જીવનની ઝલક મોટા મોટા ગણાતા કે જણાતાઓમાં ન જોવાઈ હોય તો તેથી આપણે નિરાશ થવાનું

કશું કારણ ન હોય. ઊલટું તે તો આપણા જીવનનો પલટો પ્રગટાવવાને માટે મોટામાં મોટું કારણ નીપજવું ઘટે. પ્રભુકૃપાથી સમાજને ઊંચે પ્રગટાવવામાં એવા ઉચ્ચ આત્માઓનું ઋણ અનંત પ્રકારનું છે. પ્રેમભક્તિભાવે તે ઋણ હૃદયથી સ્વીકારીને જીવનશક્તિ પ્રગટાવવામાં આ જીવે તો તેનો લાભ લીધો છે. ભૂતકાળના સંસ્કાર અને સંસ્કૃતિ પરત્વે જેનામાં આદરભક્તિ નથી, પવિત્રતાનો ભાવ જાગ્યો નથી, તેવો જીવ કયા પગથિયા ઉપર ઊભો રહી શકે? પૂર્વપરંપરાગત પવિત્રતાની પ્રણાલિકાને જે આદરણીય માને છે, એના હૃદયમાં તેવી ભૂમિકા પ્રગટે છે અને તેમાંથી તે શક્તિસંચારને પામે છે. એવો જીવ જીવનનો વિકાસ એટલે શું તે સમજવાને પ્રાણવાળો બની શકે છે અને એવો જીવ પોતાની પેઢીઓગત સંસ્કૃતિના વારસાને પેઢી દર પેઢી જીવંત રાખવાને જીવનને ન્યોછાવર પણ કરતો રહે છે. તે સમાજની સાચી સેવા છે. અંતે તો એવા જીવાત્માનું સમગ્ર જીવન પળેપળ સેવાભક્તિરૂપ બની જતું હોય છે. પોતે સેવા કરે છે, એવો ખ્યાલ પણ એનામાંથી અદૃશ્ય થઈ જતો હોય છે. દરેક સમાજને પોત પોતાની વ્યક્તિગત તથા વિશિષ્ટ પરંપરા અને સંસ્કૃતિ હોય છે, જેને ભલે આપણે વિશિષ્ટ ગુણશક્તિ પણ કહી શકીએ. તેના ચીલે ચીલે તે ચાલે તો એનો વિકાસ થઈ શકે છે. દરેક સમાજને એવી સ્વતંત્ર સંસ્કૃતિ હોય છે જ.

*જીવનમંથન', ચોથી આ., પૃ. ૩૨૮-૩૩૦*

• • •

## ગાંધીજીનો પ્રેમ

આજે છાપાંમાં વાંચ્યું કે દીનબંધુ એન્ડ્રુઝ ગુજરી ગયા. પ્રેમ એ કેવો અદ્‌ભુત ગુણ છે ને તે કેવી એકતા કરાવનારો છે ! મહાત્મા ગાંધી શાંતિનિકેતન ગયા હતા ત્યારે એમણે જે પ્રવચન કર્યું હતું તે પ્રવચન તમે વાંચી જશો. એમાં એનો (મૃત્યુ વિશેનો) રણકાર હતો જ. શ્રી એન્ડ્રુઝ સાહેબના શરીરના અવસાન પહેલાં પણ શ્રી મહાદેવભાઈને એમણે એમની પાસે મોકલ્યા હતા. હૃદયને એક તાંતણે સાંધનાર તે પ્રેમ છે. તમે જરૂર તે 'હરિજનબંધુ'નો અંક વાંચી જશો ને બધાંને જણાવશો કે પ્રેમ કેવું ગજબ કામ કરી શકે છે. એવો પ્રેમ આપણને પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય અને ધન્ય થઈએ, એ જ પ્રભુને ચરણકમળે પ્રાર્થના છે.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૧૯૮*

• • •

## ગાંધીજીનો સદ્‌ભાવ

જે માર્ગે આપણે જવું જ નથી, તેના દૃઢ નિશ્ચયવાળું અંતરમાંનું વલણ જો પાકું થઈ ગયેલું હોય છે, તો જેને જેને તેવા વલણ સાથે સંબંધ હોય છે, તેવા જીવને આપણા મક્કમપણાના નિર્ધારથી ને તેવા પ્રકારના તેના પરત્વેના આપણા વર્તાવથી પાછા પડવાનું બને છે. સદ્‌ભાવથી જ સદ્‌ભાવ પ્રગટે છે. જોકે સદ્‌ભાવ રાખીએ તેની સામી વ્યક્તિ સદ્‌ભાવ રાખે જ એવું નથી પણ બનતું. દા.ત., મહાત્મા ગાંધીજી અને કાયદે આઝમ ઝીણા સાહેબ. ગાંધીજી સદાય વિવેકી, સદ્‌ભાવવાળા જ રહ્યા કરેલા, પરંતુ સામેથી એવા

વર્તનનો જવાબ ન મળ્યા કર્યો તે ન જ મળ્યો. આપણા હૃદયના સદ્‌ભાવની પાકી ભૂમિકાની ખાતરી આપણે પોતે તો કેમ કરી આપી શકીએ, પરંતુ એવી સ્થિતિ પરત્વેનો આપણને પોતાને આત્મસંતોષ પ્રગટી જવો ઘટેને ? વળી, આપણે પોતે આપણા તેવા પ્રયત્નમાં પ્રવર્તતાં હોઈએ. તેનો તો ખ્યાલ જાગી જવો ઘટેને ? કોઈ પરત્વે સદ્‌ભાવ હોય, એટલે સામા જીવના જીવપ્રકારના વલણને ટેકો દેવો જ ઘટે એવું કશું ન હોય. સદ્‌ભાવ હોવા છતાં અયોગ્ય વલણનો સામનો થઈ શકે છે. પ્રહ્‌લાદ, ધ્રુવના દાખલા મોજૂદ છે. મીરાંબાઈ પણ મધ્યયુગમાં થઈ ગયાં. જગત તો જગતની રીતિએ વર્તીએ ત્યાં સુધી તે આપણું જે તે બધું કદાચ જતું પણ કરે. જગતના આચારવિચાર એ જ એકમાત્ર સત્ય છે, એવું કશું નથી હોતું. જગતની રાહે ન ચાલનારાઓને, ચેતનને માર્ગે વળેલા જીવોને જગતે-સમાજે ત્રાસ આપવામાં, હેરાનગતિ પમાડવામાં ઠીક ભાગ ભજવેલો છે. જે જીવે જેમ જીવવાનો નિશ્ચય કરેલો છે, તેવા ભાવે તે જીવવામાં મક્કમ રહ્યા કરશે, તો અંતે તેને શ્રીભગવાન કૃપામદદ કરે છે જ. પ્રભુની કૃપાયાચનાની પ્રાર્થના પોતાના તેવા પ્રકારના પુરુષાર્થમાં તેણે હૃદયથી કર્યા કરવાની રહે છે. તો કોઈક દિવસ અવળચંડાઈ ઓગળી જશે. આપણો નિર્ધાર એટલો ને એવો તો નિશ્ચયપૂર્વકનો એની કૃપાથી મક્કમ હોય, કે જેથી સામા જીવને તેની તેવી પ્રતીતિ થયા વિના રહી જ ન શકે.

*'જીવનપોકાર', બીજી આ., પૃ. ૪૩૧-૪૩૨*

• • •

## વિરોધીઓ પ્રત્યે ગાંધીજી

જીવનમાં કેટલીક વખત એવી મુશ્કેલીઓ આવે છે, એ મુશ્કેલીઓ આર્થિક કે બીજા કોઈ પ્રકારની હોય-પણ દરેકને મુશ્કેલીઓ આવે છે, આવે છે ને આવે છે. જગતમાં કોઈ બાકી નથી.

મુશ્કેલીઓ આવે છે ત્યારે જે ગૂંચવાય છે પછી તે બહાર નીકળી શકતો નથી. મુશ્કેલીઓ આવે ત્યારે ઘડીવાર એમ ભલે થાય, પણ તરત જ સ્વસ્થ થઈને એ મુશ્કેલીઓમાંથી નીકળવાનો માર્ગ ખોળવો એ ડાહ્યા માણસનું કામ છે. જો આપણે એક વખત એમાં ફાવ્યા, બીજી વખત ફાવ્યા, તો પછી આપણે એટલા બધા નિશ્ચિંત થઈ જઈએ છીએ કે 'આવવા દે મુશ્કેલીને ! હું એનો ઉકેલ કરીશ.' આપણને એવો આત્મવિશ્વાસ આવી જાય છે કે આ તો રોજની વાત છે !

એટલે ગમે તેવી સ્થિતિ આવે તે વખતે હિંમત રાખીને મનન ચિંતવન કરીને ઉકેલ કાઢવો અને તે પ્રમાણે વર્તવું, તો જ જીવનમાં આગળ વધાય. તે સિવાય આગળ ન વધાય.

શ્રીનિવાસ શાસ્ત્રી હતા. આપણા દેશમાં એક સારી મોટી સંસ્થા છે. પ્રતિષ્ઠિત-નામાંકિત-સર્વન્ટસ્ ઑફ ઇન્ડિયા સોસાયટી-ગોખલેજીએ કાઢેલી. એના આ પ્રમુખ હતા. એ ગાંધીજીની વિરુદ્ધમાં લખે કે 'ભાઈ, તમે આ બધી રીતો અજમાવો છો, પણ એ બધી તમારી સામે આવશે. જ્યારે એ સામે વપરાશે ત્યારે પંચાત પડશે !' ગાંધીજીએ જવાબ આપેલો કે 'હું કબૂલ કરું છું કે આ સામે વપરાશે. પણ મને આ સરકાર સામે થવાનો બીજો રસ્તો સૂઝતો નથી. આ સરકાર જવી જ

જોઈએ એવો મારો દઢ નિશ્ચય છે. એટલા માટે યોજું છું.' વર્ષો પહેલાં જે કાંઈ થયું છે એનું પુનરાવર્તન થયા જ કરે છે-આવો એક ઈતિહાસ છે. માટે આપણે જે કંઈ કરીશું એ આપણી સામે આવશે એ બીકથી આપણે કરવાનું ન કરીએ તે બરાબર નહિ. તમે પણ જાણો તો સારું !

બહુ વિચારવંત માણસ શ્રીનિવાસ શાસ્ત્રી. એમનું થિંકિંગ ડીપ અને સ્પષ્ટ. ગાંધીજી વિશે લખે, પણ અદેખાઈ વિના. ગાંધીજી પણ શ્રીનિવાસ શાસ્ત્રીનું લખાણ વાંચતા. પણ પોતાની વિરુદ્ધ લખનાર એની બિસન્ટનું નહિ વાંચતા, કારણ કે શાસ્ત્રી રાગદ્વેષ વિનાના માણસ. મદ્રાસમાં એ માંદા હતા ત્યારે ગાંધીજી ત્રણ વખત મળવા ગયેલા. ગાંધીજી બહુ વિવેકવાળા.

*'ગ્રહ-ગ્રહણ', પહેલી આ., પૃ. ૧૬*

• • •

## ગાંધીજી વિશે વિચારતાં સાવધાન

કૃપા કરીને કોઈ પણ કાળે તત્ત્વજ્ઞાનની ફિલસૂફીની ચર્ચામાં કદી પણ ભાગ લેવો નહિ અથવા તો તેમાં ઊતરવું નહિ અથવા એવા જુદા જુદા પ્રકારની શાખાઓના તત્ત્વજ્ઞાનના વિવરણમાં પણ અને તેની સરખામણીમાં પણ કદી પણ ઊતરવું નહિ. તેનાથી કશું પામી શકવાના નથી. તેનાથી સાચી સમજણ પ્રગટે છે, એ હકીકત પણ તદ્દન ભ્રમણા છે. તેમ જ જીવંત કે જેમના શરીરની હયાતી નથી એવા મહાત્માઓનાં જીવનમાંથી પ્રગટેલા તત્ત્વજ્ઞાનની કદી પણ સરખામણી કરવાનું કરશો નહિ અથવા તેમના તેમના તે તે તત્ત્વજ્ઞાન (ફિલસૂફી)ની અને તે તે ઠેકાણે થતી રહેતી

સાધનાની બાબતમાં અથવા તો તેમના જીવન વિશે આપણાથી કોઈ પણ જાતનો અભિપ્રાય ન બંધાય કે ઉચ્ચારાય તે આપણે માટે હિતાવહ છે. એક મગતરું હાથીને તોળવા જાય તેના જેવી તે હકીકત છે. તે તે મહાત્મા પુરુષોનું જીવન અને તે તે આત્માઓની જીવંત એવી પ્રતિભા અને તેમના જીવનમાં પ્રગટેલું જે ચેતન છે, તેની અપેક્ષાએ આપણે તો નર્યા હજી જીવદશાવાળા છીએ, તેવા આપણે તેમને માપવાને મથીએ તે આપણી એક નંબરની મૂર્ખામી છે.

વળી, આપણામાંના કેટલાક તો તેવા તેવા મહાત્માઓના તત્ત્વજ્ઞાનની અને તેમની તેમની કક્ષાની એકબીજાની સાથે સરખામણી કરતા જોયેલા છે. ત્યારે મને જરૂર ખેદ થતો હોય છે, કે 'અલ્યા, ભાઈ ! તમે હજી સાધનાના ક્ષેત્રનું એક ડગલું તો ભરી શકતા નથી, ત્યાં તમે તે તે લોકના જીવનમાંથી પ્રગટેલા તત્ત્વજ્ઞાનને શી રીતે સમજી શકવાના છો ? 'એવી કોરી કોરી ચર્ચા કરવાનો કશો અર્થ નથી. તેવી કોરી ચર્ચા તરફ આપણાં મન ને બુદ્ધિ ન વળે તે તો ઘણું ઘણું ઉત્તમ છે. તેવો સળવળાટ અને બુદ્ધિમાં ચળ પ્રગટતાં હોય તો તેને કૃપા કરીને વારજો. આપણે તો તે તે મહાત્માઓએ કે મહર્ષિઓએ જીવનમાં જેમ તત્ત્વજ્ઞાનને અનુભવ્યું, તે પ્રમાણે તત્ત્વજ્ઞાન આપણા જીવનમાં અનુભવી લેવાને મથવાની પ્રેરણા તેમની કનેથી મેળવવાનું કરીએ, તો તે ઉત્તમ ગણાય. જે કોઈના તત્ત્વજ્ઞાનની સમગ્રતાનો આપણને પૂરેપૂરો અભ્યાસ નથી અને ધારો કે બુદ્ધિની સમજણનો અભ્યાસ હોય તોપણ જેનું આપણને અનુભવજ્ઞાન નથી તેવી દશામાં આપણે તેને

તોલવાનું કરવું એ આપણે માટે તદ્દન અયોગ્ય છે. આ વાત મારે તમને બધાંને ખાસ ભાર મૂકીને કહેવાની છે. કેટલાયને મેં 'મહાત્મા ગાંધીએ અમુક અમુક ભૂલો કરી' એમ કહેતાં સાંભળ્યા છે. ત્યારે મને થાય કે 'અલ્યા ! ભલા આદમી ! તેના જેવું દૈવત તો તું દાખવ ! ને એવું દૈવત પ્રેરાવવાને કાજે તેમનો તું દાખલો લે, તો તે રચનાત્મક દૃષ્ટિ થઈ ગણાય.' આપણા જીવનવિકાસના ધ્યેય પરત્વે જરા સરખી પણ ગતિ પ્રેરાય એવી રીતે તેવા મહાન આત્માઓ પાસેથી પ્રેરણા મેળવવાનું જો કરી શકતા હોઈએ, તો તેવું આપણા માટે શ્રેયસ્કાર છે, પરંતુ તેવું તો ત્યારે જ બની શકશે કે જ્યારે આપણું હૃદય તેમના તેમના પરત્વે પ્રેમભક્તિથી ને તેના ભાવથી રંગાયેલું હશે.

પ્રભુકૃપાથી આ જીવને કદી પણ કોઈની તુલના કરવાનું દિલમાં જાગ્યું નથી. દરેક પાસેથી કેમ કરીને કંઈક આગળ વધવાની પ્રેરણા મળે અને જીવનમાં જીવદશાનાં વિચાર, વૃત્તિ ને વલણમાંથી કેમ કરીને મોળું પડાય તેવાં જ એકમાત્ર મારાં તો દૃષ્ટિ, વૃત્તિ ને વલણ સદાય એકધારાં જીવતાં રહ્યાં કરતાં હતાં. એવા ભાવથી ભરેલાં મન, મતિ, દિલ એકધારાં જીવંત  પ્રેરાયેલાં જેને રહે છે, તેને આવું બધું સૂઝતું જ હોતું નથી કે ઊગતું પણ હોતું નથી. કેટલાક સ્વજનને જ્યારે આવી બાબતમાં ચર્ચામાં કે વાતચીતમાં ઊતરી પડેલા જોવાનું બને છે,ત્યારે તો તેમાંથી મને આપણી પામરતાનું ને ક્ષુલ્લકતાનું જ દર્શન થાય છે. કોઈને મારી તેમના પરત્વેની

સમજણ યોગ્ય ન પણ લાગે, પરંતુ મને તો જેવું લાગે છે, તે મેં તમને લખ્યું છે. પ્રભુકૃપાથી ચેતવું હોય તે ચેતે.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૨૯૪-૨૯૬*

• • •

## ભાવનાની ભૂમિકામાંથી ગાંધીજીનું કાર્ય

આજે ઘણા રાગદ્વેષ, સાહેબ. આ ટંટાફિસાદ એટલા બધા વધી ગયા. આ કૉંગ્રેસવાળા પણ માંહોમાંહે પક્ષો પાડીને સમાજને હેરાનગતિ ઉપજાવે છે. સત્યાગ્રહ ભલે કરાવે-ના નથી કહેતા આપણે, ભઈ. પણ એમાં નિર્દોષ માણસો બિચારા માર્યા જાય છે. ગાંધીજી એમ કરાવતા, પણ સાથે સાથે એ સમાજમાં ભાવના પણ જગાડતા. જોકે સમાજનાં માથાં એણે ફોડાવ્યાં, લાઠીઓ ખવડાવી, લોકો મરી પણ ગયા, જેલમાં પણ ઘણાં ગયાં, પણ તે કાળે ભાવનાનો જે ધોધ ઊછળતો હતો તે કાળના દિવસો જે કોઈ યાદ કરે તેને મારી વાત સાચી લાગશે. એ ભાવનાનો ધોધ જે તે કાળે ઊછળતો હતો તે આજે નથી. એ ભાવનાની ભૂમિકામાં ગાંધીજીએ આ બધું કરાવ્યું છે.

ગાંધીજી એટલા બધા રાગદ્વેષથી મુક્ત હતા કે એના ભારેમાં ભારે વિરોધીઓની સાથે પ્રેમ કરતા. અનુભવની સાચેસાચી હકીકત છે. એની બિસન્ટ હતાં. પોતે પણ દેશભક્ત. સરકારે એમની ધરપકડ કરી ત્યારે ગાંધીજીએ એમને છોડાવવાને માટે તૈયારી કરેલી. ગાંધીજીએ Non-co-operation અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે એની બિસન્ટ રોજ મદ્રાસથી છાપું કાઢતાં. તેમાં ગાંધીજીની વિરુદ્ધમાં

ઘણું બધું આવે, પણ ગાંધીજી એ જોઈ જાય. ઘણાય લોકો કહે, 'અરે ! બાપુ, તમે આ શું કરવા વાંચો છો ?' તો કહે, 'નહિ, એ પણ બધું જોવું જોઈએ. આપણા વિરોધમાં હોય તે પણ જોવું જોઈએ. વળી, એવો પ્રસંગ નીપજે તો એવા માણસોને પણ એ મળતા. અને એમના વિરોધમાં જેણે જેણે લખ્યું હોય તેને તક મળી છે ત્યારે ગાંધીજી એમને મળ્યા સિવાય રહ્યા નથી. ઘણાય એવા પ્રસંગો એમના જીવનમાં છે. ગાંધીજીના અમારા આશ્રમમાં પણ કેટલાય બધા ! તો કેટલાક કહે કે 'આને આટલો બધો સમય શું કરવા આપો છો ?' ત્યારે ગાંધીજી એને વધારે સમય આપે ! ગાંધીજીના જે વિરોધીઓ હતા તે જો ગાંધીજી પાસે આવે, તો એને સમય વધારે આપે. ત્યારે એ પ્રત્યક્ષ જીવનમાં એને જેણે વર્તી બતાવ્યું છે તેમણે વિરોધીઓ પરત્વે આટલો બધો રાગદ્વેષથી મુક્ત સદ્ભાવ દાખવ્યો છે. એવી સ્થિતિમાં એ પ્રજાને અસહકાર કરાવતા.

આજે...આજે એવા માણસો મળવા દુર્લભ છે. હશે, નહિ હોય એમ નથી. ભલભલી પૃથ્વી પડી છે. એમાંય રત્નો પડ્યાં છે-હશે. કાંઈક નહિ હોય એવું મારું નથી કહેવું, પણ આજે એ વાતાવરણ નથી. જેવો ભાવ ઊછળતો હતો એવા ભાવની ભૂમિકાનો ધોધ આજે નથી. એવો ભાવ ઊછળતો હતો તેથી તો હજારો જુવાન છોકરાં-છોકરીઓએ બધાંએ ત્યાગ કર્યો છે. માથાં ફોડાવ્યાં છે. અને તે કાળે સમાજ પોલીસના ભયંકર અત્યાચારોની પણ સામે થયેલો છે. એ ભાવનાના ધોધને લીધે અને એ સ્થિતિમાં, એ ભૂમિકામાં ગાંધીજીએ આ સત્યાગ્રહ ચલાવ્યો છે. આજે એ ભૂમિકા નથી. તોપણ

સત્યાગ્રહ ચાલે છે. એમાં બિચારાં નકામાં નિર્દોષ લોકો અને સમાજને ઘણી હેરાનગતિ ભોગવવી પડે, પણ સમાજને એનું ભાન નથી. બધા હઈસો હઈસોમાં બધા ઊછળે છે. ઊછળવા દો. હું તો કહું થવા દો. પણ મારી છેવટે એક જ પ્રાર્થના છે ભાઈ. સ્વાર્થ તો તમારે કરવો જ પડશે. એ સિવાય છૂટકો નથી, પણ સાથે સાથે પરમાર્થ કરશો.

*તા. ૪-૨-૧૯૭૨ દીક્ષાદિનની ઉજવણી પ્રસંગે પૂજ્ય શ્રીમોટાના પ્રવચનમાંથી*
*'શ્રીમોટાવાણી' નં. ૧, પહેલી આ., પૃ. ૩૮ થી ૪૦*

• • •

## ગાંધીજીનો દોષ નથી

ભગવાનમાં ચિત્ત રાખીને-ભગવાનમાં ભાવ રાખીને કર્મ કરે તો કર્મના ઓછા સંસ્કાર પડે. એમ કરતાં કરતાં બિલકુલ નીકળી જાય. કર્મ કરતાં રહેતાં હોવા છતાં, ભગવાનના ભાવથી કર્મના કોઈ સંસ્કાર પડે નહિ, કારણ કે તમારાં મનાદિકરણમાં ભગવાન જ પ્રીડોમીડન્ટ છે, પણ જે ભગવાનને માનતો જ ન હોય તેને માટે આ યોગ છે. પણ એમ કરતાં કરતાં આ રીતે વર્તે તો તેનામાં ભાવ આવ્યા વગર રહે જ નહિ. પાંચ-દસ-પંદર વાર આ રીતે કર્મ આચરતો થાય. એનાં મનાદિકરણ કર્મના વિચારમાં રહે. અને કર્મની જોડે જોડે પ્રવર્ત્યા કરે. અને કર્મમાં જ તાદાત્મ્ય રહે, તો મુખ્ય વાત 'વનનેસ (=એકરૂપતા) આવી જાય. 'વનનેસ' આવી ગઈ, તે પછી એને 'ટર્ન' (=વળાંક) થતા વાર ના લાગે. પછી એમાં વળી જાય. પછી એ સામાન્ય માણસ મથતો હોય તેના કરતાં એકાગ્રતાને લીધે બહુ આગળ વધી જાય. કર્મની સાથે

જ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણને જોડેલાં રાખી શકે, એવી શક્તિ એનામાં આવી ગયેલી છે તે કરી શકશે. બાકીના ન કરી શકે. આ તો એક રસ્તો બતાવ્યો. ભગવાનને ના માનતા હોય તોપણ આ રીતે આગળ જતાં જતાં એનામાં ભાવના જાગ્યા સિવાય રહે નહિ.

એક એવો સંવાદ પણ છે-કદાચ બનેલી હકીકત પણ હોય-મારા ગુરુમહારાજ કોકને વાત કરતા હતા. કોક વેપારી હતો. કોક સાધુ હતો-એ કહે કે 'બનિયા, પૈસા કી ક્યા બાત કરતે હો. પૈસા તો હમારે ભગવાન કે પાસ દો લાખ, તીન લાખ માંગ કે લેતે હૈ, તુમ ક્યા કરેગા-તુમ્હારી જિંદગીમેં ભી નહીં કર સકતે હો' એમ પેલા બે જણ બોલ્યા કરે. એમ મારા ગુરુમહારાજે સાંભળ્યું એટલે વચ્ચે પડ્યા-'મૂર્ખા છો બંને'-બિના સાધન કિયા-સાધન કર્યા સિવાય પેલો વાણિયો પણ નહિ કમાય અને સાધન કર્યા સિવાય ભગવાનની પાસે આવી શકવાની પેલામાં શક્તિ નહિ ગણાય. ખોટાં ગપ્પાં ઠોકો છો. એનો કોઈ અર્થ નથી. એના કરતાં કંઈ કામ કરો. અને કામ ન કરવું હોય તો આ મેદાન સાફ કરો. ચોખ્ખું કરો. ચાલો વાળવું હોય તો વાળો.' એટલે આવા પણ હોય. એટલે આવી રીતે પણ ખાલી વાતો કરનારા પણ માણસો દુનિયામાં હોય. આપણે ત્યાં કામ બરાબર નથી થતાં, એનું કારણ કે કર્મની અંદર સીનસીયારીટી (=નિષ્ઠા), ઓનેસ્ટી (=પ્રમાણિકતા), ડિવોશન (=વફાદારી) સાથે હોતાં નથી. દા.ત. જયપ્રકાશ નારાયણ જે કામ કરે છે, એની સાથે એ જ ભાવથી કેટલા બધા કામ કરતા હોય તો કામ વહેલું ફળે.

પણ બીજા કેટલાય લુચ્ચા અંદર પેસી જાય. એટલે પછી પેલાનું કામ સારું ના થાય. જેમ મહાત્મા ગાંધી હતા. એમનું તો બહુ જ ઉત્તમમાં ઉત્તમ ઈન્ટેન્શન (=આશય) સ્વરાજ મેળવવાનું હતું. આ લોકોની જેવી ભૂમિકા હતી, તેવું સ્વરાજ મળ્યું. એમાં ગાંધીજીનો કોઈ દોષ નથી. સ્વરાજની લડત ચાલતી હતી. એની આખી 'પ્રોસેસ' (=પ્રક્રિયા)માં પણ આ લોકોની ગડમથલ આવી જ જાત, કારણ કે તે બધું આપણા લાઈફ ટાઈમમાં થયું છેને-એટલે કર્મનાં પરિણામની ઉપર આપણે ભગવાનને દોષ દઈએ-કરીએ એ ખોટી વાત છે. તેમાં ભગવાનને કંઈ લેવાદેવા નથી. કર્મનાં પરિણામને માટે જો કોઈ દોષ હોય તો આપણાં મનાદિકરણનો છે. ભગવાનનો કોઈ દોષ નથી. એને ભગવાનની સાથે કોઈ લેવાદેવા નથી.

*'તદ્રૂપ-સર્વરૂપ', પહેલી આ., પૃ. ૧૩૩*

• • •

### ગાંધીજીનું કર્મ અને આજનું કર્મ

**સ્વજન :** મોટા, આપણે કર્મનો વિચાર કરીએ, તો અત્યારે દેશમાં જે બની રહ્યું છે, તેમાંથી ઊગરવા માટે આપણે જાતે મથવું પડશેને ?

**શ્રીમોટા :** જાતે જ મથવું પડશે. સમાજને કોઈ ઉશ્કેરીને એક જાતનો મોટો પ્રવાહ ઊભો કરે તો જુદી વાત છે. બાકી, આખો સમાજ એવી રીતે વર્તે તેવું તો કદાપિ નહિ બને. અને હાલના કાળમાં જે કર્મ છે તે અને ગાંધીજી જીવતા હતા ત્યારે જે કર્મ-એ બે કર્મમાં આસમાન જમીનનો તફાવત છે.

અત્યારે કોઈ પાપ-પુણ્ય, અહિંસા-હિંસાનો ઝાઝો વિચાર કરતું નથી. અને પરિણામ પણ એવું જ આવવાનું છે, નહિ આવવાનું એમ નહિ. અને ઊથલપાથલ થવાની જરૂર પણ છે. એના વિના કશું પણ બનવાનું નથી. જો ઊથલપાથલ ના બની તો આપણા દેશમાં કોમ્યુનિઝમ આવ્યું જ સમજો-નિશ્ચિતપણે. અને અત્યારે લક્ષણો તો દેખાય છે. જરા પણ છાપાં વાંચનારો કોઈ માણસ હોય તો તેને દેખાશે કે સમાજનું આખું વહેણ કોમ્યુનિઝમ તરફ છે. એટલે આપણા દેશમાં આ રાજ્યની સામે ઊથલપાથલ થવી જ જોઈશે, તો આઝાદી ટકશે. એટલે મારી હંમેશાં પ્રાર્થના રહે છે કે જેમ બને તેમ જલદી, વધારેમાં વધારે ઊથલપાથલ થાય. કારણ કે હું તો હંમેશાં-છેક ઓગણીસો એકાવનની સાલથી કહેનારો માણસ છું. આપણા દેશમાં સુધારો નથી આવવાનો. કેઓસ આવવાનો છે. તમારી પાસે મિલકત હોય, ચીજવસ્તુ હોય તો રાખજો-ચીજવસ્તુને સંઘરજો. તો એ 'એપ્રીસીએટ' (=મૂલ્યવૃદ્ધિ) થશે. રૂપિયો 'ડેપ્રીસીએટ' (=મૂલ્યક્ષય) થશે, કારણ કે પૈસાથી માલ સંઘરે અને માલ એપ્રીસીએટ થાય.

*'તદ્રૂપ-સર્વરૂપ', પહેલી આ., પૃ. ૧૩૭*

• • •

## ગાંધીજીના આશીર્વાદ

સ્મરણમાં સાચી શક્તિ રહેલી છે. સ્મરણ 'શબ્દ'માં જ શબ્દનાં મોજાં છે. મોજાંનો આપણા મગજમાં અમુક સ્થળે સ્પર્શ થાય છે. એ સ્પર્શ થાય છે એ એનો અનુભવ છે. એ જેમ જેમ વધારે ને વધારે સ્પર્શ થાય છે, વધારે ને વધારે તેમ

તેમ આપણા મગજમાં જે જુદાં જુદાં કેંદ્રો છે, એ કેંદ્રોને સ્પર્શ્યા કરે છે. એ કેંદ્રોને જેમ જેમ સ્પર્શે છે તેમ તેમ તેને કૃપાનો અનુભવ થાય છે. વધારે વાર સ્પર્શે તો-એ જાણે કે અનુભવની વાત છે !

એ ઉપરથી મેં એક થિયરી ખોળી કાઢેલી. આ જે પાંચ તત્ત્વો છે. આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી. આ પાંચ તત્ત્વોનું આપણું શરીર બનેલું છે. આ પાંચ તત્ત્વો જે શરીર બનાવે છે એમાંથી બધું થાય છે. આકાશમાંથી શબ્દ થાય છે. તેજમાંથી રૂપ. રૂપનું જે દર્શન થાય છે, તે તેજમાંથી થાય છે. વામાંથી સ્પર્શ-આ ખરબચડું છે, આ સુંવાળું છે-એ બધું ભાન આપણને વાને લીધે થાય છે. જળમાંથી રસ. રસ કેવો લાગે છે આપણને ! એ જળને લીધે. આ ખાઈએ-પીએ છીએ. ખાતી વખતે રસ લાગે છે તે જળનો. આ પાંચ તત્ત્વોની પાંચ તન્માત્રા. આકાશનો શબ્દ, તેજનું રૂપ, વાનો સ્પર્શ, જળનો રસ, પૃથ્વીની સુવાસ.

હવે, આકાશ અને શબ્દ એ બંને ઓતપ્રોત છે. કહેવાય જુદા. આકાશ અને શબ્દ બોલાય જુદા, પણ બંને એકમેકથી જુદા નથી. બંને ઓતપ્રોત છે. હવે આ પાંચ તત્ત્વો થયા. એના ત્રણ ગુણ-સત્ત્વ, રજસ અને તમસ. આકાશને સત્ત્વની સાથે સંબંધ. આકાશ દેખાય નહિ, તેવી રીતે સત્ત્વ પણ નહિ દેખાય, અને સત્ત્વમાં નિર્મળતા હોય. આકાશના જેવી. તેજ અને વામાં અત્યંત મોમેન્ટમ (=વેગ). સુમાર વગરનું મોમેન્ટમ. જેની ધારણા ન થઈ શકે તેવું મોમેન્ટમ છે. તેજનું પણ તેવું. વા અને તેજની સાથે રજસનો સંબંધ. જળ અને

પૃથ્વીમાં અત્યંત ઇનર્સીઆ (=જડતા). જળ અને પૃથ્વી તત્ત્વ તમસની સાથે જાય. આમ, પૃથ્વી અને જળનો તમસની સાથે, તેજ અને વાનો સંબંધ રજસની સાથે અને આકાશનો સંબંધ સત્ત્વની સાથે. હવે, આકાશ અને શબ્દ બંને એક છે. ઓતપ્રોત છે. એ શબ્દ જ્યારે આપણને એકાકાર થાય, આપણામાં સમગ્રપણે થાય, તો આપણે આકાશમાં ફર્યા એ તો સમજાય તેવી વાત છે. આકાશ મોખરે આવે એટલે સત્ત્વ મોખરે આવે. જો સત્ત્વ મોખરે આવે તો રજસ અને તમસ ગૌણ બની જાય. રજસ અને તમસ ગૌણ બને એટલે- કામક્રોધાદિ વિષયો છે-રજસ અને તમસ ગૌણ બને. એ ગૌણ બની જાય એટલે આ પણ બધા ગૌણ બની જાય. એટલે શબ્દનો કેટલો મોટો ચમત્કાર-રૅશનલી (=વ્યવહારુ રીતે) સમજાવી શકાય! આની પાછળ મેં બહુ મથામણ કરેલી. કોઈ ઠેકાણે તમને આવું નહિ મળે. 'ભાઈ, આ ભગવાનનું નામ લેવાથી આ કામક્રોધાદિ કેમ ઘટે છે ?' મેં ઘણાને પૂછેલું. તો કહે, 'એ તો શ્રદ્ધાનો વિષય છે.' ગંગેશ્વરાનંદજી, વિદ્યાનંદજી, ગોદડિયા મહારાજ, જાનકીદાસ મહારાજ એવા બધા તે કાળના પુરુષોને મેં પૂછેલું. તો કહે, 'યહ વેદાંત કી બાત હૈ, સાલા બેવકૂફ હૈ, યગ તો શ્રદ્ધા કી બાત હૈ.' પણ એનાથી મને સંતોષ નહિ થયેલ સાહેબ. એ જે કરીએ છીએ તે કન્વીન્સ (=સમજાવું) થવું જોઈએ. જે કંઈ કરીએ તે રૅશનલ થવું જોઈએ. હું નદી કિનારે જ્યારે ધ્યાનમાં બેઠેલો ત્યારે મને આ જ્ઞાન થયેલું. મેં મહાત્મા ગાંધીજીને વાત કરી. બહુ ખુશ થયેલા. મને લખ્યું, 'છોકરા, તું આધ્યાત્મિક વિજ્ઞાનનો

સાયન્ટીસ્ટ થજે.' આ દુનિયામાં સાયન્ટીસ્ટ ઘણા બધા થયા છે, પણ આ આધ્યાત્મિક વિજ્ઞાનનો તું સાયન્ટીસ્ટ થઈશ. આ તેં બહુ સુંદર ખોળ્યું. તદ્દન સાચી વાત છે. નામસ્મરણ ઉપર કોઈ જગ્યાએ-કોઈ શાસ્ત્રમાં પણ હશે કે કેમ તે મને શંકા છે. આ તેં બહુ સુંદર ખોળ્યું. આ તો બહુ રૅશનલ છે. સ્મરણ ઉપરના આ વિવરણથી સ્મરણને યજ્ઞ કહ્યો છે, તે હવે મને યોગ્ય રીતે સમજાય છે.

*'તદ્રૂપ-સર્વરૂપ', પહેલી આ., પૃ. ૧૦૦*

• • •

## રક્તપિત્તિયાની ગાંધીજીની સેવા

**સ્વજન :** મોટા, તમે કહ્યું કે રક્તપિત્તવાળાય..અનુભવી હોય ?

**શ્રીમોટા :** હોય, પણ ફોગાઈ ગયા હોય અને એ જ્ઞાની હોય. નિમિત્તના હિસાબે કહો કે કંઈ શરીરના કારણને અંગે રોગ થયેલો હોય. એ ચેપી રોગ નથી. ગાંધીજીએ પણ ઘણીવાર રક્તપિત્તિયાની ઘણી સેવા કરેલી. બહુ મોટા વિદ્વાન હતા પરચુરે શાસ્ત્રી. એ અનુભવી કેટલા હશે એ નથી ખબર મને. એ કંઈ ગાંધીજીએ કહેલું નથી, પણ ગાંધીજી એમની પ્રેમથી સેવા કરતા. એના ઘા ધોતા કરતા. ગાંધીજીનો હંમેશાં નિયમ જ.

*'જન્મ-પુનર્જન્મ', પહેલી આ., પૃ. ૮૫*

• • •

## 'અનુભવી' વિશે ગાંધીજીની મર્યાદા

એ અનુભવી અહિંસામાં તો હોય જ. છતાં પણ જડ ઉપર તો ભયંકર હિંસા કરે છે. અત્યાર સુધીમાં કોઈએ ના

કરી હોય એવી ભયંકર હિંસા એ કરે છે, પણ એમ તો કોઈ માની જ ના શકે કે જગતની દૃષ્ટિએ જે જે સારું કહીએ કે ખોટું કહીએ, પણ એ બધું પ્રકૃતિની દૃષ્ટિએ છે. એને તો પ્રકૃતિ છે જ નહિ. આપણે બધાં માત્ર માનીએ છીએ. એટલે એ તો જે કરવું ઘટે તે કરે. આ કુંભાર છે, તે ઘડવાને માટે કેટલાં બધાં ટપલાં મારે છે, તેવી રીતે એ પણ અમુક શેપ (=આકાર) આપવાનો હોય અથવા તો અમુક કારણ એનું પોતાનું હોય, આપણે તે સમજતા નથી. એ કારણને માટે પણ કરે ! હવે આ બીજાં બધાંની શી વાત કરું ? પણ મહાત્મા ગાંધી જેવા પણ સ્વીકારી શકતા ન હતા કે અનુભવી પુરુષ હિંસા કરે ! એમણે લખ્યું છે કે નહિ તેની મને ખબર નથી.

*'તદ્રૂપ-સર્વરૂપ', પહેલી આ., પૃ. ૧૧૩*

• • •

## ગાંધીજીનું સૂચન

આપણે પૂરેપૂરા ભક્ત થયા ન હોઈએ ત્યાં સુધી ભગવાનને જે તે વાત કહેવામાં વાંધો નહિ. જેવી રીતે બાળક, મા પાસે ગમે તે માગે. બાળકનો સ્વભાવ જ હઠનો. આપણે એની અમુક હઠ પોષવી જોઈએ, તો એનું અહમ્ સારું થાય, એસર્ટીવ (=નિશ્ચયાત્મક) થાય. તમે જો પાંચ વર્ષ સુધી એના કહ્યા પ્રમાણે ન કરો તો બાળક મોટો થઈ એસર્ટીવ નહિ થાય. આવું શાસ્ત્ર અમારે જાણવું પડેલું. અમારે હરિજનોનાં છોકરાંઓને ભણાવવાના હતા. ગાંધીજીએ કહેલું કે 'એમ ને એમ ન ચાલે-બધું વાંચો'-ખાસ કરીને મૉન્ટેસોરીનું લખાણ

વાંચેલું એ બાઈ ઋષિકોટિની થઈ ગઈ. એને સારી નોકરી હતી એ છોડીને આમાં પડેલી. હલકી વર્ણનાં છોકરાંઓ પર પ્રયોગ કરીને એ બાઈ આગળ વધેલી. માણસ જ્યાં સુધી પ્રખ્યાત થયો હોતો નથી ત્યાં સુધી વાંધો આવે છે, પણ પ્રખ્યાત થયા પછી કશો વાંધો નથી આવતો. એને સરળતા મળે છે. એવી રીતે મૅડમ મૉન્ટેસોરીને ઘણી સરળતા મળેલી.

*'અન્વય-સમન્વય', પહેલી આ., પૃ. ૪૭*

• • •

## મહાત્મા અને એમનાં પત્ની

**સ્વજન :** મોટા, ભાવ અને અહમ્‌ને કંઈ સંબંધ ખરો ?

**શ્રીમોટા :** જે તે ટકેલું છે અહમ્‌ને લીધે, ભાવ પણ અહમ્‌ને લીધે ટકેલો છે, પણ એ અહમ્ એ દૈવી પ્રકારનો ભાગ છે. ચેતનનો એ ભાગ છે. આત્માનું કે ચેતનનું વ્યક્ત થવાનું અહમ્ છે. તે પ્રકારનું વ્યક્ત થવાનું છે તે ભાવ છે.

ભાવ મૌલિક સ્વતંત્ર લાગે છે, પણ આવા પ્રકારનો આધાર છે.

**સ્વજન :** શક્તિ અહમ્‌માંથી ઊપજે છે ?

**શ્રીમોટા :** અહમ્ પોતે જ શક્તિ સ્વરૂપ છે. એ નિમ્નગામી પણ છે. નીચલા પ્રકારનું કર્મ કરનારી શક્તિ છે. ચાતુર્ય, ડહાપણ, હોશિયારી વગેરે બધું અહમ્‌ને લીધે છે. ગુણનું અસ્તિત્વ અહમ્‌ને લીધે છે. ભાવ ગુણ કરતાં ચડિયાતી સ્થિતિ છે. ભાવ નિરાકાર અને ગુણ સાકાર છે.

દરેકમાંથી મમત્વ ઘટતું જાય ત્યારે સમજવું કે આપણું અહમ્ ઘટે છે. વિચાર કરી કરીને કર્મ ન થાય. આપમેળે

કર્મની સ્ફુરણા થાય. સ્વયં પ્રેરણાથી કર્મ થાય. અહમ્ ઘટતું જતું હોય તો વિચારોની પરંપરા ઘટે. વિચારો કરી કરીને કર્મ ન થાય ત્યારે મમત્વ ઘટતું જાય છે એમ પ્રમાણવું.

જે કાંઈ થવાનું હોય તે પ્રેરણાથી થાય. આશા-અભિલાષા ન થાય. આંતરસ્વરૂપ વધારે ચેતનવાળું થાય, એટલે પ્રેરણાથી થાય. નિર્વિચારપણાની સ્થિતિ પ્રગટતી જાય.

પછી પઝેશનની વૃત્તિ નીકળી જાય. 'આ મારું છે' એ વૃત્તિ ઘટી જાય. એ કંઈ કશાને પકડી ના રાખે. આગ્રહોને નીકળી જતા અનુભવે.

અત્યારે બુદ્ધિથી એમ લાગે છે કે કર્મ કોક શક્તિથી થાય છે, પણ અહમ્ મોળું પડે ત્યારે એનો આપણને અનુભવ થાય. દૈવી પ્રકારનું અહમ્ થયું હોય ત્યારે આવું થાય.

દૈવી પ્રકારના અહમ્માં તર્ક, વાદવિવાદ, ચર્ચા ન હોય. બુદ્ધિ શ્રદ્ધાથી દોરવાય. પ્રાણમાં સદ્ભાવ ને સમભાવ રહે. મનમાં વિચારોની પરંપરા ન ઊઠે. બુદ્ધિમાં સદ્ભાવથી પ્રેરાયેલું જે ઊઠે એની પાછળ મન ચાલે. સંકલ્પ વિકલ્પ ના કરે.

સમજણ પણ આપમેળે સૂઝે. 'હું આ કરીશ, તે કરીશ' એવા વિચારો ન આવે. કર્મની સમજણ પણ આપમેળે ઊગે. સમાધાનની વૃત્તિ રહે. કોઈની સાથે તકરારમાં ઊતરી શકાય નહિ. એનાં મનાદિકરણની એવી વૃતિ થઈ જાય. જેમ થતું હોય તેમ થવા દે.

પ્રત્યક્ષ વહેવારમાં એવો માણસ કેવી રીતે વર્તે ? ગરીબાઈને લીધે ઘરમાં જોઈતું ના લાવી શકું, ત્યારે મારી મા મને બોલે. હું શાંત જ રહું એમ વધારે ગુસ્સે થાય. હું કંઈ બોલું નહિ.

ગોધરાના પુરુષોત્તમ ભગત થઈ ગયા. એમને 'બાપજી' કહેતા. એમનાં પત્ની કર્કશા હતાં. ઘણું લઢે. ગાળો ભાંડે. તોપણ એ તદ્દન શાંત રહેતા. કશું બનતું નથી એમ જ માને. મારે પણ ખરાં. તોપણ એનો પ્રત્યુત્તર ના આપે. બહારનો માણસ પણ સ્વભાવથી ગુસ્સે થાય તોય શાંત રહે.

**સ્વજન :** અહમ્ ઊર્ધ્વ પ્રકારનું દૈવી થાય એ દ્વંદ્વાતીત સ્થિતિ ગણાય ?

**શ્રીમોટા :** ના. પણ દ્વંદ્વાતીત પહેલાંની સ્થિતિ હોય છે. આ વખતે કોઈક કહે પણ ખરા કે 'તારા મોઢામાં મગ ભર્યા છે, કેમ બોલતો નથી ?' મારી મા મને કહેતી. પણ જ્યારે એ શાંત થાય ત્યારે એને વહાલ કરીને કહું ખરો કે 'બા, તું અમસ્તી ગુસ્સે થાય છે. પૈસા ન હોય તો કશી વસ્તુ શી રીતે લાવું ? તમને બધાંને અડચણ પડે એવું મારું મન થોડું હોય ? વસ્તુ વિના તને અડચણ પડે ને બોલે તે હું સમજી શકું છું.' આવી રીતે હું હસી-હસાવીને સમજાવું ખરો. કસ્તૂરબા કેટલીક વાર ગુસ્સે થઈને ગાંધીજીને કહે કે 'તમે ઘણી બહેનોને ને પુરુષોને વખત આપો છે. અને મને એકલીને જ તમારી સાથે વાતો કરવાનો વખત નથી આપતા ! જાણે બિલકુલ વહેવાર જ ન હોય એમ વર્તો છો.'

ગાંધીજી કહે, 'બા, તમારી વાત કહેલી સાચી છે. રાત્રે સૂતી વખતે તમે મારા પગ દબાવો છો તે વખતે વાતો કરવી.' કસ્તૂરબા પગ દબાવે એટલામાં તો ગાંધીજી ઊંઘી ગયા હોય ! એટલે કસ્તૂરબાને એમ થાય કે ક્યાં જગાડવા ? એટલે વાત કરવાની રહી જાય. પછી કહે, 'તમે વખત આપો છો ત્યારે

તો તમે ઊંઘી જાઓ છો !' 'મારી દયા શું કરવા ખાવ છો ? હું તો સાંભળીશ.' આવી તકરાર થતી. રામદાસ-દેવીદાસ ક્યાંક પરગામ જવાના હોય તો નાસ્તા જેવું બનાવી આપે, તો ગાંધીજી કહે, 'આશ્રમના બીજા છોકરાઓ જાય છે ત્યારે તમે બનાવો છો ?' બધાંને માટે હું ક્યાં બનાવું ? તો ગાંધીજી કહે એમ ન ચાલે. આપણે બધાંને સરખા ગણવાના છે. માટે ન બનાવાય !-એવી પણ રમૂજી તકરાર થતી. ગાંધીજી પોતાના છોકરા માટે ન કરવા દે, પણ કસ્તૂરબા મા રહ્યાં એટલે મન થાયને !

કસ્તૂરબા ઘણાં ઉદાર હતાં. બીજા છોકરાઓ પ્રત્યે પણ વહાલ રાખતાં, પણ આવું હોય ત્યારે એમનાથી આમ વર્તી જવાય. ગાંધીજી આવું પસંદ ન કરે.

*'અન્વય-સમન્વય, પહેલી આ., પૃ. ૮૨ થી ૮૪*

• • •

## ગુજરાતી ભાષા વિશે ગાંધીજી

મેં આ **'જીવનઘડતર'** પુસ્તકમાં સાહિત્યનો કદી વિચાર કર્યો નથી. મારી પાસે સાહિત્યની વાત કોઈ નથી. મારે તો સીધેસીધું સમાજને સમજાઈ શકે એવી ભાષામાં જે તે કંઈ મૂકવું છે. એવો મારા ગુરુમહારાજનો હુકમ છે. આમ તો ભણેલો છું. B.A.માં મારો વિષય ગુજરાતી હતો અને B.A.માં મેં ગુજરાતી ઑનર્સ લીધું હતું. અને ઈન્ટર સુધી સંસ્કૃતના વિષયમાં ઘણા ઊંચા ૮૦ થી ઉપર ગુણ મને મળ્યા હતા. એ ઉપરથી તમે સમજી શકશો કે હું સારું ગુજરાતી લખી શકું એવી સ્થિતિમાં તો છું, પણ ૧૯૨૦ની સાલમાં

જ્યારે ગુજરાતમાં સાહિત્ય પરિષદ ભરાઈ, ત્યારે એ સાહિત્ય પરિષદમાં આપણા ગુજરાતના મોટામાં મોટા નામાંકિત એવા કવિઓ હતા. એવા કવિઓની આગળ અને શ્રીયુત ટાગોર સાહેબ પધાર્યા હતા તે વખતે, મહાત્મા ગાંધીએ બિલકુલ શરમ કે સંકોચ રાખ્યા વગર, આ બધાંની શેહમાં તણાઈ ગયા વગર, જે ઉચ્ચારો કર્યા હતા, તે ઉચ્ચારો હજુ મારા મનમાં રણકે છે કે 'આપણું સાહિત્ય તો એવું હોવું જોઈએ કે ખેતરમાં કોશિયો કોશ ખેંચતો ખેંચતો એ ગાય અથવા તો એ સમજી શકે. ગામડાનો માણસ પણ એ સમજી શકે, એવી સરળમાં સરળ ભાષામાં આપણે બધાંએ લખવું જોઈએ.' એ વાત કહી અને એ બોલતા હતા ત્યારે શ્રી નરસિંહરાવભાઈ બોલેલા કે 'Impossible, Impossible' અશક્ય, અશક્ય ! એમ એ શબ્દો બોલેલા તે હજુ પણ મારા કાનમાં રણકે છે. ત્યારથી મારા દિલમાં એમ પણ લાગેલું કે હવે લખવું તો આ જ જાતનું લખવું. ગાંધીજીની વાત તદ્દન સાચી છે. તે ઉપરાંત, મારા ગુરુમહારાજનો પણ મને હુકમ છે કે દીકરા, તું લખે તો એવું લખજે કે અભણ માણસ પણ સમજી શકે. પહેલાં તો જેલમાંથી હું **'ગીતા'** લખી લાવ્યો, ત્યારે મારી બાને કહ્યું કે મારા એક ભાઈબંધે, સંબંધીએ આ જેલમાં લખી છે. અને એણે કહ્યું છે કે તારી બાને વંચાવજે. અને એને જો સમજણ પડે તો મને કાગળથી જણાવજે તો હું રાજી થઈશ. એટલે મારી બા કહે કે 'વાંચ ભાઈ.' એટલે મેં પહેલો અને બારમો અધ્યાય વાંચી સંભળાવ્યો. અને એ બરાબર સમજી. 'ભાઈ, મને બરાબર સમજણ પડે છે, અને

તારા ભાઈબંધને લખી જણાવજે કે ચૂનિયાએ મને **'ગીતા'** વાંચી સંભળાવી છે, પહેલો અને બારમો અધ્યાય, અને મને બરાબર સમજણ પડી છે. અને તમે બહુ સારી અને સરળ ભાષામાં લખી છે, તે જાણીને રાજી થઈ છું.' હવે આવું કહેવાનું કારણ—મારી બા પાસે કહેવાનું કારણ એટલું જ કે જો મેં મારી બાને કહ્યું હોત કે 'બા ! આ મેં લખી છે અને મારે તને વાંચી સંભળાવવી છે.' તો મારી બા મને એમ જ કહેત કે 'મેર મારા રડ્યા, તું શું લખતો'તો ? તને કશું આવડે નહિને ! વળી, એ વાંચવાની કે સાંભળવાની તૈયારી મારી બા બતાવત જ નહિ. તો એવી સ્થિતિમાં વાંચી સંભળાવું તો એનો કોઈ અર્થ નહિ. એટલે મેં મારી બાને આ રીતે વાત કરેલી.

**'ગીતા'** પણ એટલી જ સરળ ભાષામાં પ્રભુકૃપાથી લખાઈ છે. અને આ બધાં ભજનો પણ, જેને હું જોડકણાં કહું છું-તેને કાવ્ય નથી કહેતો-અને જે કહું છું તે સાચેસાચ કહું છું અને બને તેટલી સરળ ભાષામાં મેં લખેલાં છે અને અભણ માણસ પણ તે સમજી શકે એવી ભાષામાં લખેલાં છે.

*'જીવનઘડતર', પહેલી આ., 'લેખકના બે બોલ'માંથી*

• • •

## ભારતનું ભાવિ

જ્યારે પૂર આવેને, ત્યારે સંગ્રામ નહિ ચાલી શકે. પૂરની સાથે રહીને એને હરાવવાનો પ્રયત્ન કરો એ બહુ વિરલા માણસો કરી શકે. જ્યારે પૂર આવે છે ત્યારે એમાં લોકો ખેંચાય છે. કેટલાક એમાં છાનામાના પડી રહે છે. જાણે

કે અત્યારે બોલ્યાથી કંઈ થવાનું નથી. ને એ કંઈ કહેતા નથી. સિવાય કે એવી કોઈ પ્રેરણા થઈ હોય તો ઠીક છે. આવા માણસો આપણા દેશમાંથી નીકળશે એની મને ખાતરી છે. ભારતમાતા-અમારો દેશ એવો છે કે મર્દ માણસોને સાચવે છે. દુનિયામાં ન જોયા હોય એવા મર્દ અમારા હિંદુસ્તાનમાં થયા છે. આપણી દૃષ્ટિ બહુ ટૂંકી છે. જો આપણે ઈતિહાસ જોઈએ, રમણભાઈ સાહેબ, કેવા મર્દ માણસો આપણે ત્યાં પાક્યા છે-એ સમજાય એવું છે. કાળે કાળે પાક્યા છે. એટલે એના પર મને પૂર્ણ શ્રદ્ધા છે કે દુનિયા જોઈ રહે એવો કાળ આપણા દેશ માટે પાકશે. ફરીથી સ્વરાજ્ય આવશે.

હવે, સ્વરાજ્ય કોઈ ઝૂંટવી લે એવો આ કાળ નથી. જો હોત તો આપણને કોઈકે જીતી લીધા હોત, પણ કાળબળને લીધે આપણે ટકીએ છીએ. કાળબળ જ એવું છે કે કોઈને જીતી લેવા ન દે.

મને પરમ શ્રદ્ધા છે કે પ્રજા તરીકે આપણે ટકવાના છીએ, પણ એ કાળ માટે કોઈ તૈયારી કરતું નથી. જોકે અનેક કાળથી એવું જ થતું આવ્યું છે. એ તો તે કાળે જે બધું થશે એ સારું જ થશે. ઘસડાવાનું હશે એ ઘસડાઈ જશે. જે રહેશે એમાંથી નવું નિર્માણ થશે. આજે ખરું સ્વરાજ્ય છે એ ઠીક નથી. આ તો સુંદર ગાયનું દૂધ દોહીને કૂતરીને પાયા જેવું થયું છે. એમાં કોઈનો દોષ નથી. દોષ સમાજનો છે. ગાંધીજીએ તપશ્ચર્યા કરી, પણ આપણને આવું સ્વરાજ્ય મળ્યું. એનું કારણ આપણી પ્રજાની ભૂમિકા આ જાતની હતી. જે જાતની ભૂમિકા હોય તે જાતનું મળે. ગમે તેટલું તપ કરોને !

એ તપનું પરિણામ તમારી ભૂમિકા પ્રમાણે જ મળવાનું. ભૂમિકા એટલે તમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની ટેન્ડન્સી, તે પ્રમાણે જ તમને મળવાનું. એ વાત એટલી જ ચોખ્ખી છે. જેવા હતા એવું સ્વરાજ્ય મળ્યું. એમાં કોઈનો દોષ નથી. દોષ સમાજનો છે. પણ સમાજને હજી કશું સૂઝતું નથી. ચારેબાજુના પ્રયત્નો ચાલી રહ્યા છે, છતાં ક્યાંય સુસ્થિતિ હોય, વ્યવસ્થા હોય એવું ક્યાંય લાગતું નથી. બધે ટંટા ફિસાદ છે. બધે જ માંહેમાંહે ઝઘડા છે. દક્ષિણમાં કાવેરી વિશે ઝઘડો ચાલે છે. અહીં નર્મદા વિશે વિવાદ ચાલે છે.

વસ્તુ એ છે સંપીને નિકાલ કરવો એ દૃષ્ટિ હજી આપણને આવી નથી. રાષ્ટ્ર તરીકે તો નથી જ આવી. પણ વ્યક્તિઓમાં પણ નથી આવી એમ મારું કહેવું છે. જે કોઈ સવાલ હોય એને સ્પર્શતો ઉકેલ આપણે પ્રેમથી સમજૂતીથી, શાંતિથી કાઢવો એ માટેનો સદ્‌ગુણ આપણામાં પ્રગટેલો છે નહિ. એટલે વાર લાગશે. પણ એને આવ્યા વગર છૂટકો નથી.

*'ગ્રહ-ગ્રહણ', પહેલી આ., પૃ. ૨૫-૨૬*

● ● ●

'...આપણા દેશની સ્થિતિમાં મને આશા છે. આપણે ઘણા પતનની સ્થિતિમાં છીએ. હવે થોડા વખત પછી ચડતીની સ્થિતિમાં આવીશું. ત્યારે આ કૉમ્યુનિઝમ નહિ હોય. બીજું કોઈ સ્વરૂપ હશે. તેનો લાભ બધાંને મળશે.

ગામડાં ને ગરીબોને સરખો લાભ મળશે. અત્યારે માત્ર શહેરી લોકોને લાભ મળે છે. ભવિષ્યે એવું નહિ થાય.

આમાં સમાજની રચનાનો દોષ છે. સમાજે એવું વિચાર્યું નથી કે આપણે સમતોલ થવું જોઈએ. સમાજના નબળા વર્ગને મદદ કરીને ઊંચી સ્થિતિએ આવવાનું જીવતુંજાગતું ભાન નથી. જ્યાં સુધી સમાજની રચના નહિ બદલાય ત્યાં સુધી આ નહિ બદલાય. ગરીબોને અપનાવીએ ત્યારે ફેર પડે.

પહેલાં જ્ઞાતિમાં ગરીબને મદદ કરવાનો ધર્મ પૈસાદારો સમજતા હતા. માત્ર જ્ઞાતિજનોને. એવી રીતે દરેક જ્ઞાતિમાં થાય તો પ્રશ્ન રહે નહિ. પણ ગરીબો જન્મે છે ગરીબીમાં. એમાં એમનો દોષ નથી. જન્મ્યા તે સ્થિતિમાં પડ્યા રહેવું એવો નિયમ નથી. મજૂરી કરીને કમાય, પણ બે પાસાં સરભર થાય એવી વ્યવસ્થા કરવી પડશે.

એવો કાળ આવશે કે ગરીબો બળવો કરશે.

સત્તા તો હંમેશાં વિકેંદ્રિત જોઈએ. તો એનો લાભ લેવાય. ગાંધીજી એમ જ કહેતા. સત્તા વહેંચાયેલી હોવી જોઈએ.

*'ગ્રહ-ગ્રહણ', પહેલી આ., પૃ. ૩૧-૩૩*

• • •

## નામસ્મરણ વિશે ગાંધીજી

જે કોઈ પરિસ્થિતિમાં મુકાવાનું બને, તેનો હેતુ સમજી સમજીને તેમાંથી કેમ કરીને જીવનવિકાસના હેતુને વેગ મળે, તે પ્રમાણે વર્તવાનું આપણે શીખવાનું છે. જે કોઈ જીવ મળેલી પરિસ્થિતિ કે સંજોગોના હેતુનો પોતાની પ્રકૃતિ ને સ્વભાવના વેગથી ધ્વંસ કરી નાખે છે, તે પોતાનો નાશ વહોરી લેતો હોય

છે. હું તમને બધાંને આજે સ્પષ્ટ લખવા માગું છું કે તમારાં પ્રકૃતિ ને સ્વભાવને પારખીને અને તે પ્રકૃતિ ને સ્વભાવને ઊંચે તારવવાને માટે તમને બધાંને તે તે કર્મ પ્રભુકૃપાથી સોંપાયેલાં છે, પણ તે કર્મમાં મને તમારા હૃદયનો થનગનતો ઉત્સાહ ને ભાવ પરખી શકાતો નથી, તે ઊંડા ખેદની હકીકત છે. જીવનવિકાસના સાધકનો ધર્મ મળેલી પરિસ્થિતિનો સ્વીકાર કરવાનો છે. મહાત્મા ગાંધીએ **'હરિજનબંધુ'**માં એક વાર લખેલું કે 'શ્રીપ્રભુના નામસ્મરણથી રોગમાત્ર મટી શકે છે અને જીવનના આ છેલ્લા તબક્કામાં તેવા પ્રકારનો પ્રયોગ કરવાની ઇચ્છા છે, પરંતુ તેમને જેવાં જેવાં સંજોગ અને પરિસ્થિતિ મળતાં ગયાં, તેનો તેનો તેમણે સ્વીકાર કર્યો છે. જીવનના વિકાસની ભાવનામાં મળેલાં કર્મ, સંજોગ, પરિસ્થિતિ-એ બધાંનો યોગયોગ્ય ભાવે અને એ રીતે સ્વીકાર એ તો એક હકીકતની ભૂમિકા છે. એનો જે જીવ ઇન્કાર કરે છે, અથવા તો ઇન્કાર થવાની જે જીવની તે તે પરત્વે વૃત્તિ સળવળે છે, તેવા જીવની આધ્યાત્મિક જીવન વિકસાવવાની લાયકાત નથી, એમ નક્કી સમજવું. તેવા જીવથી આ માર્ગ પરત્વેનું કશું પણ આગળ ડગલું ભરી શકાવાનું નથી તે પણ નક્કી સમજવું. જીવનની મળેલી પરિસ્થિતિનો પ્રેમભક્તિથી સ્વીકાર કરવો એ ઘણું જરૂરનું છે. દિલમાં દિલથી તેમ થતું હોય તો જ મન, દિલ તે પરત્વે બખાળા પાડવાનું કરી શકશે નહિ.

*'જીવનદર્શન', પહેલી આ., પૃ. ૧૬૧*

• • •

...હું તો જપ કરવામાં માનતો જ ન હતો. મારા જેવાથી શું થાય ભાઈ ? પણ મહાત્મા ગાંધીએ કહ્યું મને. કાગળ લખ્યો. ત્યારે તેમણે જવાબ આપેલ 'તું ભગવાનનું નામ લે. રોગમાત્ર મટી જશે. સાધુએ સારું બતાવ્યું છે.' ગાંધીજી તો જપ કરતાં. માળા પોતે સાથે રાખતા હતા. ગાંધીજી ભગવાનનું નામસ્મરણ કરતા. મણિબહેનને કાગળમાં લખેલું, મરતાં પહેલાં ગાંધીજીએ એમ કહ્યું એને. મણિબહેનને, 'ભઈ, બધા મહાત્મા મને કહે છે. પણ મરતી વખતે જો મારાથી ભગવાનનું નામ લેવાય તો જાણજે કે હું ખરો મહાત્મા. જો ના લેવાય તો હું જુઠ્ઠો તદ્દન' એમ કહેલું છે. તો મને દંભી ગણજો. જો ભગવાનનું નામ લેવાય તો ખરો મહાત્મા. ગાંધીજી બોલ્યા છે ખરા. હે રામ, હે રામ, મરતી વખતે.

*'ટેપ પર રેકોર્ડ થયેલા સત્સંગમાંથી'*
*'જીવતાનર સેવીએ', પહેલી આ., પૃ. ૬૬-૬૭*

• • •

## મહાત્મા ગાંધી અને હરિદાસ

**સ્વજન :** મોટા, કાલે તમે જે કહેતા હતા કે બાળકોમાં જ્ઞાન તો ભરેલું જ છે, ખાલી પછી એનો 'એક્સપરિમેન્ટ' (=પ્રયોગ) કરીને એને વ્યક્ત કરવાનું બને છે.

**શ્રીમોટા :** જે કંઈ બધું છે, તે આપણી પોતાની અંદર છે. કંઈ કશું બહારનું નથી. પણ પ્રસંગ મળતાં એ બધું 'વર્કઆઉટ' (=ક્રિયાશીલ) થાય છે.

બાળક છે-એ જન્મે છે ત્યારથી એનું બોલવાનું, જોવાનું સાંભળવાનું છે. એ જ્ઞાનતંતુઓ એટલા સબળ નથી થયા.

કેમ કે એ માના પેટમાં રહેલું, નાનું હોવાથી જ્ઞાનતંતુઓ ભાર ઝીલી શકે એવા મજબૂત થયેલા હોતા નથી. એટલે એ બાળક જે તે બધું 'એક્સપરિમેન્ટ' (=પ્રયોગ) કરીને શીખે છે.

બાળક કાચ તોડી નાંખે તો તમે કહો કે નુકસાન કર્યું, પણ બાળકના મનથી એ નુકસાન નથી, કેમ કે એમાંથી બાળક શીખે છે. તો કોઈ કહે કે 'બાળક દેવતાને અડે તો ?' 'તો અડવા દો'-પણ એ માટે આપણી હિંમત નથી ચાલતી. બાળક એમાંથી શીખે છે કે આને અડવાથી દઝાય છે. એ ફરીથી નહિ અડકે. બાળક ખરેખર દેવતાને અડ્યું અને દાઝ્યું તો રડશે-કરશે, પણ એ સમજી શકશે કે આ નહિ કરાય. આ આપણને નુકસાનકારક છે. આ આપણને દરદ કરે છે, આનાથી આપણને પીડા થાય છે. એ જે કંઈ કરે છે, એ માત્ર શીખવાને માટે, સમજવાને માટે, એક્સપરિમેન્ટને માટે બાળક બધું કરતું હોય છે. આ હકીકતો ચાઈલ્ડ સાયકોલૉજીમાં-બાળમનોવિજ્ઞાનમાં છે. બાળકની અંદર બધું જ છે. એનું તો શાસ્ત્ર પણ છે, અને જ્ઞાન પણ છે. પરમાત્મા વિશેનું કે તત્ત્વ વિશેનું કે ધર્મ વિશે જ્ઞાન પણ છે. તો કોઈ કહે કે 'દેખાતું કેમ નથી ?' એવા વાતાવરણમાં ઊછરતું હોય છે એવા એક વાતાવરણનું જ્ઞાન 'ફોરમોસ્ટ' (=આગળ પડતું) હોય છે. એના વિરુદ્ધ એમ કહી શકાય 'દેવતાના દીકરા કાળા' એવી લોકોક્તિ છે.

દા.ત. મહાત્મા ગાંધીના દીકરા હરિદાસ હતા. એ મહાત્મા ગાંધીને શોભાવે એવા ન હતા, તો એનું કારણ શું ? મા અને બાપ જે કાળ 'કન્સેપ્શનની' (=ગર્ભાધાનની)

તૈયારી હોય ત્યારે બંનેના વિચારો 'કોન્ટ્રાડીક્ટરી' (=વિરોધી) હોય. ગાંધીજી અને કસ્તૂરબા વચ્ચે ઘણો વિરોધ હતો. છેલ્લે સુધી વિરોધ હતો. હરિદાસનો જન્મ થયો ન હતો ત્યારે પણ બંને વચ્ચે વિરોધ હતો.

ગાંધીજીનો એવો નિયમ હતો કે મહેમાનનું બધું જ કામ આપણે કરવું. મહેમાન આવે તો રાત્રે પેશાબ માટે કૂંડું આપવાનું અને એ બધું સવારે ગાંધીજી અથવા કસ્તૂરબાએ 'ક્લીન' (=ચોખ્ખું) કરવાનું-પેલા માણસે નહિ, કેમ કે અતિથિની સેવા કરવાનો આપણો ધર્મ છે, એવી ગાંધીજીની સમજણ. ત્યારે કસ્તૂરબા કહે કે 'તમારું હોય તો કરું, બીજાનું હું કેવી રીતે કરું ? હું આવું નહિ કરું.' ગાંધીજી ચીડાયા અને કહ્યું, 'તમે મારી સાથે નહિ રહી શકો. અહીંયાંથી નીકળી જાઓ.' તો કસ્તૂરબા કહે, 'શરમાવો હવે, તમને ભાન છે કે નહિ ?' તેવા સંજોગોમાં આ હરિભાઈનું પેટમાં હોવું થયું હોય, તો એ બધા સંજોગો બાળકની સાથે આવે છે.

કોઈક માબાપને પાંચસાત છોકરાં હોય. તે દરેકનો સ્વભાવ નોખો હોય છે. તેનું કારણ કે કન્સેપ્શન વખતે માબાપની સ્થિતિનું એમાં પ્રતિબિંબ પડે છે. તે એક કારણે, અને બીજાં એનાં પોતાનાં. એ એક સ્વતંત્ર 'બીઈંગ' (=અસ્તિત્વ) છે. તેને પણ એનાં પોતાનાં કારણો હોય છે. પણ મુખ્ય કારણ આ હોય છે, કે કન્સેપ્શન વખતે તમારા બંનેની સ્થિતિ-પુરુષ અને સ્ત્રી વચ્ચેની માનસિક સ્થિતિ-કેવા પ્રકારની છે, એના પર બાળકના સ્વભાવનો અને બાળકના જીવનનો આધાર હોય છે. એટલે હરિભાઈનો ગાંધીજી સાથે વિરોધ આ પ્રકારે થયો હતો.

હરિભાઈને કસ્તૂરબા માટે માન હતું અને કસ્તૂરબાને હરિભાઈ માટે ઘણું હેત હતું, પણ મા બિચારી શું કરી શકે ? એક વખત ગાડીમાં જતાં હતાં ત્યારે એમની પાસે ઘણાં ફળ હતાં. કોઈ એક સ્ટેશન ઉપર હરિભાઈ ભિખારી હાલતમાં મળ્યા. એમણે તો કહ્યું કે 'મારે ગાંધીજીને મળવું નથી. મારે તો બાનાં દર્શન કરવાં છે.' 'બા-બા' કરતાં કરતાં આગળ આવ્યા-બિચારા ! મળ્યા અને બા સાથે વાતચીત કરી. બાને એ વખતે મનમાં થયું કે આમાંથી દસબાર ફ્રૂટ છોકરાને આપું, પણ ગાડી ઊપડી ત્યારે યાદ આવ્યું, ત્યારે બહુ પશ્ચાત્તાપ કર્યો-અરેરે-મને આટલુંય ન સાંભર્યું-હું 'મા' કેવી ? એટલે ગાંધીજીને લીધે કસ્તૂરબાની માનસિક સ્થિતિ એવા પ્રકારની થઈ ગયેલી. હરિદાસ દીકરો હોવા છતાં એમને 'સ્પોન્ટેનિયસલી' (=તત્કાળ) એમ સ્ફુરી ન આવ્યું કે આમાંથી ફ્રૂટ હરિદાસને આપી દઉં ! બીજું કોઈ હોય તો એને આવી સ્થિતિમાં દીકરાને આપી દેવાનું થઈ જાય, પણ કસ્તૂરબાને એમ નહિ થયેલું, માની બાળક પ્રત્યેની એવી નૈસર્ગિક વૃત્તિ હોવી જોઈએ એમાં ગાંધીજીને લીધે ઘટેલું. હરિદાસને ગાંધીજી માટે બહુ વિરોધ હતો. ગાંધીજીને આઘાત આપવા માટે જ એ મુસલમાન થયેલા. ગાંધીજીને ઘણું લાગી આવેલું.

મતલબ કે માબાપના વાતાવરણની અસર બાળક પર પડ્યા વિના રહેતી જ નથી.

*'ગ્રહ-ગ્રહણ', પહેલી આ., પૃ. ૭૩-૭૪*

• • •

## પૂજ્ય કસ્તૂરબા

કોઈ સાધક સૂચનો પ્રમાણે ન વર્તતો હોય છતાંયે છેલ્લામાં છેલ્લી હદ સુધી એની સાથે હૃદયથી રહું - તેનાથી આગળ પણ જઉં જો જવાય તો, પરંતુ સંબંધ તો તોડાય જ કેમ ? ધારો કે તેવો કોઈ સાધક મને નકારે, મને ફેંકી દે, તિરસ્કારે તોપણ મારાથી તો બીજું થઈ જ ન શકે. આપણે ગમે તેવા થઈ જઈએ છીએ તોપણ ભગવાન આપણને શું નકારે છે ? ખરાબ છોકરાને શું મા ફેંકી દેવાની છે ? કિંતુ જે સાચી મા હોય તે એવા ખરાબ છોકરાને - એની રીતને - ઉત્તેજશે તો નહિ જ. પૂજ્ય કસ્તૂરબા, હરિલાલને રખડવા દે છે. પૂજ્ય ગાંધીજી એવાને સંઘરે નહિ, કારણ કે આદર્શ પ્રમાણે તે જીવવા તૈયાર નથી. કસ્તૂરબાના હૃદયમાં તેથી શું ઘા નહિ હોય કે ? આપણે તૈયાર છીએ એવું વર્તવા ? આપણે તો કેટલીયે દલીલો અને તર્કો કરીશું, - 'શું મારા છોકરાને રાખવાનો મને હક્ક નથી ? તમારો સિદ્ધાંત તો શું મારો સિદ્ધાંત નહિ ?' કસ્તૂરબાએ કદી પણ એવી રીતે પોતાના સિદ્ધાંતને આગળ ધર્યો છે ખરો ? ગાંધીજીના જીવનઆદર્શને પોતાના જીવનમાં અપનાવી લેવા પોતે મરી મથ્યાં છે, જ્યારે આપણે તો આપણું ફેલું જ્યાં ત્યાં આગળ ધર્યા કરીએ છીએ અને પાછા પ્રેમની વાતો કરીએ છીએ.

*'જીવનમંથન', ચોથી આ., પૃ. ૮૩*

• • •

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭
આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮
જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯
સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦
પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧
સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨
તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ — **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં ‘મારું મારું ’ ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ તથા ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને – સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# માનવીની શબપૂજા

જગતમાં જ્યાં ત્યાં જોઉં છું કે માનવી તો એના ગયા કેડે એના શબને માત્ર પૂજે છે. આઘે ક્યાં જવું ? મહાત્મા ગાંધીનો પ્રત્યક્ષ જીવતો દાખલો લ્યોને ? એણે તો પોકારી પોકારીને કહેલું કે 'ભાઈ ! કોઈ મારાં પૂતળાં કે મંદિરો ચણશો નહિ.' પણ આજે સમાજ એના શબને પૂજી રહેલો છે. એના જીવનની મૂળ પ્રાણચેતનાને કોણ સ્વીકારે છે ? એના આદર્શને -એની સંસ્કૃતિને-કોણ વરવા ચાહે છે ?

- શ્રીમોટા

'જીવનપોકાર', બી. આ., પૃ. ૧૩૩